16003113

૨૬૪

નં. 933



વસંત બાલશિક્ષણ

પ્રચારમાળા

ગુચ્છ બીજો

: લેખકો :
ગિજુભાઇ અને તારાબેન

: પ્રકાશકો :
નાનાભાઇ, ગિજુભાઈ
ભાવનગર

૦-૧૧-૦ ૧૯૬૦

પ્રકાશક :
નાનાભાઇ તથા ગિજુભાઈ
વસંત બાલશિક્ષણ પ્રચાર
ભાવનગર

પહેલી વાર : ૧૯૮૫ : ૧૫૦૦
બીજી વાર : ૧૯૯૦ : ૧૧૦૦
૧ : ૧ : ૩૪

મુદ્રક :
પારીખ ભીખાભાઇ ગોપાળજી
શ્રીસરસ્વતી : : : છાપખાનું
ભાવનગર

નિવેદન

વસંત બાલશિક્ષણ પ્રચારમાળાના દાતા શ્રી. હીરાલાલ અમૃતલાલ શાહ ભાનવગરવાળા (હાલ મુંબઇ)ને અભિનંદન ઘટે છે. તેમણે અમારા હાથમાં રૂ. ૫૦૦૦)ની રકમ મૂકીને તેમાંથી માબાપોને ઉપયોગી એવું સાહિત્ય તૈયાર કરી-કરાવી પ્રગટ કરવાનું ઇચ્છ્યું.

તેમની ઇચ્છાનુસાર અત્યાર સુધીમાં ઓગણીશ પુસ્તિકાઓ અને એક **મોન્ટીસોરી પદ્ધતિ** નામનું પુસ્તક અમે પ્રગટ કર્યાં છે. આ ઓગણીશ પુસ્તકોના એ ગુચ્છા ગોઠવ્યા છે.

અમને ખાતરી છે કે માબાપો-ભાઇ હીરાલાલની આ સખાવતની કદર કરશે અને અમારા પ્રયત્નોને પુસ્તકો મંગાવી વધાવી લેશે.

વસંત બાલશિક્ષણ પ્રચારને અંગે આ એક કામ છે. બીજાં કામો જુદી જુદી રીતે ચાલે છે. અહીં તો માત્ર આટલું પુસ્તિકાઓ સંબંધે જ.

આપણા દેશના શ્રીમંત જનો બાળઉછેર શિક્ષણના કાર્યને આવી રીતે મદદ આપવા દ્રવ્ય આપે એ આપણી પ્રગતિનું શુભ ચિહ્ન છે. અન્ય શ્રીમંત જનો પોતાનાં ધનને આવે માર્ગે વાળવા પ્રેરાશે તો ભાઇ હીરાલાલનું દાન એ રીતે પણ સફળ થશે.

નાનાભાઇ-જિજ્ઞુભાઇ

અનુક્રમણિકા

૧ બાલગૃહ . . . . . ગિજુભાઇ ૩

૨ નવી દૃષ્ટિ . . . . . તારાબેન ૩૫

૧ નવી દૃષ્ટિ–૩૬; ૨ નવી બાલશાળા–૫૦

૩ દવાખાને જઇ ચડ્યો . ગિજુભાઇ ૬૨

૧ દવાખાને જઇ ચડ્યો–૬૨; શેરીમાંથી જતો હતો–૬૪; બારીએ બેસી જોતો હતો –૬૬; શાળા જોવા જવાયું–૬૮; ઘણાં ઘરો જોઇ આવ્યો–૭૧.

૪ બાલપ્રેમ . . . . . તારાબેન ૭૫

૫ બાળકની માગણી અને હઠ . તારાબેન ૯૩

બાળકની માગણી–૯૪; બાળકની હઠ–૧૦૭

૬ તોફાની બાળક . . . ગિજુભાઇ ૧૨૫

૭ બાળકની આવડતનું પ્રદર્શન . તારાબેન ૧૩૯

૮ સાંજની મોજો . . . ગિજુભાઇ ૧૫૯

૯ ઢીંગલીની રમત . . . તારાબેન ૧૭૯
૧ ઢીંગલીની રમત–૧૮૦; ૨ તરંગી રમતો ૧૯૪
૧૦ નવા આચારો . . . ગિજુભાઇ ૨૦૩
ઘરમાં કેટલાએક આચારો–૨૦૪; કચરાની ટોપલી–૨૦૫; ફળિયામાં ડબો–૨૦૫; કચરો બાળવો–૨૦૬; હાથ મ્હોં સ્વચ્છ–૨૦૭; વ્યવસ્થા–૨૦૮; શાંતિ–૨૧૦; ઘાંટા ન પાડવા –૨૧૨; ટકોરા મારવા–૨૧૩; પગલૂછણાં–૨૧૫; બારીબારણાંનો ઓછો ઘોંઘાટ–૨૧૭; રજા વિના કોઇની ચીજ ન લેવી–૨૧૭; રજા વિના કોઈના કાગળ વીંખાય નહિ–૨૧૯; બત્તી કહીને ઉપાડાય–૨૨૧; નિશ્ચિત સમયો–૨૨૨; રૂમાલ રૂવાલની વપરાશ–૨૨૩; કુદરતી હાજતોમાં સભ્યતા–૨૨૪.

વસંત બાલશિક્ષણ પ્રથમાવળી

આ બા પો ને

ખંડ બીજો



બાલગૃહ

છેક નાનું બાળક શારીરિક પોષણ માટે માતાનું ધાવે છે. તે ઉંમરે ધાવણ જ તેનો સાચો ને પોષક ખોરાક છે. તેને દાંત આવેલા ન હોવાથી તેમ જ તેની હોજરી હજી મોટી ઉંમરના માણસના ખોરાકને માટે તૈયાર ન થયેલી હોવાથી માના દૂધ સિવાયનો બીજો ખોરાક તેને માફક આવતો નથી. એટલું જ નહિ પરંતુ તેને ભારે પડે છે ને તેના શરીરને નુકસાન કરે છે.

નાનું બાળક જેમ જેમ શરીરે વધતું જાય છે તેમ તેમ તેના શરીરને વધારે જાતજાતના અને વધારે પોષક ખોરાકની જરૂર પડે છે. બાળકને દાંત આવવા લાગે છે, શરીર વધારે વ્યાયામ લે છે, ખોરાક પચાવવાની તેની શક્તિ વધે છે; ને તેને માનું દૂધ ઓછું પડે છે એટલે સહેજે તે ધાવણ છોડીને બીજા ખોરાક તરફ વળે છે. લાડકું બાળક કદાચ આ વખતે ધાવવા કરે છે તો તેને સમજી

માબાપો પરાણે ધાવતું મૂકાવે છે; કારણ કે હવે ધાવવાથી પોષણ ન મળતાં નુકસાન થશે એમ આપણા જાણવામાં છે. ટૂંકમાં, શરીરની વૃદ્ધિ સાથે બાળકને ખોરાકની ટૂંકી અને એકદેશી મર્યાદા તોડી વિવિધતા અને વિશાળતામાં આવવું પડે છે.

છેક નાનું બાળક સ્પર્શેન્દ્રિય વડે માતાની નરમ અને ગરમ હૂંફને ઓળખે છે, સ્પર્શેન્દ્રિય વડે જ માના ધાવણને અને પ્રેમને મેળવે છે. આંખ માંડતું થયા પછી પ્રથમ તે માને ઓળખે છે, ને પછી ધીમે ધીમે ઘરના બીજા પદાર્થોને અને માણસોને ઓળખવા માંડે છે. એમ કરતાં કરતાં પદાર્થો અને માણસોની ઓળખાણનો તેનો પ્રદેશ વધતો જાય છે. આમ જ બીજી ઇંદ્રિયોના વ્યાપાર પરત્વે પણ બને છે. ઇંદ્રિયોની પોતાની શક્તિમાં જેમ જેમ વધારો થતો જાય છે, તેમ તેમ તે સ્વતઃ પોતાની પ્રવૃત્તિ વધારતી જાય છે, ને તેમ થતાં તેનું કાર્યક્ષેત્ર વિશાળ બનતું જાય છે. આમ ઇંદ્રિયોના વિકાસને લીધે બાળક માટે દિન પ્રતિદિન કાર્યક્ષેત્ર વિશાળ બનતું જાય છે. શક્તિની વૃદ્ધિ સાથે આ વિસ્તાર સ્વાભાવિક અને અનિવાર્ય છે.

બાળકના વૃદ્ધિ પામતા શરીર પરત્વે પણ આમ જ બને છે. જન્મ પછીના તુરતના

દિવસોમાં બાળક વિશ્રાંતિમાં પડ્યું પડ્યું શરીરના સ્નાયુઓને તેના વિકાસની ક્રિયા કરવા માટે તૈયાર કરશે. થોડા વખતમાં તે ઘોડિયામાં કે બાટલામાં હાથ અને પગને હલાવીને શરીરનો સ્નાયુવિકાસ સાધશે. શરીરના સ્વાભાવિક વધવા સાથે તે ઉંધું પડશે, ભાંખડભર થશે અને ભાંખડભર ચાલશે; ઘોડિયામાં જ માત્ર હાથપગ હલાવીને શરીરની કસરત કરનારું બાળક હવે આખા ઘરમાં હાલચાલ કરી મૂકશે; તેનું ક્ષેત્ર મોટું થઇ પડશે ને પગ આવતાં ઘર, ઓશરી અને ફળિયું પણ તે ફરી વળશે.

છેક નાનપણમાં બાળકનું શરીર જેમ માનાં ધાવણથી પોષાય છે તેમ તે વખતે તેનું માનસ પણ માના માનસથી–બુદ્ધિ, પ્રેમ વગેરે માનસિક શક્તિઓથી–પોષાય છે ને ઘડાય છે. એ પોષણ પણ જોતજોતામાં ટૂંકું પડે છે, એટલે બાળક પિતાના માનસનો અને સાથે સાથે ને ધીમે ધીમે ભાઇભાંડુઓ વગેરે ઘરનાં માણસોના માનસનો પરિચય શોધે છે, ને પોતાની વિધવિધ માનસિક શક્તિઓમાં ઉમેરો કરે છે. જેમ જેમ તેની બુદ્ધિ વૃદ્ધિ પામતી જાય છે, તેમ તેમ તે ઘરમાં રહેલાં સઘળાં બુદ્ધિનાં ક્ષેત્રો પોતાનાં કરે છે ને આગળ વધે છે.

ભાષાના જ્ઞાનમાં પણ આમ જ બને છે. બાળક 'મા' 'બાપા'ને 'ભૂ'નો પ્રદેશ થોડા જ વખતમાં વટાવી ભાઇભાંડુ અને ઘરનાં માણસોની વિશાળ ભાષા તરફ તે જાય છે. બીજાને સમજવાની અને પોતાને વ્યક્ત કરવાની તેની આંતર જરૂરિયાતો તેને આ તરફ ઉપાડી જાય છે. બાળક એક પગથિયેથી બીજે ને બીજેથી ત્રીજે એમ ક્રમશઃ પોતાને બબર અને શ્રમ ન પડે તેમ આગળ ચડતું જાય છે.

આવી રીતે બાળકને શરીર, મન વગેરેની વધતી જતી જરૂરિયાતો પ્રમાણે વિકાસનાં સાધનો અને ક્ષેત્રની વિશાળતાની જરૂર પડે છે. વિકાસની ભૂખ અંદરથી આવવી જોઇએ. બહાર પડેલાં સાધનોની પસંદગી વિકાસ કરનારે જ જરૂર પ્રમાણે કરવી જોઇએ. તેનો ઘટતો ઉપયોગ પણ જરૂર પ્રમાણે તે જ કરી લે. તેને માટે સાધનની પસંદગીનું ને ક્રિયા કરવાનું ક્ષેત્ર યથાકાળે અને યથામર્યાદ વધારતા જવાની આપણી આવડતમાં કેળવણીની સાચી ક્રિયા રહેલી છે.

વિકાસમાં વધતા જતા બાળકને અમુક ઉંમરે જેમ માનો ખોરાક ઓછો પડ્યો, બૌદ્ધિક વાતાવરણની વિશાળતા વધારવી પડી, ઘોડિયામાંથી

કૂળિયા સુધી પહોંચવું પડયું, તેમ જ જ્યારે બાળક લગભગ ૨॥ થી ૩ વર્ષનું થાય છે, ત્યારે તેને અત્યાર સુધીની વિશાળતાની પેલી પાર જવાની જરૂર પડે છે. તેની વધતી જતી શરીર, મન વગેરેની શક્તિઓ વ્યાયામ તથા વૃદ્ધિ માટે વિશાળ ક્ષેત્ર શોધે છે.

આ વખતે બાળકને, જેમ કૂંડાના મોટા થયેલા છોડને મોટા કયારાની જરૂર પડે છે તેમ ખૂબ દોડવાની, ઠેકવાની, કૂદવાની, ટેકરાટેકરી ઉપર ચડવાની, લપસવાની વગેરે જે ક્રિયાઓ મોટા શરીરને કસરત માટે ઉપકારક છે તેની જરૂર પડે છે. આ માટે તેને ઘર નાનું લાગે છે. તે શેરીની બહાર દોડયું જાય છે. ગાડીઘોડાનો ભય તેના ધ્યાનની બહાર જાય છે. માબાપને તેની ચિંતા થતાં તેને બહાર જવા દેવાની બાબતમાં 'ના' પાડવાની જરૂર પડે છે. બાળક ઘણી વાર નજર ચૂકાવી રમવા કે રખડવા ભાગી જાય છે. માબાપ અને બાળક વચ્ચે તાણાતાણી ચાલતાં આખરે બાળક શેરીમાં વસતું થાય છે.

આવી જ રીતે બાળકની સામાજિક જીવનની ભૂખ વધવાથી તે મિત્રો કરવા માંડે છે. અત્યાર સુધી ઘરમાં તેને તૃપ્તિ હતી; ભાઈબાંડુની મૈત્રી

કે સહવાસ તેને ઘણો બધો હતો. હવે તે શેરીના ગોદિયાઓને ગોતે છે; તેની સાથે દોડા કરવા નીકળે છે. શેરીમાં કે ઘરની આજુબાજુ તે દોલ-કીની ને એવી એવી રમતો સામાજિક સહકાર સાધી શકે તે માટે રમે છે.

આ ઉંમરે તેની ઇંદ્રિયો વધારે મોટા વ્યાપારો, વિશાળ પરિચયો અને અનુભવો લેવા તલપાપડ થાય છે. આસપાસનાં ઝાડપાન, ટેકરા, ખાડા, હુંગરા હુંગરીઓ, જમીન, ખેતરો, પક્ષીઓ, પશુઓ વગેરે તેની ઇંદ્રિયોને જાણે કે બોલાવે છે ને પરસ્પરનો પરિચય કરવાનું કહે છે. ઘરના સઘળા પદાર્થો બાળક જોઇ વળ્યું છે; તેના ગુણધર્મો તેની કલ્પનામાં આવી ગયા છે. હવે તે ઘર બહાર જે અધું અજાણ્યું છતાં સુંદર સુંદર પડ્યું છે, તે કેવું છે તે જોવા માગે છે. આમ ઇંદ્રિયવિકાસ માટે પણ બાળક ઘરમાંથી બહાર નીકળું નીકળું થઇ રહ્યું હોય છે, અને ઇંદ્રિયગમ્ય અનેક તરંગર અનુ-ભવોનો વધારો કરી જીવનને આનંદથી ભરવા ઉત્સુક થયું હોય છે.

"આ શું?" "આ શું?" એમ પૂછી પૂછીને તેમ જ સૌને બોલતાં સાંભળીને બાળકે ઘરની મર્યાદામાં રહી ભાષાનો જેટલો પરિચય

સાધી શકાય તેટલો બધો પરિચય સાધી લીધો છે. છતાં ઘરની બહાર પડેલી દુનિયાની, ઘરની બહાર ચાલી રહેલા વ્યાપારોની, ભિન્નભિન્ન પ્રસંગોની, ભિન્નભિન્ન દૃશ્યો પરત્વેની અને ભિન્નભિન્ન પરિસ્થિતિમાં વપરાતી ભાષા જાણવાનું હજી બાકી જ છે. અને ભાષાજ્ઞાનની એક હદ જ્યારે બાળક ઓળંગીને ઉભું છે ત્યારે તેને આગળ વધવાનું જ રહે છે, ને તેમાં જ તેનો વિકાસ પડ્યો છે.

ઘરમાં રહ્યાં રહ્યાં જે જ્ઞાન મળે તે તેણે રાતદહાડો ઇંદ્રિયો અને બુદ્ધિથી પ્રત્યક્ષ અને પરોક્ષ સહાય વડે તેમ જ સ્વપ્રયત્નથી લઈ લીધું છે. હજી તેની જિજ્ઞાસા તૃપ્ત થઇ નથી. જ્ઞાનનાં અનેક પ્રદેશો હજી અણસ્પર્શ્યા જ પડ્યા છે. બુદ્ધિને કસરત આપી તેને વધારે તેવી પ્રવૃત્તિ બાળક માગી રહ્યું છે. બાબાપેા સાથે બાળક બજારમાં કે ગામ બહાર નીકળે છે ત્યારે ભૂખ્યા વરૂ પેઠે જ્ઞાનનાં અનેક વિષયો સંબંધે જાતે માહિતી મેળવતું દેખાય છે; આપણને પૂછી પૂછીને કંટાળો આપતું પણ જોવામાં આવે છે. જ્ઞાનભૂખ એકાએક તૃપ્ત કરવાનું મળતાં તેનામાં ખૂબ તાણ આવી જાય છે, અને તે વખતે તો નવા જ્ઞાનની મજામાં અથવા કબાણુમાં મોડી રાત્રે પણ સૂતું નથી. ઘરમાં

તેણે બિલાડી, કૂતરાં ને ચકલાં કાબર વિષે થોડું જ્ઞાન મેળવ્યું; પણ બીજાં પશુપક્ષીઓની જેવા તેના ખોરાકો વગેરે વિષે જાણવાની તેની આતુરતા ઓછી નથી હોતી. બાળકને બરાબર અવલોકનારના ધ્યાન બહાર આ વાત નહિ જ હોય.

હવે ઘરનું વાતાવરણ તેને વધારે પોષી શકે તેમ નથી. ઘરની દીવાલો તેને હવે પાંજરા રૂપ થાય છે. ઘરની જ્ઞાનસમૃદ્ધિનું તળિયું દેખાઇ જાય છે. આ બધું બાળકની દૃષ્ટિએ છે. ઘરમાં હજી ઘણું પડ્યું છે. પુસ્તકાલય છે; ભાષાનું, સામાજિક આચારનું, બૌદ્ધિક વ્યાપારનું, નીતિનું વગેરેનું વાતાવરણ છે; પણ તે આ વખતે તેને માટે વધારે પડતું ઉચ્ચ છે અને તેથી અત્યારે ઘરપૂરતું ટૂંકું થઇ પડ્યું છે. વિકાસના ક્રમમાં માતાના પ્રેમનો, પિતાની બુદ્ધિનો, કુટુમ્બના સામાજિક જીવનનો, શરીર અને ઇંદ્રિયોના વ્યાપારનો બાળક વિસ્તાર માગે છે. સારાંશ બાળક હવે વિશાળ ઘર માગે છે.

આ કાળ બાળક માટે એક પરિસ્થિતિમાંથી બીજીમાં જવાનો છે. આ સંક્રાંતિકાળ છે. જેમ એક કાચના કૂંડામાં ઉછરીને મોટી થયેલી માછલી એકાએક મોટા સમુદ્રમાં જીવી ન શકે, પણ છલટી મહાસાગરનાં મોટાં મોજાં સાથે અથડાઇને

જેમ મોટા મગરમચ્છોના મોઢામાં સહેજે આવી જઇને મરી જાય, તેમ બાળકને જો ઘરમાંથી એકાએક બહાર મોટી દુનિયામાં ફેંકી દઇએ તો તે વિકાસ-વાને બદલે કરમાઇ જાય; તેને ભયંકર નુકસાન થઇ જાય. વિકાસનું કામ ધીમું ને ક્રમિક છે. ધાવણું બાળક આજે ધાવણ છોડીને કાલે રોટલા ખાવા માંડે તો માંદું જ પડવાનું. પણ ધીરે ધીરે તેને એક તરફથી રોટલા નહિ પરંતુ ધાવણ જેવા નરમ અને સ્વાદુ પદાર્થો ખાતું, અને બીજી તરફથી ઓછું ધાવતું કરતાં કરતાં તેને ધાવવામાંથી છોડાવીને ખાવા ઉપર ચડાવી દેવામાં આવે છે. તેમ બાળકને નાના ઘરમાંથી વિશાળ ઘર તરફ લઇ જવું જોઇએ; કારણ કે બાળકને જવાની જરૂર છે, તેમાં જ તેનો વિકાસ છે. આ નિયમ કુદરતી છે. નાનું જીવડું તેને બંધબેસતું શંખલું શોધીને તેમાં વસે છે; ત્યાં એટલું એટલું શરીરનો વિકાસ સાધે છે. જ્યારે તે મોટું થાય છે ને શંખલું નાનું પડે છે ત્યારે નાના શંખલાને ફેંકી દઇ મોટાને શોધી લે છે. આમ જ્યાં સુધી વિકાસની ક્રિયા ચાલે છે ત્યાં સુધી વધતી જતી જરૂરિયાત પ્રમાણે યોગ્ય પરિસ્થિતિને શોધી લેવી એવો પ્રાણી માત્રમાં સહજ સ્વભાવ-પ્રકૃતિ છે, આ પ્રકૃતિનો

વિરોધ થાય તો પ્રગતિ અટકે; પ્રાણી જ્યાંનું ત્યાં રહે અગર ત્યાં ન વધવાને કારણે ક્ષીણપ્રાણ થઈ આખરે મૃત્યુપ્રાય જીવે અગર તો મરી જાય.

માટે જ્યારે બાળકનો ઘરમાં થઈ શકે તેટલો વિકાસ પૂરો થઈ રહેવા આવે ત્યારે આપણે તેને બીજું પરંતુ મોટું ઘર આપવાનો બંદોબસ્ત કરીએ. 'મોટું ઘર' એવો શબ્દપ્રયોગ યથાર્થ લાગે છે. બાળકને માટે મોટી કસરતશાળા, વિજ્ઞાનશાળા, અવલોકનશાળા કે ભોજનશાળા બાંધવી જોઈએ એમ કહેવાને બદલે વિશાળ ગૃહ બાંધવાનું એટલા માટે કહેવું યોગ્ય જણાયું છે કે શરીર, મન અને અન્તરનો વિકાસ ઘરમાં જેમ બાળક માબાપના પ્રેમ વચ્ચે, કાળજી વચ્ચે, ભાઈ-ભાંડુઓના સહચાર વચ્ચે, અને તેટલી વ્યવસ્થિતતા અને જીવન્ત પરિચયમાં અને ગૃહસ્થાશ્રમના નીતિમાન વાતાવરણમાં રહીને સાધવું આવ્યું છે, તેમ જ તેને તે જ હેતુએ પણ વિશાળ ઘરમાં સાધવાની જરૂર છે. આ ઉંમરે તે એક પગ દૂધમાં અને એક પગ દહીંમાં એવી સ્થિતિમાં હોવાથી એકાએક માબાપથી છૂટું પડી ઘરનો કેવળ સંબંધ તોડીને આગળ વધી નહિ શકે. તે એકાએક ઘરમાંથી મોટી શાળા કે છાત્રાલયમાં

ધૂબકો મારી નહિ શકે. તેવો ધૂબકો મરાવવો જોખમકારક છે. આ ઉંમરે તે માબાપની આંગળીએથી વિખૂટું પડવા તૈયાર છે; પરંતુ જેમ દૂર એઠાં એઠાં પણ કમળને સૂર્યની પોષક ગરમીની જરૂર છે, તેમ હજી બાળકને ઘરની પોષક અસરની જરૂર છે. એક વાતાવરણમાંથી કેવળ નવા જ વાતાવરણમાં એકાએક કૂદી પડવું મોટાંઓ માટે પણ સહેલું નથી તો બાળક માટે તો તે અત્યંત મુશ્કેલ છે. અર્થાત્ બાળકને સંવર્ધક વિશાળ ઘરની જરૂર છે, ને તેની સાથે જ સંરક્ષક મર્યાદાની પણ જરૂર છે.

આવું સંવર્ધક–સંરક્ષક ઘર બાળકને શેરીમાં કે સીમમાં મળશે કે કેમ તે જોઇએ. શેરીમાં બાળકને શરીર વગેરેના હલનચલન માટે વધારે છૂટ મળે, સહચારની વૃત્તિને ખોરાક મળે, જ્ઞાનની ભૂખને તૃપ્ત કરવાનું પણ થોડું ઘણું મળે. પરંતુ શેરી ઘેરઘેરનાં એકઠાં થયેલાં બાળકો માટેની કેવળ સ્વૈર પ્રવૃત્તિ કરવાની જગા છે. ત્યાં ચાલતી પ્રવૃત્તિ ઉપર કોઇ ચિંતાતુર પિતાની દેખરેખ ન હોય; ત્યાં માના પ્રેરક અને મોટે ભાગે સન્માર્ગે લઇ જનાર પ્રેમની દૃષ્ટિ ન હોય; ત્યાં સારા ઘરની વ્યવસ્થા અને વિધિનિષેધના યોગ્ય નિયમો ન

હોય. પરંતુ ત્યાં ભિન્નભિન્ન સંસ્કારોનો ખીચડો હોય. તેમાં સારા સંસ્કારો કયા અને નઠારા કયા, કયાને સૌએ યોગ્ય ગણવા અને કયાને નાખી દેવા, તેનો વિવેક બતાવનાર પણ કોઇ ન હોય. ત્યાં બાળકો એકાએક અનેકરંગી ચિત્રવિચિત્ર વાતાવરણમાં આવી પડે, અને શું લેવું શું ન લેવું તેની મર્યાદાવાળા ઘરની સહાય વિના ભૂખમાં ને ભૂખમાં, તે ઘણું નકામું પણ લઇ લે; તેનો વિકાસ રોકાઇ પડે; તે શરીર અને મનથી માંદું પડી જાય; ને ઠેકાણે આવે તે પહેલાં ઘણું સહન કરે. શેરી એક વાતાવરણ છે; તેમાં પોષક અને વિઘાતક બન્ને તત્ત્વો પડેલાં છે. ત્યાં વિઘાતક તત્ત્વોને દૂર રાખી પોષક તત્ત્વોને આગળ લાવી તેમાંથી પસંદગી કરવાની બાળકને કોઇએ અનુકૂળતા કરી આપી નથી. પોષક વસ્તુની પસંદગી કરી તેને પોતાની કરવામાં બાળકનો વિકાસ છે. આથી વિકાસના ક્રમમાં શેરી અત્યારે વિઘાતક સ્થાન છે. ઘરમાંથી બહાર આવતા બાળક માટે તે યોગ્ય વિશાળ ઘર નથી.

ગાળાગાળી, મારામારી, ધક્કિયા, માબાપોને અસર ન પડે તેવી જૂંડી પ્રવૃત્તિઓની બદીઓ, વાહિવાટે બીડી પીતાં શીખવાનું, આ બધું બાળક

શેરીમાંથી ઝટ ઝટ પકડી લે છે. આ ઉંમરે બાળક જ્ઞાનપિપાસુ હોય છે. નવાં નવાં બાળકોની તેના ઉપર એકદમ છાપ પડે છે; હજી તેણે સંપૂર્ણ અને સ્વતંત્ર વ્યક્તિત્વ ખીલવ્યું હોતું નથી તેથી સારાસારનો વિચાર કરી સ્વતંત્ર રહેવાને બદલે અનુકરણનો ભોગ તે થઈ પડે છે. ઘણી વાર સંસ્કારી બાળક ખરાબ વાતાવરણથી દૂર ઉભું રહેવાનો પ્રયત્ન કરે છે, ખરાબ વાત અને ક્રિયા તરફ અણગમો બતાવે છે; પણ સાથે રમવા વગે-રેની વૃત્તિને લીધે તે એકલું રહી શકતું નથી ને આખરે બીજા જેવું તે પણ બને છે કે તેને બનવું પડે છે. ઘણી વાર ઉપરથી સારાં દેખાતાં બાળકો જે કરે છે તે સારું હશે એમ ધારીને બીજાં બાળકો તેમના પ્રમાણે કરતાં શીખે છે. કેટલાંએક ઘરમાંથી સડેલાં બાળકો બીજાને પોતાની ટેવોના ભાગીદાર બનાવી દે છે. વળી રમત રમ-તમાં એકબીજાનું સારું ખરાબ બાળકો ઘણી ત્વરાથી લઈ શકે છે. રમત તેમને પ્રિય ને જરૂરની હોવાથી તેની સાથે જોડાયેલી બીજી ખરાબ બાબતો પણ તેમનામાં આવી જાય છે.

બાળક જ્યારથી શેરીનો પરિચય કરવા માંડે છે ત્યારથી તેનામાં કંઈક બુદ્ધી જ જાતની

ટેવો આવે છે. તેની ભાષા બગડવા માંડે છે; તે ઉતાવળથી અને અધૂરું બોલે છે; ગંદા રહેવાની, નાકમાં આંગળાં નાંખવાની, શેડા હાથે લૂંછી નાખવાની વગેરે જાતની ટેવો ચોખ્ખા ઘરનાં બાળકોમાં પણ શેરીનાં બીજાં ગંદાં બાળકોના સહવાસથી આવે છે. માબાપના લક્ષમાં આ વાત ઘણી વાર આવે છે, ને શેરીનાં છોકરાંઓ સાથે પોતાના બાળકને રમવા જવા દેવાની ના પાડે છે. બાળકો ઉપર શેરીની છાપ ચાલવામાં, બોલવામાં પણ આવે છે; તોછડાઇથી જવાબ દેવાનું, ઢંગ-ધડા વગર ચાલવાનું, વગેરે પણ શેરીમાંથી ઘરમાં લાવનાર બાળકો જોવામાં આવ્યાં છે. ઉપરાંત, ઝીણી નજરનાં માબાપોને થોડા જ વખતમાં ખબર પડે છે કે ઘણી વાર જૂઠું બોલવાના તથા અગાઉ જે વાતો બાળકે બેધડક કહેતું હતું તે જ વાતો સંતાડવાના પ્રથમ પાઠો તેણે કતેહમંદીથી શેરી-માંથી લીધા છે.

આ તો થઇ બાળકો ઉપર શેરીના સંસ્કારો-ની વાત. આગળ જોયું તેમ બાળક શરીર, મન વગેરેથી આ ઉંમરે આગળ વધવા માગે છે. તે માટેનું વ્યવસ્થિત વાતાવરણ શેરીમાં કયાં છે? શરીરવિકાસ માટે જોઇતા અને શીખે તેવાં

શેરીમાંથી ઝટ ઝટ પકડી લે છે. આ ઉંમરે બાળક જ્ઞાનપિપાસુ હોય છે. નવાં નવાં બાળકોની તેના ઉપર એકદમ છાપ પડે છે; હજી તેણે સંપૂર્ણ અને સ્વતંત્ર વ્યક્તિત્વ ખીલવ્યું હોતું નથી તેથી સારાસારનો વિચાર કરી સ્વતંત્ર રહેવાને બદલે અનુકરણનો ભોગ તે થઈ પડે છે. ઘણી વાર સંસ્કારી બાળક ખરાબ વાતાવરણથી દૂર ઉભું રહેવાનો પ્રયત્ન કરે છે, ખરાબ વાત અને ક્રિયા તરફ અણગમો બતાવે છે; પણ સાથે રમવા વગેરેની વૃત્તિને લીધે તે એકલું રહી શકતું નથી ને આખરે બીજા જેવું તે પણ બને છે કે તેને બનવું પડે છે. ઘણી વાર ઉપરથી સારાં દેખાતાં બાળકો જે કરે છે તે સારું હશે એમ ધારીને બીજાં બાળકો તેમના પ્રમાણે કરતાં શીખે છે. કેટલાંએક ઘરમાંથી સડેલાં બાળકો બીજાને પોતાની ટેવોના ભાગીદાર બનાવી દે છે. વળી રમત રમતમાં એકબીજાનું સારું ખરાબ બાળકો ઘણી ત્વરાથી લઇ શકે છે. રમત તેમને પ્રિય ને જરૂરની હોવાથી તેની સાથે જોડાયેલી બીજી ખરાબ બાબતો પણ તેમનામાં આવી જાય છે.

બાળક જ્યારથી શેરીનો પરિચય કરવા માંડે છે ત્યારથી તેનામાં કંઇક જુદી જ જાતની

ટેવો આવે છે. તેની ભાષા બગડવા માંડે છે; તે ઉતાવળથી અને અધૂરું બોલે છે; ગંદા રહેવાની, નાકમાં આંગળાં નાંખવાની, શેડા હાથે લૂછી નાખવાની વગેરે જાતની ટેવો ચોખ્ખા ઘરનાં બાળકોમાં પણ શેરીનાં બીજાં ગંદાં બાળકોના સહવાસથી આવે છે. માબાપના લક્ષમાં આ વાત ઘણી વાર આવે છે, ને શેરીનાં છોકરાંઓ સાથે પોતાના બાળકને રમવા જવા દેવાની ના પાડે છે. બાળકો ઉપર શેરીની છાપ ચાલવામાં, બોલવામાં પણ આવે છે; તોફડાઇથી જવાબ દેવાનું, ઢંગ-ધડા વગર ચાલવાનું, વગેરે પણ શેરીમાંથી ઘરમાં લાવનાર બાળકો જોવામાં આવ્યાં છે. ઉપરાંત, ઝીણી નજરનાં માબાપોને થોડા જ વખતમાં ખબર પડે છે કે ઘણી વાર જૂઠું બોલવાના તથા અગાઉ જે વાતો બાળકે બેધડક કહેતું હતું તે જ વાતો સંતાડવાના પ્રથમ પાઠો તેણે કૂતેહમંદીથી શેરી-માંથી લીધા છે.

આ તો થઇ બાળકો ઉપર શેરીના સંસ્કારો-ની વાત. આગળ જોયું તેમ બાળક શરીર, મન વગેરેથી આ ઉંમરે આગળ વધવા માગે છે. તે માટેનું વ્યવસ્થિત વાતાવરણ શેરીમાં કયાં છે? શરીરવિકાસ માટે જોઇતા અને બીજે તેવાં

વ્યાયામની વ્યવસ્થા શેરીમાં ક્યાંથી હોઈ શકે ? ઇંદ્રિયવિકાસ માટે ઇંદ્રિયોની શુદ્ધિ અને તીવ્રતા કરવાનાં સાધનો તેમ જ વિકસેલી ઇંદ્રિયોની શક્તિ બહાર કરવાની પરિસ્થિતિ પણ શેરીમાં નથી. શુદ્ધિના વ્યાપારો પણ શેરીમાં રખડવાથી બાળક કેમ સાધી શકે ? ત્યાં કોણ છે કે બાળકની જિજ્ઞાસા સાચે ઓળખી તેનું પોષક વાતાવરણ આપ્યા કરે ? ને ઉપર જોયું તેમ શેરી ચારિત્ર્યના ઘડતરમાં તો ભયંકર વસ્તુ છે જ.

બાળકે વિશાળ ઘરે માંગે છે. પોતાનું ઘર તેને ટૂંકું પડે છે. શેરી તેના વિકાસ માટે નકામી છે. બાળકને ઘરમાં ગોઠતું નથી તેથી શેરી શોધે છે. ત્યાં તે બગડે છે; તેને ખરો વિકાસ મળતો ન હોવાથી અતૃપ્ત અને અસંતુષ્ટ રહે છે. પહેલાં ઘરમાં સૌને આનંદ આપતું હતું તે બાળક હવે કંટાળો આપે છે, અને તેને માથે એક રીતે ઘરમાંથી શેરીમાં જવાની ફરજ આવી પડે છે. વળી પાછું બાળક શેરીમાં જાય છે ને ત્યાં એની એ રમતો રમીરમીને શરીર અને મનને થકવી નાખે છે. આ વખતે બાળક આગળ વધતું નથી; ખરાબ ખોરાકથી બગડે તેટલું બગડે છે. ઉપરાંત તે પડ્યું પડ્યું સડે છે ને જીવનના કિંમતી સમયનો

વ્યય થાય છે. આમ સામાન્ય રીતે બાળકોનો આ રાા થી ૬ વર્ષ સુધીનો વખત ભારે મુશ્કેલીથી પસાર થાય છે. તેમની ઘરની ચાલતી પ્રવૃત્તિ છૂટી ગઇ છે; નવી પ્રવૃત્તિ તે શોધી કાઢે ને કરવા બેસે છે તો માબાપને તે હરહમેશની ન હોવાથી વાંધાભરેલી લાગે છે, ને બાળકને પ્રવૃત્તિ રહિત રહેવું પડે છે. એથી શરીર અને મનની પ્રવૃત્તિઓનો વેગ ઉલટો ઓછો પડે છે; કદાચ સ્થળબદલે કે ઘરનાં નવાં કામો નીકળે તે કારણે બાળકને થોડીએક નવીનતા મળે છે; પણ તે થોડા વખત માટે અને અવ્યવસ્થિતપણે. શેરીના કજિયા બાળક ઘેર લાવે છે તેથી મા કંટાળે છે. આજની માણસના જીવન આંખાને બંગાડી નાખે તેવી પ્રવૃત્તિમાં પડેલ પિતાને ઇચ્છા હોય તો પણ બાળક સામે જોવા જેટલી ફુરસદ નથી રહેતી. પરિણામે બાળક કયારે પાંચ છ વરસનું થાય અને શાળામાં જવા લાગે, તેની રાહ જોવાય છે.

બાળક લગભગ પાંચ છ વર્ષની ઉંમરે આજની શાળામાં જાય છે. ત્યાં તેને સારીમાઠી પણ વિશાળતા મળે છે, ને ગમે તેટલે અલ્પાંશે પણ ઘરમાં ન સમાતા બાળકનો પ્રશ્ન ઉકલે છે.

પણ રાા થી ૬ વર્ષના બાળકના વિકાસનો

પ્રશ્ન : અણઉકલ્યો રહે છે. વિકાસનો અતિ મહત્ત્વનો કાળ ૨॥ થી ૬-૭ વર્ષ સુધીનો ગણાય છે. બાળકનું શરીર, હાડકાં, સ્નાયુઓ વજેરે બંધાવાનો; ઇંદ્રિયો શુદ્ધ તીવ્ર અને સંસ્કારી થવાનો; બુદ્ધિશક્તિ, ક્રિયાશક્તિ, કલ્પનાશક્તિ વગેરે માનસિક શક્તિઓ નિર્મળ, બળવાન અને સૂક્ષ્મ થવાનો; તેમ જ કોમળ અથવા કઠણ લાગણીના વિકાસનો બરેબરો સમય આ છે. બાળક સાત વર્ષમાં પોતાના શરીર, મન વગેરેનો વિકાસ જેટલો સાધી શકે છે તેટલો પાછળથી આખી જીંદગી સુધીમાં પણ સાધી શકતું નથી.

બાળકમાં સારી માઠી જે ટેવો પડીને જીંદગી સુધી દૃઢ રહે છે તે આ કાળે-બને છે. બાળકમાં વિવેક યા અવિવેક, સંસ્કારીપણું કે જંગલીપણું, તેમ જ બીજા સામાજિક જીવનના ગુણો અવગુણો જેટલા આ સમયે આવ્યા તેટલા આવ્યા, ને ન આવ્યા તેટલા ન આવ્યા. નીતિની ટેવો અને ધાર્મિક ભાવના (સ્પષ્ટ-અસ્પષ્ટ)નાં મૂળ આ સમયે જ રોપાય છે. ટૂંકમાં આ સમય મનુષ્યના જીવનવિકાસમાં ભારેમાં ભારે મહત્ત્વનો છે. જેટલો આ સમય મહત્ત્વનો છે, તેટલી જ જરૂર બાળકના વિકાસ માટે કાળજી

લેવાની છે; અને આજે આ વિકાસના ખરેખરા વખતે જ બાળક નહિ ઘરનું, નહિ ઘાટનું થાય છે! આ સમય બાળકની જીંદગીમાં જો નકામો જાય તો બાળક પાછળથી ગમે તેટલું ભણે ગણે તો પણ તેને થયેલું નુકસાન ભરપાઇ થતું નથી.

આ ઉંમર પછીનો વખત શક્તિઓનો વપરાશ કરવાનો છે, તેને વધારવાનો છે, તેને બળવાન કરવાનો છે; પરંતુ તેને મેળવવાનો અને કેળવવાનો સમય તો સાત વર્ષ સુધીનો જ છે.

જેમ શરીરવિકાસ અમુક સમયે જ થાય છે, તે વખત ગયા પછી ઉપાય નથી રહેતો, તેમ જ મનની શક્તિઓના વિકાસ સંબંધે છે. એના વિકાસનો યોગ્ય કાળ ગયા પછી તે પાછો આવતો નથી.

અત્યાર સુધી બાળકની હિલચાલમાં તેના શરીરનો વ્યાયામ આવી જતો હતો; પણ હવે તેના વધેલાં શરીરને માટે સુવ્યવસ્થિત વ્યાયામની જરૂર છે. બાળક પોતાની મેળાએ ઘરમાં કે બહાર આવશ્યક વ્યાયામ શોધતું દેખાશે; તે પાયા ઉપર કે દોરડાં ઉપર લટકતું દેખાશે; ઘોડિયા કે ખાટલાંના દાદર ઉપર ચડતું અને ધીમે ધીમે પગથિયાં વધારતું જાય ધૂબકા મારતું, એકા પગે ચાલતું, એ પગે ઠેકતું, હીંચકવાને માટે હલેાંશા બતાવતું;

બાળક જોઇતું, કૂદવા કરતું, લપસતું, વગેરે કરતું જણાશે. અર્થાત્ તે વધારે અને વ્યવસ્થિત વ્યાયામ માગશે.

અત્યાર સુધીમાં તેની ઇંદ્રિયોને આસપાંસના જગતમાંથી અનેકાનેક અનુભવ થયા છે; તે કાગડા અને કોયલના, ગાય અને ભેંશના અવાજ તો ઓળખે છે ને તે વચ્ચેનો તફાવત સમજી શકે છે. તે ઘરનાં ઠામવાસણ અને માણસોને તેમના અવાજથી ઓળખે છે. નજરે જોઇને તે ઘણી ચીજોને ઓળખી શકે છે. તેમ જ તે ચાખીને, સ્પર્શીને અને સૂંઘીને વસ્તુઓને પિછાની શકે છે.

હવે તેની ઇંદ્રિયો તેને થતા અનુભવોને ઝડપથી, તીવ્રતાથી, સૂક્ષ્મતાથી નોંધી શકે અને તેને વ્યાપકપણે સર્વત્ર જોઇ શકે એવી કેળવણીની જરૂર પડે છે. એકબીજાથી નોખાં તરીકે એ મોટાં વજનો ઓળખતાં તે નાનું વજન જાણે છે; એ મોટાં નાનાં વજનનો તફાવત તેને વગર શીખવ્યે ખ્યાલમાં આવે છે; એ જાડા ઝીણા અવાજનો ભેદ તેનો કાન સ્વાભાવિકપણે પકડી શકે છે. પરંતુ ઘણા રંગોને એકબીજાથી નોખા પાડવાનું કે એક જ રંગની છાયાઓને બીજા રંગની છાયાઓથી જુદી પાડવાનું, અને એ એકે જ રંગની

છાયાઓનો ક્રમિક સંબંધ જાણતાં આવડવાનું, તેમ જ બે સ્વરો વચ્ચેનો તફાવત તેમ જ પરસ્પરનો સંબંધ પારખતાં આવડવાનું, દાખલા તરીકે સપ્તકના સ્વરોને ઓળખવાનું, અને એને ક્રમમાં ગોઠવવાનું, વગેરે જાતનું કામ કે જેમાં ઇંદ્રિયો આટલી સૂક્ષ્મતાથી પોતાના વ્યાપારો કરી શકે તે માટેની યોજના આવશ્યક છે.

વળી અત્યાર સુધીમાં બાળકને જે ઇંદ્રિયગમ્ય તેમ જ મનોગમ્ય અનુભવો થયા છે, તે બધા એક કોથળામાં ફેરિયાનો સામાન પડ્યો હોય તેમ પડેલા છે. હવે તે અનુભવોને સ્વસ્થાને ગોઠવતાં શીખવાની અને નવા અનુભવોને સ્વસ્થાને પહોંચાડવાની શક્તિનો વિકાસ કરવાનો કાળ આવ્યો છે. આ શક્તિ વર્ગીકરણની છે. વર્ગીકરણ કરવામાં સરખાપણું, જુદાપણું ને ક્રમની જ્ઞાનની તેમ જ તુલના નિર્ણય ને નિશ્ચય કરવાની શક્તિની જરૂર પડે છે. પોતાના તમામ અનુભવોને પકડવાની, વ્યવસ્થિતપણે ગોઠવવાની ને પરસ્પરનો સંબંધ સાંધવાની શક્તિ વિકાસ માટે અતિ મહત્ત્વની શક્તિ છે. આ શક્તિ મૂળભૂત શક્તિ છે. એના ઉપર જ્ઞાનની મોટી ઇમારત ચણી શકાશે. મોટા વૈજ્ઞાનિકો અને શોધકોની શોધોનું રહસ્ય આ

શક્તિમાં છે. આને આપણે બુદ્ધિશક્તિને નામે ઓળખીએ છીએ.

પ્રત્યેક ક્ષણે જેને અનેક અનુભવ થયા કરે છે, ને ૨॥ વર્ષની ઉંમરમાં અનેક તરંગરંગ અનુભવો જેને થઇ ગયા છે, તેને આ શક્તિ મળતાં અપાર આનંદ થાય છે. તેની આગળ બુદ્ધિનાં નવાં ક્ષેત્રો ઉભાં થાય છે, તેની પ્રવૃત્તિ વિશાળ બને છે, તેનું અંત અને શરીર પ્રવૃત્ત રહેતાં નીરોગી થાય છે; ને સૌથી વધારે કિંમતી જે જીવનનો નિર્દોષ આનંદ છે તે બાળકને મળે છે. જ્યારે તેનામાં આંખ સરખા-મણી વગેરે કરવાની શક્તિ આવે છે ત્યારે તે પક્ષી-ઓના ગુણધર્મોના અનુભવોને પશુઓના ગુણ-ધર્મોના અનુભવોથી જુદા પાડી, પશુ અને પક્ષીઓના વર્ગો જુદા સમજે છે, ને તેનાં કારણો જાણી શકે છે. આ જ રીતે તે પદાર્થમાત્રને કાર્યકારણની સાંકળથી બાંધવા ને ગોઠવવા મંડે છે. આ માર્ગ વિજ્ઞાનની શોધખોળ કરનારો છે. આ ઉંમરે આ શક્તિ પ્રાપ્ત કરી હોય તેવું બાળક એક નાનો એવો વૈજ્ઞાનિક જ છે. આ ઉંમરે આ શક્તિના વિકાસનો પ્રબંધ તોડવા માટે આવશ્યક છે.

ટૂંકમાં, વધારે ઝડપથી, વધારે પ્રમાણમાં, જેમ જ પાયાનો વિકાસ કરવાનો સમય આ છે.

આ વિકાસ આજનાં ઘરોમાં શક્ય નથી; ઘર ધારે તો પણ બની શકે તેમ નથી.

ઘરમાં મોટા બાળકને વધારે કસરત મળતી નથી; નવા મહેમાને ઘરને રોકયું છે, એને માટે શાંતિની જરૂર છે. બા હવે તેને રમવા માટે હીંચકો બાંધી દેતાં થાકે તેમ છે. નવી કસરતો સાધનો માગે છે. ઘરના સામાનમાંથી કદાચ બાળકો કસરતનાં સાધનો બનાવી લે છે, જેમ કે ઘોડિયાને ટીંગાય છે કે ખાટલે ચડે છે કે ભીંતે ઊંધે માથે થાય છે કે ખુરશી ઉપરથી ઠેકડા મારે છે, તો સાધારણ રીતે માબાપને વસ્તુનો બગાડ પોસાતો નથી, અને વસ્તુઓ તૂટી જવાની કે ખરાબ થઈ જવાની બીક રહે છે; ને તેમાં સત્ય પણ છે. એટલે બાળકને માટે ઘર શરીરની કસરત આપતું બંધ થાય છે.

વળી શરીરના વિકાસ માટે બાળકને વધારે જગાની છૂટ જોઇએ છીએ. વિકાસ પાંજરામાં પૂરેલું પક્ષી નથી કરી શકતું; ઉડવાને માટે પૂરતી જગામાં વિકાસને અવકાશ છે. ઘરમાં અનેક સાચાં ખોટાં કારણે કે અજ્ઞાન કે દૃઢ માન્યતાને લીધે માબાપ આડે આવે છે: કાં તો સ્વમતાગ્રહી પિતા અથવા અતિશય લાડ લડાવનારી માતા બાળકને લાગી

જાશે વગેરે કારણે તેને કસરતના પ્રદેશમાં જતું અટકાવે છે.

ઉપર કહ્યું તેમ ઇંદ્રિયો અને મનનો વિકાસ વ્યવસ્થિત યોજના વિના શક્ય નથી. રૂપ રંગ વગેરેનો પરિચય, ભાષાનું પ્રાથમિક જ્ઞાન, મનનાં સાધારણ વ્યાપારો વગેરે બાળકમાં સ્વાભાવિકપણે ચાલે છે. તે બધામાં ઝીણવટ આણવા માટે વિશિષ્ટ વાતાવરણની જરૂર છે. બાળકને ઘરમાં બેશક લાંબી લાકડી અને ટૂંકી લાકડી આપી શકીશું; નાનો પથરો અને મોટો પથરો મળી શકશે; પરંતુ પરસ્પરના સરખા સંબંધથી ક્રમિક રીતે જોડાયેલી મોટી લાકડીઓ બાળકના હાથમાં આવે તો જ તે નાની ને મોટી લાકડીઓ વચ્ચેનો તુલનાત્મક ખ્યાલ લઈ શકે. ઘરમાં બાળકના હાથમાં નાનાં મોટાં વજનો આવે છે, પરંતુ બે વજનો વચ્ચે કયું ભારે અને કયું હળવું તે નક્કી કરવા માટે તે વજનો હાથમાં લઈ તોળવા તો બાળક ત્યારે જ બેસી જશે કે જ્યારે તેના આગળ એવાં બે વજનો આવશે કે જેને હાથમાં લેતાં વજનના ભેદનો સહજ નિર્ણય તે નહિ કરી શકે, ને તેની આગળ ઉકેલવાનો પ્રશ્ન ઊભો થશે; જ્યારે તેના મનમાં થશે કે ભેદ છે પણ જણાતો નથી માટે ચાલ શોધું;

એ શોધમાં, અને એ શોધો માટે વારંવારના પ્રયત્નો એટલે પુનરાવર્તનની કળામાં, વિકાસની કેળવણી છે. આવી શોધ ઉપર બાળકને ઉપાડી જાય તેવાં વિશિષ્ટ સાધનોની ચોજના માટે વિશિષ્ટ સ્થળ અને વાતાવરણ આવશ્યક છે.

વળી સાધારણ રીતે નાનું બાળક લાંબી ટૂંકી, જાડી પાતળી, પહોળી સાંકડી વસ્તુઓના પરિચયમાં આવે જ છે. તેને તેના જાડા ભેદો સમજાય છે. તે ભેદ એટલા દેખીતા છે કે જેને આંખ હોય તે કુદરતી રીતે સમજે છે. પરંતુ જ્યારે બાળક આગળ દડાની પેટી આવીને પડે છે ને તે દસ દડાને તેનાં ખાનામાં નાખવા જાય છે ત્યારે તેની આંખ સહજપણે દડાને યોગ્ય ખાનામાં નાખવા અસમર્થ દેખાય છે. પહોળા ખાનામાં નાનો દડો નાખવાની કે નાના ખાનામાં મોટો દડો નાખવાનો પ્રયત્ન કરવાની બાળક જ્યારે ભૂલ કરતું લાગે છે, ત્યારે સમજાય છે કે હજી બાળકની આંખની ખરી કેળવણી બાકી છે. બાળક ભૂલ કરે છે ત્યાં જ તેને કેળવવાની જગા છે; ત્યાં જ તેને પોતાને કેળવવાનું સ્થળ જણાય છે; ત્યાં જ તે અટકીને ઉભેલું હોવાથી તેને ત્યાં જ પ્રયત્ન કરવાનો રસ આવે છે, ને ત્યાં પ્રયત્ન કરીને તે આગળ વધી શકે છે.

ચ્આથી જ દફ્ટા નાખવાની ભૂલ તેને દફ્ટાની ભૂલ શોધવા પ્રેરે છે; ભૂલ શોધવા માટે તે અનેક પ્રયત્નો કરે છે ને આખરે ભૂલ શોધી કાઢી આગળ વધે છે. બાળકને પોતાની શક્તિ અશક્તિનું ભાન કરાવી, અશક્તિને દૂર કરવા માટે પ્રેરી, અશક્તિમાંથી મુક્ત કરે તેવું સાધન ઘરની ચીજોમાં તૈયાર હોતું નથી, હોઇ શકે નહિ.

દફ્ટાની પેટીથી વારંવાર રમનાર બાળકને જેમણે જોયું છે તેમને શંકા નહિ હોય કે ઇંદ્રિય-વિકાસમાં પરિમાણ-પરિચય માટે જે સંબંધ અને ક્રમિક યોજના જોઇએ, તે માટે જે સ્વયંજિજ્ઞાસા ઉત્પન્ન કરનાર અને પ્રયત્નો પછી તૃપ્ત કરનાર સાધન જોઇએ, તે ઘરની ચીજોમાં નથી હોતું. ઘરની તેમ જ બહારની ચીજોમાં પરિમાણો, રંગો, ધ્વનિઓ વગેરે ઇંદ્રિયગમ્ય અનુભવોની સામગ્રી છે; પણ ઉપર માગવામાં આવી છે તેવી સૂક્ષ્મ અને સંસ્કારી કેળવણી જગાડે અને સિદ્ધ કરે તેવી વ્યવસ્થિત અને ક્રમિક રીતે એ ગોઠવાયેલ નથી.

આમ જ મનની આગળની કેળવણી માટે ભૂમિકા રૂપે ઘરમાંથી બાળકને ઘણું મળ્યું છે. પરંતુ જેવું જે જાતનાં ચોક્કસ ને વ્યવસ્થિત

સાધનો અને સમતોલ પરિસ્થિતિ વચ્ચે બાળકનો માનસિક વિકાસ આગળ જવા માગે છે, તે જાતનાં સાધનો અને તેવી પરિસ્થિતિ પ્રત્યેક ઘરમાં પડેલી નથી. વળી પાછો દૃષ્ટાનો જ દાખલો લઈએ.

બાળક એક દડો હાથમાં લઈ તેને કયા ખાનામાં નાખવો તેનો વિચાર કરે છે; તેને માટેનું યોગ્ય ખાનું ગોતવામાં તે સામ્ય ને તેની સાથે જ સ્વાભાવિકપણે આવી જતા વિરોધ અને ક્રમનો વિચાર કરે છે. આવું ભૌમિતિક ખાનાની પેટીમાં, રંગની તખતીઓમાં અને એકંદરે બધાં પ્રબોધક સાહિત્યોમાં બને છે. ઉપર કહ્યાં તે પ્રબોધક સાહિત્યો વાપરતાં બાળક સરખામણી, તુલના, નિર્ણય, નિશ્ચય વગેરે જે બુદ્ધિનાં અંગો છે તેને ખીલવે છે.

વળી બાળક વધતી જરૂરિયાત માટે જે વિશાળ ક્રિયાક્ષેત્ર માગે છે, જે વિધવિધ પ્રવૃત્તિઓ તેને ઉપકારક છે, તે ઘરમાં નથી મળતી; તેમ જ તે દરેક ઘરમાં આવી શકે તેમ બને તેમ નથી. સ્વાભાવિક રીતે જ સ્થળ અને પૈસા બન્ને દૃષ્ટિએ આજનું ઘર તેવી સામગ્રીની વ્યવસ્થા કરી શકે નહિ.

ઘોરો કે કેળવણીકારો માન્ય કરે તેવાં બાંધિયો

અનેક સમને કેળવવાનાં શાસ્ત્રીય સાધનો ઘરમાં મૂકી શકાય તેમ છે, રમવાની પૂરતી છૂટ આપી શકાય તેટલું વિશાળ ઘર છે; તેમ જ તેવો ખર્ચ કરવા પિતા સમર્થ છે; છતાં તેટલાથી તે વર્ગમાંનો બાળક જે બહુવિધ વિકાસ કરવા માગે છે તે થઇ શકશે નહિ. એક તો શાસ્ત્રીય સાધનનો યથાર્થ ઉપયોગ કેમ થવો જોઇએ તેની માહિતી લેવાનું બધાં માબાપોથી બને તેમ નથી; તેમ બધાં માબાપોને તેવાં કામ માટે પૂરતી ફુરસદ, રસ અને આવડત હોય તે વિષે શંકા લાગે છે. તેથી શાસ્ત્રમાન્ય સાધનો માત્ર વસાવીને વધતી જતી ઉંમરનાં બાળકને કેળવણી આપવાનો કૃતેહમંદ પ્રયત્ન આપણે ઘરમાં કરી શકીશું નહિ. ઉપલા વિચારને બાજુએ મૂકીએ તો પણ બાળકને જે વિશાળ સામાજિક જીવનની જરૂર છે તે ઘરમાં ક્યાંથી મળે? ઘરનાં એ ચાર બાળકો ઉપરાંત શેરીનાં કે સગાંવહાલાંનાં એ પાંચ બાળકોનું સહજીવન સામાજિક જીવનનાં પાઠો શીખવા માટે પૂરતું નથી. કારણ કે ઘરનાં કે અંગત અને એક જ દરજ્જાનાં બાળકો એટલે તો એક જ વાતાવરણ, એક જ વ્યક્તિ. એમાં સમાજની વિવિધતા નથી, સમાજની દરજ્જાની ઉચ્ચનીચતા નથી, એમાં શક્તિઓની વિવિધતા

ઓછી જડશે, ને મોટાંઓ મોટાઈના વાતાવરણમાં જીવી મોટાઈનાં ખોટાં અભિમાની થશે. એમ તો રાજા અને શ્રીમંતનાં બાળકોની આસપાસ સમાજ હોય છે; પણ તે કાં તો પોતાના જેવો જ અથવા કેવળ ગુલામોનો. સર્વસામાન્ય મધ્યમ દરજ્જાનું સમાજજીવન જીવવાનું રાજમહેલ કે ઘરની બહાર જ મળવું જોઈએ, અને મળી શકે. ત્યાં રાજા અને રંક એક જ આસને શીખે, એક જ ઘોડીએ કસરત કરે, એક જ પ્રકારનો નાસ્તો કરે, ને એકબીજાનો દરજ્જો ભૂલી જઈ એકબીજાના સંબંધો કેળવી એકબીજાના અંતરની સરખાઈને લીધે દોસ્તો બને. આ સામાજિક વાતાવરણ શેરીના વાતાવરણ જેવું બિનજવાબદાર અને બદીઓથી ભરેલું ન હોય. જેમ નકામાં છોડને નીંદીને આગ સારો કરવામાં આવે છે, તેમ વિરોધક અને બગડેલાં બાળકોથી મુક્ત અને બીજી ખરાબ અસરોથી સુરક્ષિત રાખવાની કાળજી જેમાં લેવાતી હોય તેવું વાતાવરણ જ પોષક નીવડે. આવું સામાજિક જીવન બાળકને જે ઉંમરે જોઈએ તે ઉંમરે જ તેમને તે મળે તે માટે યોજના કરવી જોઈએ.

આ બધું જોતાં લાગે છે કે શાળા થી ૬ વર્ષના બાળકને પોતાનું ઘર દૂર કેમ પડે છે; શેરીનું

વાતાવરણ ચોગ્ય નથી; વળી ઘરને વિકાસનું સ્થાન બનાવવા ચાહીએ તો પણ બની શકવાની ઘણી મુશ્કેલીઓ છે. માટે બાળકોની જરૂરિયાતો પૂરી પાડે તેવા એક બાલગૃહની જરૂર છે.

ઘરથી વિશાળ છતાં ઘરની ઢબના, શેરીનાં એટલે સમાજનાં બાળકો જ્યાં ભેગાં થાય તેવા પણ શેરીની નિરંકુશતા વિનાના, માબાપની ખોટ પૂરી પાડે છતાં કેળવણીના ખાસ અભ્યાસી અને તે જ કામ ઉપર બેઠેલા શિક્ષકોવાળા, કુદરત અને ઘરમાંથી જે શરીર અને ઇંદ્રિયોનો વિકાસ મળી રહે છે તેને તેથી પણ વધારે ને તે વ્યવસ્થિતપણે આપવાની જેમાં ગોઠવણ છે એવા, વિકાસ માટે જે સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિ પાયા રૂપ છે તે આપનારા છતાં બાળકને ઉચ્છૃંખલ થતું કે પરતંત્રતા તરફ જતું રોકીને રસ્તે મૂકે તેવા-ટૂંકમાં બાળક પોતાનામાં રહેલી અનંત શક્તિઓના સાક્ષાત્કારને માર્ગે જાય તેવા બાલગૃહની ૨॥ થી ૬ વર્ષની ઉંમરનાં બાળકો માટે પરમ આવશ્યકતા છે.

ડૉ. મોન્ટીસોરીએ સને ૧૯૦૭માં ઇટલીના રોમ નગરમાં પહેલવહેલું 'બાલગૃહ' સ્થાપ્યું. અહીં તેણે બાલવિકાસ માટેની શાસ્ત્રીય સગવડ

મૂકી બાળકને વિકાસને આર્ગે મૂકયું, ને બાલવિકાસનું અદ્ભુત આશ્ચર્યમૂઢ કરે તેવું ને હર્ષાશ્રુ પડાવે તેવું દર્શન કર્યું અને કરાવ્યું. ત્યારથી બાલગૃહનો વિચાર નવી જૂની સઘળી દુનિયાએ ઉપાડી લીધો છે.

અત્યાર સુધીમાં દેશ પરદેશમાં બાલગૃહોની સંખ્યા વધતી ચાલી છે. આપણે પણ 'બાલગૃહ'નો વિચાર ઝીલીને તેને અજમાવીએ.

નવી દૃષ્ટિ

તારાબેન

૧

નવી દૃષ્ટિ

પણ વિચારકો કહે છે કે આજે બાલયુગ બેઠો છે. એટલે શું ? આજ દિવસ સુધી બાળકો ન હતાં ? શું આજ દિવસ સુધી બાળકો માટે કશું થતું ન હતું ? બેશક બાળકો તો હતાં જ. તેઓ ઉછેરાતાં પણ હતાં. તેમનું લાલનપાલન થતું હતું, ને તેઓ મોટાં પણ થતાં હતાં. તેમને ભણાવાતું પણ હતું. આજે બાલયુગ બેઠો છે એનો અર્થ એ કે આજે મનુષ્યની બાળકો પ્રત્યેની દૃષ્ટિમાં ફેર પડ્યો છે. આજની દૃષ્ટિ બદલાઈ છે.

મનુષ્યસમાજ પ્રગતિ તરફ ધસે છે. પ્રગતિ કરવા માટે તે અનેક પ્રયત્નો કરે છે. આ પ્રયત્નોમાં પ્રથમ પુરુષે પોતાને માટે પ્રયત્ન કર્યો. તેમ કરી તે શારીરિક, બૌદ્ધિક, આધ્યાત્મિક અને આધિભૌતિક એમ સઘળી દિશામાં આગળ

વધ્યો. પણ વખત જતાં તેને જણાયું કે તેની પ્રગતિ અપ્રતિહત થતી નથી. જાણે કે પગમાં બેડી હોય ને તે દોડવા જતો હોય એવો તેને અનુભવ થયો. કારણ શોધતાં તેને જણાયું કે સ્ત્રીને પાછળ રાખીને પોતે આગળ વધે છે, ને તેમ થતાં તે પાછો પડે છે. ત્યારથી સ્ત્રીની ઉન્નતિના પ્રયત્નો ચાલ્યા. તે વિષેના બધા પ્રશ્નો ચર્ચાયા; બધી બાજુઓ વિચારાઈ, પ્રયોગો થયા, અનુભવો કર્યા; ને સ્ત્રીની ઉન્નતિ ઠીક આગળ વધી. છતાં અંતે માલૂમ પડ્યું કે હજી કાંઇક અધૂરું છે: તપાસ કરતાં વળી જણાયું કે વ્યક્તિ સ્ત્રી હોય કે પુરુષ હોય—ઉન્નતિના પ્રયત્નોની શરૂઆત મૂળ-માંથી થાય તો જ મનુષ્યની પ્રગતિ ખરે માર્ગે ને નિર્વિઘ્ને થઇ શકે. મૂળમાં જે ભૂલો રહી જાય છે તે આગળ જતાં સુધારાતી જ નથી. મૂળમાં-કૂણી ઉંમરે વાંકુંચુકું થઇ જાય છે તે આખર સુધી વાંકું જ રહી જાય છે. મૂળમાં જે ગૂંગ-ળામણ ને મૂંઝવણ થાય છે તે આખી જીંદગી સુધી માણસના વિકાસની આડે આવ્યા જ કરે છે. વિચારકો એ જ વિચાર ઉપર આવ્યા; વિજ્ઞાનશાસ્ત્રીઓના માનસઅભ્યાસે એ જ કહ્યું; રાજકારણના અભ્યાસીઓ પણ આટલા દિવસની

પ્રગતિ પૂંછડી પણ માણસની પ્રાથમિક અવસ્થા જોઇને એ જ નિર્ણય ઉપર આવ્યા; શિક્ષણશાસ્ત્રીઓની નજરે પણ એ જ વાત પડી.

આજે બધા કહે છે કે હવે બાલયુગ બેઠો છે. એટલે કે હવે મનુષ્યજાતિના મૂળમાંથી અભ્યાસ શરૂ કરવાની અગત્ય જણાઇ છે. આજે હવે જીવનના આરંભથી જ મનુષ્યને જીવવા દેવું જોઇએ એ વિચાર ઉપર બધા આવ્યા છે. અર્થાત્ બાળકથી જ માંડી મનુષ્યવિકાસના પ્રયત્નો થવા જોઇએ એમ સ્વીકારાયું છે.

નવી દૃષ્ટિ બાળકને માત્ર બાળક તરીકે નહિ પરંતુ એક મનુષ્ય તરીકે ગણશે. જૂની દૃષ્ટિએ બાળકો મોટાંઓની સત્તા નીચેની પ્રજા માત્ર હતાં; તેમનું જીવન સત્તાધીન હતું. આજે નવા વિચારો સાથે નવી દૃષ્ટિ આવી છે. નવી દૃષ્ટિમાં બાળકો મોટાંઓની મદદથી પરંતુ સ્વતંત્ર વ્યક્તિત્વ ખીલવતી એક સ્વતંત્ર પ્રજાનાં હક્કો ભોગવંતી ઉગતી પ્રજા તરીકે જીવશે. નવી જૂની દૃષ્ટિનો આ એક તફાવત. આ ફેરફાર જમીન આસમાનનો છે. આ ફેરફારની સાથે જ બાળઉછેર અને બાલશિક્ષણમાંયે ઘટતા સુધારાં થયાં છે, થતાં જાય છે. આ દૃષ્ટિના ફેરફાર સાથે શિક્ષણની પણ દિશા

બહલાંઈને નવી દિશામાં જવાની શરૂઆત થઈ છે. આ નવી દિશામાં જતાં જતાં શિક્ષણનાં નવાં સાધનો, શિક્ષણની નવી પદ્ધતિઓ; શિક્ષણ વિષેની નવી માન્યતાઓ ખીલશે ને ચોક્કસ થતી જશે. આ નવા માર્ગે જતાં જતાં આજે બાલશિક્ષણમાં જે પ્રદેશો ઉપર અંધારૂં છે તેના ઉપર આસ્તે આસ્તે અજવાળું પડતું જશે, ને ધીમે ધીમે ઘણા નવા પ્રદેશો પણ ઉઘડશે.

આ નવી ઉઘડતી દૃષ્ટિ માટે ખાસ કરીને બે વર્ગે તત્પર થવું પડશે.

બાલશિક્ષણ ને બાલઉછેરની સાથે હમેશ કામ પાડનારા આ બે વર્ગ એટલે એક શિક્ષકવર્ગ અને બીજો માબાપવર્ગ. આની અંદર દુનિયા આવી જાય છે. આ બે વર્ગે આ નવી દૃષ્ટિને નવી દિશાનાં મૂળભૂત તત્ત્વો શાં છે તે જાણી લેવાં જ જોઇશે. અર્થાત્ શિક્ષકો અને આખી જનતાએ બાળકો પ્રત્યેની સાચી દૃષ્ટિ મેળવવી જ જોઇશે. કોઈ એકાદ શિક્ષકને પોતાનાં બાળકો સોંપી દીધાં, કે તેમને કોઇ શાળામાં બેસાડી દીધાં એટલે બાળકો પ્રત્યેનું માબાપનું કર્તવ્ય પૂરૂં થયું એવું હવે નહિ ચાલે. વળી જે આવે તેને નકામી ક્યાં પ્રમાણે ઠોકી ઠોકીને ભણાવી દેવાનું પણ

વે નહિ ચાલે. નવા બનેલા શિક્ષકો જ હવે તો માબાપોને શાંતિથી રહેવા દેશે નહિ. તેમની નવી દૃષ્ટિ ભણવા માટે નિયત કરેલા વિષયો નિશ્ચિત કરેલા વખતમાં બાળકના મગજમાં ભરી દેવાનું કુખ્યૂલ નથી કરતી. બાળકના સમગ્ર જીવનનો એટલે દિવસના ચોવીશે કલાકના જીવનનો તેને વિચાર કરવાનો છે; તે માટે તેને માબાપનો સહકાર સાધવો અનિવાર્ય છે.

ધારો કે શિક્ષક કે બીજું કોઇ માબાપોને ખાસ જગાડવા ન જાય, તોયે માબાપોથી સ્વસ્થ કેમ બેસાય ? તેમને બાલયુગની હવા જ સ્વસ્થ રહેવા દેશે નહિ. તેઓ વેપારમાં પરોવાઇ રહેલાં હશે તો ત્યાં પણ બાલયુગ તેમને જગાડશે; રાજકારણમાં મશગુલ રહેતાં રહેતાંયે તેમને બાળકના વિકાસનો જ વિચાર કરવો પડશે. ઘરમાં માતાઓને પણ આ નવા યુગની હવા હલાવશે. છોકરાં કજિયો કરે છે માટે મારો એક લાકડી કે દે ગાળો, એમ હવે માતાથી થઇ શકશે નહિ. નવયુગના નવા વિચારો એટલા પ્રબળ જોસથી વહે છે ને એટલા સ્વતઃ આણુવાન છે કે તે ચાર દીવાલથી બાંધેલાં પ્રત્યેક ઘરમાં પણ જવાના

અત્યાર સુધી મોટપણમાં કલાણો કલાણ

જરૂર પડે છે માટે નાની ઉંમરમાં જ તે શીખવી દેવું, આ તત્ત્વ ઉપર શિક્ષણ ને ઉછેર ચાલ્યાં. અત્યાર સુધી બાળકનો વિચાર મોટા માણસ ઉપરથી થતો. પણ હવે એમ સમજાયું છે કે એ તો પહેલાં ગાડું ને પાછળ બળદિયા રાખવા જેવું છે. મોટાંઓ ઉપરથી નાનાંઓનું નક્કી કર્યે કામ કેમ આવે? હા, નાનપણ ઉપરથી મોટપણ નક્કી થાય; પાયા ઉપર મકાન ચણાય. માટે નવી દૃષ્ટિ કહે છે કે પ્રથમ નાનપણ જોવું જોઇએ, તે તપાસવું જોઇએ, તેને સમજવું જોઇએ; ને તે ઉપર બાલ-શિક્ષણના સિદ્ધાંતો ને તેનો અમલ થવો જોઇએ.

એક નાનો દાખલો લેવાથી ઉપલો વિચાર સ્પષ્ટ થશે. ધારો કે એક ત્રણ વરસનું બાળક દીવાસળીની ડાબલીમાંથી દીવાસળીઓ બહાર કાઢી નાખે છે, ને અંદર ભરે છે. આપણા જૂના ને સહેલા નિયમો પ્રમાણે "દીવાસળી લઇશ નહિ; દીવા-સળીઓ બગડશે. આગ કરીશ ને દાઝીશ." વગેરે કહીને માબાપ ડાબલી લઇ લેશે. પણ હવે તો 'હા' કે 'ના' પાડતા પહેલાં માબાપોએ કે પાલકોએ એક ક્ષણ ઉભા જ રહેવું જોઇશે, ને જોવું જોઇશે કે બાળક શું કરવા માગે છે. શું બાળક ડાબલી તોડવા માગે છે? શું દીવાસળીઓ નાખી

દેવા આગે છે? શું દીવાસળીઓ સળગાવવા માગે છે? શું દીવાસળીઓ અંદર ભરવા માગે છે? કે દીવાસળીઓ જોવા માગે છે? કે તેના હાથથી તેને તપાસી જોવા માગે છે? કે પોતે તેનો ઉપયોગ શોધી કાઢવા માગે છે? કે તે શું કરવા માંગે છે? બાળકને કામ કરતું બરાબર જોઇને, વારંવાર જોઇને, જરૂર પડે ત્યાં બાળક સાથે વાતચીત કરીને; બાળક શું કરવા માગે છે તે જોયા પછી જ તે બાબતમાં આપણે શું કરીએ તો બાળકને માટે યોગ્ય કર્યું, તેનો વિચાર નવી દૃષ્ટિ સામે હશે.

અર્થાત્ દરેક બાળઉછેરકને બાળઅવલોકનકાર થવું જ જોઇશે. બાળકોનું જીવન, બાળકોની ક્રિયાઓ, તેમનું રાજી થવાપણું, બધું ઝીણવટથી તપાસીને તેમની સાથે કામ પાડી શકવા સંમર્થ થવા સાથે દરેક માબાપે માનસવ્યાપારોમાં ઉંડા ઉતરતાં શીખવું પડશે, અને તે માટે દિન પ્રતિદિન ઉંડી અવલોનશક્તિ કેળવવી પડશે.

અને તે માણસો જ ઉંડી અવલોકનશક્તિ મેળવે છે કે જેઓ પોતાના મનના રોજના તંદુરસ્ત સ્થિતિના વ્યાપારો જાણી શકે છે. આપણે આપણા નવા કામને યોગ્ય થવા આત્મનિરીક્ષણ

કરતાં શીખવું જ પડશે. નવા યુગમાં જીવનની આ એક નવી ફરજ આપણે માથે આવી પડે છે.

વળી અવલોકન માટે અપણી આંખ ઉઘડી જવી જોઇશે. તેની સાથે શિક્ષણ એટલે શીખવી દેવું, એ સંબંધેનો આપણો ખ્યાલ ચોખ્ખો થવો જોઇશે. બેશક બાળક શીખે તે જરૂરનું છે. પણ જ્યારે આપણે તેને શીખવાડીએ છીએ ત્યારે તો તેની શીખવાની શક્તિનો હ્રાસ કરી અપંગ કરીએ છીએ; ને પછીથી આપણા શિક્ષણ ઉપર અવલંબનાર ગુલામ કરીએ છીએ. શિક્ષણ ને સ્વયંશિક્ષણ વચ્ચેનો ભેદ જાણવો ને પ્રત્યક્ષ જીવનમાં ઉતારવો એ નવી દૃષ્ટિ મેળવવાનો માર્ગ માં સૌથી અઘરી વસ્તુ છે. આજ સુધીના આપણા સંસ્કારો આપણને બીજી જ દિશામાં ખેંચે છે. અત્યારની આપણી આસપાસની પરિસ્થિતિ પણ આપણને બીજી જ દિશામાં તાણે છે. આ તત્ત્વ જાણનારનેય પણ બાળકને સહેજ શીખવાડી દેવાનો મોહ છૂટતો નથી. શીખવી દેવાનો મોહ ત્યારે જ છૂટે કે જ્યારે આપણે બાળકને પોતાની જાતે જ્ઞાન મેળવવા છૂટું મૂકીશું, ને જ્યારે બાળક પોતે તેની આસપાસની દુનિયાને જાણવાના પ્રયત્નમાં જ અથાગ મહેનત કરતું, અસાધારણપણે

એકાગ્ર દેખાશે, ને જ્યારે તેની નિરર્થક દેખાતી બધી ક્રિયાઓની પાછળ જ્ઞાન મેળવવાના તેના પ્રયત્નોને આપણે સમજી શકીશું. બાળકને છૂટું મૂકી જ્યારે આપણે તેને અવલોકીશું ત્યારે આપણને તેની સ્વયંશિક્ષણ લેવાની શક્તિનાં દર્શન થશે; ને ત્યારે જ શિક્ષણના લોભમાંથી આપણે મુક્ત થઈ બાળકનાં સ્વયંશિક્ષણનો પંથ ખુલ્લો મૂકીશું ને તેના માર્ગમાં આપણે મદદ કરીશું.

જ્યારે બાળકોને સ્વંશિક્ષણના માર્ગે જતાં જોઈશું ત્યારે આપણને ખબર પડશે કે બાળકનું સ્વયંશિક્ષણનું કારણ સ્વયંરસ છે; ત્યારે આપણને સ્વયંશિક્ષણ જ કેવળ સ્વાભાવિક લાગશે. બાળકને પોતાની આજુબાજુની વસ્તુઓ સુંવાળી છે કે ખરબચડી છે, રાતી છે કે લીલી છે, વગેરે વસ્તુઓના અનેક ગુણધર્મો જાણવાનો અંદરથી રસ છે જ; માત્ર આપણે તેને તેના પોતાના કામમાં મશગુલ રહેવા દેવું જોઈએ. બહારથી જાતજાતનાં કામો તેના ઉપર લાદવાનું બંધ કરશું તો બાળક પોતાના રસનાં કામો શોધી કાઢશે, ને તેમાં પોતાથી જ મંડી પડશે.

આપણે ઘણી વાર કહીએ છીએ કે ઘરમાં બાળક કેમ શીખી શકે ? એ નિશાળે જાય તો

ત્યાં જરા માસ્તરનો ભય રહે, શાળામાં સાથેનાં છોકરાંઓ ભણવામાં આંગળ જશે ને પોતે પાછળ રહેશે એવી ચિંતા હોય, તેમ જ પહેલો નંબર કે ઉપલો નંબર મેળવવાની હોંશ હોય; વગેરે ત્યાં બધું હોય છે તેથી બાળક ત્યાં શીખે છે. ઘર જુદી જાતની જગા છે.

નવી દૃષ્ટિએ આપણે જોવા લાગશું એટલે દેખાશે કે બાળકનો સ્વયંરસ એ જ સાચો રસ છે. તે તેને કારણે કામ ઉપર મંડી પડે છે, ને તે જ સાચી એકાગ્રતાની કેળવણી છે; તેમાં જ ખરી ક્રિયાશક્તિ કેળવાય છે. સ્પર્ધા, ધનામ, માસ્તરનો ભય વગેરેથી કામ થતું દેખાય છે; પણ તેથી ખરો અંદરનો પ્રાણ હણાય છે. ઉલટું અંદરનો રસ વહ્યો જાય છે. અંદરથી ક્રિયાશક્તિ કેળવાતી નથી. એ બધાં બહારથી દબાણ કે ઉશ્કેરણી માત્ર છે. તે હોય ત્યાં સુધી જ કામ છે. દિવસે દિવસે બહારની ઉશ્કેરણીનું પ્રમાણ વધારવું પડે છે; ને જેમ જેમ એ વધારીએ છીએ તેમ તેમ બાળકની અંદરની શક્તિઓ નિર્બળ બને છે.

ખરું બળ બાળક ત્યારે કેળવે છે કે જ્યારે અંદરના આકર્ષણને કારણે ને રસના કારણે સ્વયં-પ્રેરિત થઈને કોઈ પણ કામની પાછળ તે પડે છે.

આવી રીતે માત્ર શારીરિક કે બૌદ્ધિક બળ જ નહિ, પણ સાચું નૈતિક બળ પણ કેળવે છે. કારણ કે નૈતિક બળ એટલે માણસ જે યોગ્ય ધારે તે યથાર્થ પ્રત્યક્ષ કરવાની તેની શક્તિ. સ્વયં-રસથી શોધેલી સ્વયં-પ્રવૃત્તિઓની પાછળ પડીપડીને તેમ જ પ્રત્યક્ષ ને સક્રીય અનુભવ કરીકરીને બાળક પોતે યોગ્ય ધારવાની, ને ધાર્યું પાર પાડવાની શક્તિ કેળવે છે. અર્થાત્ તે ચારિત્ર્યને ઘડે છે.

વળી દરેક બાળક બધી દિશામાં એક સરખો વિકાસ કરવા માટે સરજાયેલું હોતું નથી. કેટલાંએક બાળકો બધી બાજુઓમાં સાધારણ ઠીક ઠીક વધે છે, ત્યારે કેટલાંએક બાળકો અમુક અમુક દિશામાં જ વિશેષ રીતે જાય છે. બધાં બાળકોને એક જ સંચામાં નાખીને એક જ બીબામાંથી પસાર કરવું એ બાળકોની શક્તિઓનું ખૂન કર્યા બરાબર છે. આજે બધા વિષયોમાં બધાં બાળકોને પારંગત કરવાનો મિથ્યા આગ્રહ શિક્ષણની દુનિયામાં જંગલી ગણાતો જાય છે. બાળક પોતાના ખરા રસના વિષયો શોધી કાઢે અને તેમાં પ્રાવિણ્ય મેળવી આત્મસંતોષ મેળવે એટલે તેનું શિક્ષણ સાર્થક છે. કોઇ પણ એકાદ શક્તિ પણ બાળક સંપૂર્ણપણે વિકસાવશે તો જરૂર તે શક્તિનો તે

મહા પુરુષ ગણાશે. તેના જીવનને તેમાં સુખ અને શાંતિ મળશે. દુનિયાનું ભલું પણ તેમાં જ વધારે થશે. માટે માબાપોએ ને શિક્ષકોએ બાળકને જે વિષયોમાં રસ નથી, જે તેમને આવડતા નથી, તેની પાછળ બાળકને પાડીને તેની શક્તિઓનો વિના કારણ વ્યય કરવાનો ધંધો અને મોહ છોડી જ દેવાં જોઇશે. માબાપો એક વાર પોતાનાં બાળકોની શક્તિઓનો આજની શાળાઓમાં થતો દુરુપયોગ સમજશે એટલે જરૂર મનુષ્યની સમગ્ર કેળવણીનું ઘોરણ તેઓ જ ફેરવવા નીકળશે. ત્યારે અત્યાર સુધીની વિદ્યાપીઠો માત્ર મકાનો જ રહેશે. અત્યારે સુધી બાળકો નકામા એવા અભ્યાસમાં હેરાન થયાં એ માબાપોએ સહન કર્યું છે. શિક્ષકે તેમ કરાવવામાં મદદ આપી છે. એવાં તો કેટલાંયે માબાપોએ ને શિક્ષકોએ બાળક સંગીતનું શોખીન છે, ભાષાપ્રિય છે, ને માત્ર ગણિતમાં તેનું મગજ ચાલતું નથી, એવું ચોક્કસ જાણતા છતાં તેના પ્રિય વિષયો તેની પાસેથી છીનવી લઇ તેની આગળ ગણિત જ કરાવ્યું છે. આજ લગી આપણે બધાં ઉંધે રસ્તે ચાલીને બાળકોને પોતાના વિષયમાં ખૂબ આગળ જતાં અટકાવ્યાં ને એકંદરે એક અતિ સામાન્ય (મિડિયોકર)

વિદ્યાર્થી બનાવવામાં પોતાની જાતને કૃતકૃત્ય માની પરંતુ હજુ આવતી કાલે છે ને આ નવી દૃષ્ટિ આવતી કાલનો સૂર્ય ઉગાડી રહી છે.

આપણે કેળવણીની નવી દૃષ્ટિ પ્રાપ્ત કરીએ તો આપણી પુસ્તકિયાં જ્ઞાન પ્રત્યેની દૃષ્ટિ પણ બદલાઈ જાય. અત્યાર સુધી જ્ઞાન માત્ર પુસ્તકોની સંખ્યાથી મપાતું હતું; અથવા આપણે કેટલા વિષયો જાણ્યા, કેટલી વિગતો મગજમાં ધારણ કરી તે તપાસીને આપણા જ્ઞાનનું માપ કાઢવામાં આવતું. પરંતુ હવે માત્ર વિષયના જ્ઞાનને ગૌણપદ મળે છે; નવી કેળવણીથી આપણે જ્ઞાન મેળવવાનાં સાધનોને તૈયાર કરવા માગીએ છીએ કે જેની મદદથી માણસ ગમે ત્યાં જાય તો જ્ઞાન મેળવી શકે. બાળક દસ વરસનું થાય, ને ધારો કે તેને ચોથી ચોપડી કડકડ વાંચતાં ન આવડતી હોય તો તેથી ચોંકી જવાનું નથી. દસ વરસની ઉંમરે બાળકની માનસિક શક્તિઓ જેટલી ખીલવી જોઇએ તેટલી ખીલેલી છે કે નહિ તે જ આપણે જોવાનું છે; ને તે ન ખીલી હોય તો તેનાં કારણો તપાસીને યોગ્ય પગલાં લેવાનાં છે. તેની આગળ એક કવિતા ગાઇએ તો તેનો ભાવ તે કેટલો ઝીલી શકે છે, વાતોમાં તેની તર્કશુદ્ધિ

કેટલી છે, તે વિચારની અસંબદ્ધતા કેટલી પારખી શકે છે, વગેરેની તપાસ જરૂરની છે. અક્ષર ઉકેલવા કે અક્ષર લખવા એ કાંઇ મોટા બુદ્ધિનો વ્યાપાર નથી. એ તો એક યાંત્રિક ક્રિયા છે, કે જે મોંડી વહેલી બાળક સાધ્ય કરી શકશે. ખરો વિકાસ તો શક્તિવિકાસ છે.

આપણું આજનું કામ નવી દૃષ્ટિ મેળવવાનું છે. એક વાર આપણે જો આ દૃષ્ટિ પ્રાપ્ત કરી શકીશું તો બાળઉછેરની અને બાલશિક્ષણની ઘણી ગૂંચો એની મેળે ઉકેલાશે. મૂળ દૃષ્ટિ ફરી નથી ત્યાં સુધી માત્ર થોડાએક પ્રશ્નોનો નિકાલ મેળવ્યે કાંઇ પણ વળવાનું નથી.

આજે દરેક માબાપનું એ પવિત્ર કર્તવ્ય છે કે પોતાનાં લાડકાં બાળકોના વિકાસમાં પોતે મદદગાર થવા માટેની જ્ઞાનસામગ્રી મેળવી લે. બાળકો પ્રત્યે સાચી રીતે જોવાની ખરી દૃષ્ટિ મેળવવામાં બધી જ્ઞાનસામગ્રી સમાઇ જાય છે.

૨

નવી બાલશાળા

આજની શિક્ષિત દુનિયામાં ડૉ. મોન્ટી-સોરીનું નામ જાણીતું છે. આ બાઇએ નવી બાલશાળા કાઢેલી છે. આને બરી રીતે બાલશાળા કહેવા કરતાં બાલગૃહ કહેવું જોઇએ. કારણ કે સામાન્યતઃ શાંળા શબ્દથી આપણને જે ખ્યાલ આવે છે તે જાતની આ શાળા નથી. પરંતુ બાળક જીવી શકે એવું એ સુંદર ઘર છે.

આ શાળામાં બેસાડવાની ઉંમર અઢી વર્ષની છે. આ એક આની વિશેષતા છે. હજી પૂરતું બોલતાં પણ આવડતું ન હોય એટલામાં બાળકને શાળામાં મોકલવાનું શરૂ કરવું જોઇએ. કોઇ કહેશે આ શો જુલમ? આટલી નાની ઉંમરથી બાળક ઉપર ભણવાનો બોજો? આનો જવાબ આવી બાલશાળાને એક જ મુલાકાત આપવાથી મળી રહેશે. બાલશાળા બાળકો ઉપર બોજો નથી મૂકતી, પણ બાળકોને ખીલવાની ને વધવાની સગવડ કરી આપે છે. તેથી બાળક સામાન્ય શાળામાં ભણે છે તેમ અભ્યાસના ભાર નીચે ચગદાઇ

જતું નથી, પણ જીવવાની ઉત્તમ તક મળવાથી પ્રફુલ્લ થાય છે, ને શરીરમાં ને મનમાં વધે છે.

પ્રશ્ન થશે કે આટલાં નાનાં બાળકો ત્યાં જઈને શું કરતાં હશે? જવાબ આ રહ્યો. જુઓ, પેલું બાળક વાળે છે. એના હાથમાં નાનીશી સૂપડી ને નાનીશી સાવરણી છે; પાસે કચરાનો ઢગલો છે. તે ઝીણામાં ઝીણો કચરો સૂપડીમાં લઈને ઢગલામાં નાખે છે. બાળક સૂપડી સાવરણી વાપરતાં શીખે છે; હાથ ને શરીરનો કાબૂ મેળવે છે; સાથે સ્વચ્છતા પ્રત્યે પ્રેમ કેળવે છે, ને જાતે ઘર સ્વચ્છ રાખવાની શક્તિ મેળવે છે. આ વિભાગમાં ટેબલો, બારીબારણાં વગેરે કપડાથી અગર પાણીથી સાફ કરવાં, પોતાનાં રમકડાં સાફ કરવાં, આસનો સંકેલીને ગોઠવવાં વગેરે પ્રવૃત્તિઓ આવે છે.

આ બીજું દૃશ્ય જુઓ. એક ત્રણ વર્ષનું બાળક બીજાને પાણી પીવરાવે છે. આસ્તેથી ગોળાઢાંકણું નીચે મૂકે છે; પાણી લેવાની ટબુડી લે છે, ને વ્યવસ્થિત રીતે બધાંને પાણી પીવરાવે છે. જમવું, પાણી પીવું, દિશાએ જવું વગેરે બાળકને કરવી પડતી હમેશની ક્રિયાઓ છે. આ ક્રિયાઓ માટે બાળકો આપણા ઉપર આધાર રાખીને રહે છે. બાલશાળામાં તેમને પાણી કેમ

પીવાય, પીધેલો પ્યાલો ક્રમ વીંછળાય, શેનાથી પાણી લેવાય, શેમાં પીવાય, વીંછળીને ક્યાં નખાય, ગોળો ક્રમ ઢંકાય વગેરે બધી ક્રિયાઓ બતાવવામાં આવે છે. આવું બધું વ્યવસ્થિત રીતે કરવું બાળકોને એક રમત થઇ પડે છે. એક ક્રિયા એક વાર બતાવ્યા પછી તેઓ ભૂલતાં નથી.

બાલશાળામાં બાળકોના જીવનને લગતી એવી બધી પ્રવૃત્તિનો સમાવેશ હોય છે. જેમ કે હાથ ધોવા, મોઢું ધોવું, આંખ નાક વગેરે સાફ કરવાં, માથું ઓળવું, પોતાનાં કપડાં તપાસવાં, બુતાન વગેરે ઉઘાડાં હોય તો બીડી દેવાં વગેરે. અઢીથી ત્રણ વરસની ઉંમરે આ બધાં કામો બાળકે શીખવાની જરૂર હોય છે. બાલશાળામાં બાળકો તે રમત તરીકે કરે છે, ને હોંશે હોંશે કરવા દોડે છે. ઘરમાં પણ માબાપો બાલશાળાના આ વિભાગને જરૂર ઉતારે. મોટી ઉંમરે માણસો અસ્વચ્છ, અવ્યવસ્થિત ને અણઘડ દેખાય છે, તેનો ઉપાય તે વખતે અશક્ય છે. પણ અઢી ત્રણ વર્ષની ઉંમરે જો આ પ્રવૃત્તિ બતાવાય તો તેની આવડત ને તે પ્રત્યેનો પ્રેમ બન્ને બાળકમાં આવી શકે છે.

બાલશાળામાં એક સાધન લપસણું હોય છે.

લપસવું એ એક શારીરિક કસરતનો ભાગ છે. બાળકો આ લપસણા ઉપર ઘણી વાર ચત્તાં કે ઊંધાં સૂતાં સૂતાં લપસે છે. બાળકોના પગની શક્તિના પ્રમાણમાં તેમનું શરીર કાંઇક વધારે ભારે હોવાથી ભાખરભરિયા ચાલવું કે બેઠાં બેઠાં લપસવું, ઊંધાં સૂધને લપસવું, વગેરે કસરતો તેમને જરૂરની હોય છે. તેમનું શરીર તેવી કસરત માગે છે, ને માટે તેઓ તે કરે છે. આ વિભાગમાં શરીરતોલનની કસરતો પણ આવી જાય છે. જેમ કે ચાર ઇંચ પહોળા પાટિયા ઉપર ચાલવું, કઠેરાની પાળ ઉપર ને સીધા લીંટા ઉપર પગ પાસે પગ મૂકીને ચાલવું, હાથમાં પાણીનો વાટકો લઇને ચાલવું, દોડી ઉપર લટકવું, તાર ઉપર હીંચકા ખાવા વગેરે.

નવી શાળામાં પીરસવા વગેરેનું ઘરકામ પણ છે. પીરસવાનું કામ કરતાં બાળકોને જોઈએ છીએ. બાળકો પીરસે, જમવાની તૈયારી કરે, શણગાર ધૂપ વગેરે મૂકીને જમવાનો ઓરડો સુશોભિત કરે, જમ્યા પછી પ્યાલાઓ ઉટકે, વગેરે કામો જીવનની જરૂરિયાતનાં કામો છે. ભણેલો માણસ, એટલે જેને જીવનની જરૂરિયાતોને લગતાં એકેય કામની ખબર નથી એવો વ્યવહારમાં નાલાયક ને પરાધીન માણસ, એવી અત્યાર

સુધીની સ્થિતિ છે. પણ નવી બાલશાળામાં તેવું નથી. પોતાની મૂળ જરૂરિયાતોમાં જે સ્વાધીન છે તે જ આગળ જતાં સાચું; સ્વતંત્ર અને સ્વાભિમાની થઇ શકે.

બગીચામાં પાણી પાતા બાળકનું આ એક દૃશ્ય છે. એક બાળક ઝાડ પાસે ઉભું ઉભું ઝાડને જુએ છે. બાલશાળામાં આ બહારની પ્રવૃત્તિ: તરીકે ઓળખાય છે. ખુલ્લી હવામાં આ બધી પ્રવૃત્તિ ચાલે છે તેથી બાળકની તંદુરસ્તીને મદદ રૂપ છે. સિવાય એને કુદરતનો પરિચય આપતી પ્રવૃત્તિ તરીકે પણ ઓળખી શકીએ. બગીચો એને પ્રાણીઉછેરમાંથી બાળકો કુદરતનો સીધો પરિચય લે છે. કુદરત પાસે ઘણી જ અદ્ભુતતાઓ (wonders) છે. બાળકોને મન સૃષ્ટિ નવી છે. તેઓ સૃષ્ટિનાં રૂપરંગો ને નિયમો જાણી આનંદ પામે છે. સાથે સાથે વૈજ્ઞાનિક અવલોકનશક્તિ ને શોધકબુદ્ધિ કેળવે છે.

આ વિભાગમાં બાગકામ, પ્રાણીઉછેર, ફરવા જવું, જંગલનાં ફૂલપાન વીણવાં આદિ બધી પ્રવૃત્તિ આવે છે.

આ ઉપર વર્ણવેલી પ્રવૃત્તિઓ આજની આપણી ચાલુ શાળામાં સામાન્ય પ્રવૃત્તિ તરીકે

ગણાતી નથી. કોઇ કોઇ જગ્યાએ એમાંની થોડીએક–ફરવા જવું ને બાગકામ વગેરે–શાળામાં કરવાનો પ્રયત્ન છે. છતાં તેને ગણિત, ભૂગોળ કે ભાષાના વિષય જેટલી મહત્વની પ્રવૃત્તિ તરીકે ગણવામાં આવતી નથી. માબાપો પણ તેને વિશેષ કિંમત આપતાં નથી. "આ ફરવું હરવું ને મજા કરવી એ તો ઠીક; પણ ભણવાનું ક્યારે થશે?" આવી શંકા માબાપો વારંવાર સ્પષ્ટ અસ્પષ્ટ રીતે પ્રગટ કરે છે. પણ આ બધી પ્રવૃત્તિમાં સાચું ભણતર રહેલું છે. બાળક માણસ તરીકે જીવવા લાગે, સામાજિક વ્યવસ્થા મેળવે, જાતની સુથડતા કેળવે, શરીરસંપત્તિ સાધ્ય કરે, અજુબાજુની દુનિયાનો પરિચય કરે, તેને વિષેનું જ્ઞાન મેળવે, વગેરે બધું બાળકનું ભણતર જ છે, ને તેના વગર બીજું ભણતર નકામું છે, એ વાત વિષે આપણે પૂરેપૂરી શ્રદ્ધા મેળવવાની જરૂર છે. આ બધી પ્રવૃત્તિમાંથી બાળક ઘણી જાતનો વિકાસ મેળવે છે; અને તે બધું તેના શરીર ઉપર કે મન ઉપર કોઇ પણ જાતનો બોજો કે દબાણ આવ્યા વગર. ઉલટું એ બધું તે કરે એમાં જ તેનો શરીરવિકાસ ને બુદ્ધિવિકાસ છે.

આ બીજાં દૃશ્યોમાં બાળકો પ્રબોધક સાધનો.

ઉપર કામ કરતાં દેખાય છે. એકમાં બાળક રંગની તખ્તીઓથી, બીજામાં દડાની પેટીથી, ત્રીજામાં દડાઓ મિનારો ને પહોળી સીડીથી રમે છે, ને ચોથામાં બાળકો અક્ષરો શીખે છે.

પ્રબોધક સાધનો બાળકોની જ્ઞાનેંદ્રિયને પ્રબોધે છે; એટલે બાળકો આ સાધનોથી પોતાની આંખ, સ્પર્શ, રંગ વગેરે ઇંદ્રિયો કેળવે છે. એ સાધનો એવાં બનાવેલાં હોય છે કે એમાં સરખામણી, વિરોધ અને ક્રમ એ ત્રણ બૌદ્ધિક વ્યાપારો આવી જાય છે. તેથી ઇંદ્રિય દ્વારા જે જ્ઞાન મળે છે તે મગજમાં વ્યવસ્થિત થાય છે. એ સાધનો ઉપર રમવાથી બાળક દુનિયા આખી જુદી જ દૃષ્ટિથી જોવા લાગે છે. આસપાસની વસ્તુમાં જેમાં રંગ, રૂપ, સ્પર્શ, વજન વગેરે છે તે તરફ તેનું ધ્યાન જાય છે; એટલું જ નહિ પણ આ એ સરખાં છે, આ બે જુદાં છે, આમાં આટલો જ ફેર છે, વગેરે પણ સાથે સાથે તેમને દેખાય છે ને વસ્તુનું વર્ગીકરણ થાયં છે. આનું જ નામ વૈજ્ઞાનિક દૃષ્ટિ; આ જ ખરી બુદ્ધિની કેળવણી. મૂળ જ્ઞાન લેવાનાં સાધનો-ઇંદ્રિયો, અને ઇંદ્રિયો દ્વારા મળતા જ્ઞાનને ગ્રહણ કરનારી બુદ્ધિ કસાય તેમાં જ મોટું શિક્ષણ રહેલું છે.

આ સાધનોમાં બીજી જે વિશેષતા છે તે સૌની સ્વયં ભૂલ સુધારવાની શક્તિની છે. બાળક દડ્ડા આડાઅવળા નાખે તો છેવટે એક વધી પડે ને બાળક વિચારવા લાગે કે આ શું થયું? તેમ જ મોટા કાણામાં નાનું મૂકે તો બરાબર બંધબેસતું આવતું નથી, નાનામાં મોટું જતું નથી; તેથી બાળક પોતાની મેળે જ વિચાર કરીકરીને સરખાવીને ને જુદા પાડીને દડ્ડા ગોઠવે છે. શિક્ષકનું કામ તો માત્ર બાળક આગળ સાધન ધરવાનું જ છે; અંદરથી જ્ઞાન મેળવવાનું કામ તો બાળક પોતે કરે છે. એટલે સ્વયંશિક્ષણ નવી શાળાનું એક ખાસ અંગ છે. શિક્ષક બતાવી દે, શીખવે ને બાળક કરે તેમાં સાચી રીતે તે કાંઈ જ શીખતું નથી. આપણા ઘરમાં પણ એવું ઘણી વાર બને છે. બાળક કાંઈક કાંઈક કરવા માગે છે અને એકેક નાની નાની ક્રિયાની પાછળ કેટલોય વખત મંડી પડે છે. આવે વખતે "લાવ, હું ચડાવી દઉં." "જો, આમ નાખ." વગેરે કહીને આપણે એને મદદ કરવા–શીખવવા દોડીએ એમાં એને ખરી મદદ થતી નથી; ઉલટું તે જાતે શીખતું હતું તેમાં આપણે આડે આવ્યા કહેવાઇએ.

નવી બાલશાળાની એક બીજી વિશેષતા છેઃ

આપ શાળા જોવા પધારશો તો બધાં બાળકો એક એક વર્ગમાં બેઠાં હોય ને બધાં એક સાથે એક જ પ્રવૃત્તિ કરતાં હોય એમ નહિ દેખાય. કોઈ દડાથી રમતું હશે, કોઇ રંગની તખ્તી ગોઠવતું હશે, તો કોઈ હાથ ધોતું હશે, કોઇ માથું ઓળતું હશે; વળી કોઈ બહાર લપસતું હશે, તો કોઇ કઠેરાની પાળ ઉપર ચાલતું હશે. આ શાળામાં બાળક જે પ્રવૃત્તિ કરવા માગતું હશે ને જેટલો વખત કરવા માગતું હશે તે પ્રવૃત્તિ તેટલો વખત કરવાની બાળકને છૂટ હોય છે. કોઇ વાર બાળક એક કલાક સુધી એક જ પ્રવૃત્તિ સતત કર્યે જાય છે, જ્યારે બીજું બાળક તેટલા વખતમાં ચાર છ પ્રવૃત્તિઓ કરે છે. આ છૂટની પાછળ માનસશાસ્ત્રનો મોટો સિદ્ધાન્ત છે. બાલશાળાના સ્વાતંત્ર્ય વિષે ઘણી ગેરસમજો છે, પણ તે તો માનસશાસ્ત્રના સિદ્ધાંતો ન જાણવાથી ઉત્પન્ન થાય છે. કોઇ સ્વાતંત્ર્યનો બહુ જ ટૂંકો અર્થ કરે છે, કોઇ વળી વધારે પડતો વિશાળ અર્થ કરે છે, તો કોઇ સામાન્ય પ્રચલિત અર્થ કે 'બાળક જે કરતું હોય તે કરવા દેવું જોઇએ.' એવો કરે છે. આ બધા ખોટા અર્થો

સાચો અર્થ ને સાચી વિધિ તો સિદ્ધાંતોને
ાર્થ રીતે જાણનારો જ સમજી શકે.

એ સિદ્ધાંતોની ઝીણવટમાં અહીં ન ઉતરીએ, છતાં થોડોક ખ્યાલ આવે માટે થોડીએક સ્પષ્ટતા કરીએ. બાલશાળામાં સ્વાતંત્ર્ય અપાય છે એટલે કોઇ પણ બાળકને પોતાની પ્રવૃત્તિ પસંદ કરવાની છૂટ અપાય છે; તેમ જ સ્વ-પસંદગીની પ્રવૃત્તિ ઉપર પોતે ધ્યાન છે ત્યાં સુધી મંડી રહેવાની છૂટ હોય છે.

બાલશાળાના વાતાવરણમાં આપ એક બીજો શબ્દ સાંભળશોઃ બાળકની સ્વયંસ્ફૂર્તિ. પ્રવૃત્તિ તરફ બાળકે સ્વયંસ્ફૂર્તિથી જવું જોઇએ. સ્વાતંત્ર્યના અર્થની જે કરુણાજનક સ્થિતિ થાય છે તે જ સ્વયંસ્ફૂર્તિની થાય છે. આ બે શબ્દો યથાર્થપણે જાણવામાં બાલશિક્ષણની આખી ચાવી આવી જાય છે; ને તે જાણવા માટે ઘણાં વર્ષોના ઉંડા ને ઝીણા અભ્યાસની અપેક્ષા રહે છે.

નવી બાલશાળાનું સ્વરૂપ ઉપર ચીતર્યું છે. તેની સાચી કલ્પના તો આપ આવી કોઇ બાલશાળા જોવા જાઓ ને ત્યાં આ બધી વાતો નજરોનજર જુઓ ત્યારે જ આવી શકે.

દવાખાને જઈ ચડ્યો

ગે જુ ભા ઈ

દવાખાન્ને જઈ ચડ્યો,
ભીની આંખે થઇ રહ્યો.

દવાખાને જઇ ચઢ્યો. એક બાળક રડતું હતું. કાને પરૂ વહેતું હતું. ચીસેચીસ નાખતું હતું. અઠીંગ ગંધાતું હતું. મેલ કાને ભર્યો હતો. અબૂજ માતા સાથે હતી. કહેતી હતીઃ "છોકરો રોયો કંટો છે. પછી કાન દુખે જ ના?"

પીળો વાન ને ભૂંડો હાલ
એકું એકું રોતું હતું

દવાખાને જઇ ચઢ્યો. બીજું બાળક રડતું હતું. હાથપગ દોરડી ને પેટ ગાગરડી. દાક્તર માને વઢતા હતા. મા જવાબ દેતી હતીઃ "દાક્તર સા'બ, શું કરીએ? હિ' બધો માટી ખાય છે. સંભાળ કેમ રખાય? દળણું દળવું, ખાંડવું, ભરડવું, વાળવું ચોળવું; પછી છોકરાં રેઢાં રહે જ તો?"

એકું એકું રોતું હતું

દવાખાને જઇ ચઢ્યો. ત્રીજું બાળક એકું એકું હતું. એકું એકું રડતું હતું. ડિલે આખે ગૂમડાં

હતાં. પાસ પડ જતું હતું. હાથે પગે ખસ હતી. દાક્તર બાપને પૂછતા હતાઃ "કેટલા દહાડે ન્હાય છે?" બાપ કહેઃ "લોકનાં છોકરાં નાય વખતે પાંચ પંદર દહાડે! અમે કાંઇ બ્રાહ્મણ વાણિયા થોડા છીએ?" દાક્તર જોઇ રહ્યા.

આથું જૂએ ભર્યું હતું

ચોથું બાળક આવ્યું હતું. માથું જૂએ ભર્યું હતું. બ્રાહ્મણ કે વાણિયાનું હતું. બા બિચારી કહેવા લાગીઃ "શું કરીએ? છોકરાં ભેગું રમવા ગયું તે જૂએ લઇને આવ્યું. બાં! પાડોશ કાંઇ ગંદો છે! ને છોકરાં કાંઇ ઘરમાં રહે છે?"

હાડ ચામ ચોંટ્યાં હતાં

પાંચમું બાળક રડતું હતું. હાડ ચામ ચોંટ્યાં હતાં. અડીને રહ્યાં હતાં. બા એની માંદી હતી. ધાવણ એને મળતું નહોતું. શીશી ઉપર નભતું હતું. દાક્તરે એને દવા દીધી. વાપરવાની સૂચના કીધી.

ડિલે બધે રાતું હતું

છઠ્ઠું બાળક આવ્યું હતું. જન્મનો એને રોગ હતો. ડિલે બધે રાતું હતું. દાક્તરે બાપને પૂછી લીધું: "આવો આવો રોગ હતો—તમને કે એની માને?" ડોકું હલાવી હા કીધી.

શેરીમાંથી જતો હતોઃ
અંતર માંહીં બળતો હતો.

શેરીમાંથી જતો હતો

ઘરની સામે બેઠાં બેઠાં નાનાં છોકરાં હગતાં હતાં. માખીઓ બણબણતી હતી. સૌને ડિલે બેસતી હતી. છોકરાં વાતો કરતાં હતાં. ગંધ ગળે જતી હતી.

શેરીમાંથી જતો હતો

છોકરાં ભેળાં રમતાં હતાં. ધૂળ અને પથરા મૂકી ઘર ઘર રમતાં હતાં. ખોટું ખોટું રમતાં હતાં. બાપા જેમ વઢતાં હતાં; બા જેમ બાઘતાં હતાં.

શેરીમાંથી જતો હતો

છોકરાં ભેળાં લડતાં હતાં. ભૂંડા બોલ બોલતાં હતાં. નાગાં અંગ બતાવતાં હતાં. લોકો ત્યાંથી હસતા હસતા જતા હતા.

શેરીમાંથી જતો હતો

લખમડો છોકરો તોફાની. એની મા બાધકણી. ઘા મારી ઘરમાં નાસી ગયો. લખી ખૂબ રડવા લાગી. મા એની કહેવા ગઈ. ગાળો ખાઈ પાછી વળી.

શેરીમાંથી જતો હતો

આડોશી ને પાડોશી સામસામે બાઝતાં હતાં. લાંબા હાથે ગાળાગાળી જોર કરી લડતાં હતાં. નાહકનાં વઢતાં હતાં. છોકરાં પાસે ઉભાં હતાં. નવા પાઠ શીખતાં હતાં. તાકી તાકી જોતાં હતાં.

શેરીમાંથી જતો હતો

છોકરાં ભેગાં થયાં હતાં. ફોડી ફોડી રમતાં હતાં. પાઇ પાઇ મૂકતાં હતાં. બાધાબાંધી થઇ પડી. ઘુસ્તે ઘુસ્તે આવી ગયાં. ગાળો દઇ વેર ગયાં.

શેરીમાંથી જતો હતો

નવો માણસ આવ્યો હતો. ઘર કોઇનું પૂછતો હતો. ચશ્માં નાકે, સોટી હાથે ઉભો હતો. હુડીઓ કરી હસતાં હતાં. ખોટું ઘર બતાવતાં હતાં.

શેરીમાંથી જતો હતો

મોટી છોડીઓ રમતી હતી. દેદાની રમતો રમતી હતી. ફૂટવું ફૂટવું શીખતી હતી. ખોટાં મ્હોં વાળતી હતી. સાસુ વહુ થતી હતી.

શેરીમાંથી જતો હતો

નાની છોડીઓ ગાતી હતી. 'અચકો મચકો કોરેલી' હોંશે હોંશે રમતી હતી. લખુડે ને ત્રિકુડે, રમુડે ને રતિયે દોડાદોડી કરી મૂકી. રંગમાં ભંગ પડ્યો. છોડીઓ બિચારી વેર ગઇ.

શેરીમાંથી જતો હતો.

કૂતરા પાછળ પડ્યા હતા. ગધેડાને મારતા હતા. અંધારે અટવાતા હતા. પેશાબ જ્યાં ત્યાં કરતા હતા. ગાળો ઘણી સાંભળતા હતા.

બારીએ બેસી જોતો હતો:
ઉંડે અંતરે રડતો હતો.

બારીએ બેસી જોતો હતો

એક છોકરો જતો હતો. ઉંડે અંતર રડતો હતો. પગ ઉઘાડા, ચોરણી ફાટલી, કોટ બુતાન વિનાનો, ટોપી મેલી, નાકમાં શેડા, હાથમાં રકેટ ને બંબે પાકીટ.

બારીએ બેસી જોતો હતો

બીજો છોકરો નીકળ્યો. મોઢા આગળ છોકરા ને વાંસે માસ્તર. ધીરે પગલે ચાલતો હતો. ગાલે આંસુ પડતાં હતાં. માસ્તર હાથે સોટી હતી. એક એક ધક્કો લાગતો હતો. નિશાળ ભણી જતો હતો.

બારીએ બેસી જોતો હતો

ત્રીજો છોકરો નીકળ્યો. વાંસે બાપ ચાલતો હતો. ગાળોને વરસાવતો હતો. છોકરો રડતો જતો હતો. નિશાળ ભણી જતો હતો. પાછે પગલે ચાલતો હતો. પાટી દફતર પાડતો હતો. પગમાં ઠેશ લાગતી હતી.

આરીએ બેસી જોતો હતો

ચોથો છોકરો નીકળ્યો. બીડીનાં બોખાં વીણતો હતો. હાથ પગ ગંદા હતા. માથે વાળ મેલા હતા. નખ ખૂબ વધ્યા હતા. મોઢે લાળ જતી હતી. કાને મેલ ભર્યો હતો. મોટે પેટે અને હાથે પગે પાતળો હતો.

આરીએ બેસી જોતો હતો

પાંચમો છોકરો નીકળ્યો. ફાટલ તૂટેલ કપડે હતો. ભિખારીને વેશે હતો. પાઈ પાઈ મળતી હતી; ગાળો પણ પડતી હતી. ઓટું ઓટું રડતો હતો. બોટા બોલ વદતો હતો. ભિક્ષુક થઈ ફરતો હતો.

આરીએ બેસી જોતો હતો

છઠ્ઠો છોકરો ઉભો હતો. ગાડી પૂંઠે પડતો હતો. પાછળ લટકી રહેતો હતો. ચાબુક ગાળો ખાતો હતો. હસતો પાછો જતો હતો. બીજી ગાડી આવે તેની રાહ જોઈ ઉભો હતો.

આરીએ બેસી જોતો હતો

સાતમો છોકરો દેખાયો. ભાઈ સાથે લડતો હતો. ટોપી લઈને ભાગતો હતો. ખીજવીને હસતો હતો. સંતાઈને ચીડવતો હતો. ભાગ એનો દેતો નહોતો. ભાઈને એ રડાવતો હતો.

આરીએ બેસી જોતો હતો

આઠમો છોકરો દીઠો. મોટો નીકળ્યો. નાનો નીકળ્યો. પાછળ જતો હતો. ચાળા પાડી હસતો હતો. આંધળાની લાકડીને ખેંચી ખેંચી દમતો હતો. અજાણ્યાને ભૂલો પાડી મનમાં હસતો હતો.

આરીએ બેસી જોતો હતો

નવમો છોકરો ઉભો હતો. રેંકડી પાછળ ઉભો હતો. ધ્યાન ચૂકાવી ચોરતો હતો. આઘોપાછો ખસી જઇને ફરી ફરી આવતો હતો.

આરીએ બેસી જોતો હતો

દસમો છોકરો રડતો હતો. સિપાઇ દેખી રડતો હતો. ઘરમાં પેસી જતો હતો. પાછું વાળી જોતો જોતો સિપાઇ દેખી રડતો હતો. બાપા કને જતો હતો.

શાળા જોવા જવાયું:
અંતર આરૂં ઘવાયું.

એક નિશાળે જવાયું

નાની એવી ઓરડી હતી. અજવાળું ને હવા એનું થોડું થોડું કામ હતું. ઘણાં બધાં બાળ હતાં. ઘેટાંબકરાં જાણે પૂર્યાં! બદબદ થતું હતું. મન મારૂં રડતું હતું.

બીજી નિશાળે જવાયું

સોં ઉપર લૂણો હતો. ગાર ઘણી ઉખડી હતી. ધૂળ ધૂળ બધું હતું. છોકરાં એમાં બેઠાં હતાં. કપડાં ધૂળે ભર્યાં હતાં. હાથે પગે ધૂળ હતી. સૌ કાંઇક લખતાં હતાં.

ત્રીજી નિશાળે જવાયું

મોટી બધી ગડબડ હતી. મોપાટ મે'તા સેવરાવતા હતા. સૌ બાળો બોલતાં હતાં. ઉંચે સાદે બોલતાં હતાં. છાતી બેંચી બોલતાં હતાં. ઉભાં ઉભાં ડોલતાં હતાં. મે'તા વચ્ચે ફરતા હતા. હાથમાં નેતર સોટી હતી. પાધડી એની મોટી હતી.

ચોથી નિશાળે જવાયું

હાથમાં એના સોટી હતી. મોટો એનો ઘાંટો હતો. બે'હાર વચ્ચે ફરતો હતો. વિદ્યાર્થીઓ બોલતા હતાઃ "બેઠો માળો બાંધવા, ભાળો કાળો કાગ!" ઘૂજતાં ઘૂજતાં બોલતા હતા. વારે વારે ઝૂલતા હતા. સોટી વાંસે પડતી હતી.

પાંચમી નિશાળે જવાયું

શાળા બહાર માસ્તર હતા. ઓરડામાં છોકરા હતા. ધીંગામસ્તી કરતા હતા. અંદર અંદર વઢતા હતા. માસ્તરના ચાળા પાડતા હતા. માસ્તરજી

અંદર આવ્યા. મીની જેમ બેસી ગયા. પાઠો કરવા લાગી ગયા.

છઠ્ઠી નિશાળે જવાયું

પરીક્ષાનો વખત હતો. છોકરા બધા વાંચતા હતા. શિક્ષકભાઇ સમજાવતા હતા. બધું ગોખી મારતા હતી. કડકડ કડકડ બોલતા હતા. માસ્તર 'સાબાશ' કહેતા હતા. સમજવાનું નામ નહોતું. પાસ થવાનું કામ હતું.

સાતમી નિશાળે જવાયું

મોટા સા'બ આવવાના. ઇનામોને વહેંચવાના. મેળાવડો થવાનો. છોકરી તૈયાર થતી હતી. ગાયન ગીત ગોખતી હતી. મોઢે કરી દેતી હતી. રમતો રમી બતાવતી હતી. 'આમ કરવું ને આમ બોલવું.' ભણતી હતી. સા'બ માટે બધું કામ થતું હતું.

આઠમી નિશાળે જવાયું

માસ્તર સા'બ ગયા હતા. જજમાનને ત્યાં ભોજન હતું. મોનીટર ભણાવતો હતો. ભણવું કોઇને નહોતું ગમતું. ટોપી પાટી ઉડતાં હતાં. મોનીટર મૂંઝાતો હતો. નામો સૌનાં લખતો હતો. 'કહી દઇશ' એમ કહેતો હતો. મારની બીક દેતો હતો.

નવમી નિશાળે જવાયું

છોકરા આંક લખતા હતા. કંઈક વહટી થતી હતી. પટેલિયા આવ્યા હતા. મુખી સા'બ હાજર હતા. લખણનું ફૂટાતું હતું. મે'તાજી કાગળ લખતા હતા; છોકરા આંક લખતા હતા.

દસમી નિશાળે જવાયું

મે'તાજી ભણાવતા હતા. ઠોઠ માર ખાતા હતા. મોડા ઉઠબેશ કરતા હતા. હુશિયાર નંબર ચડતા હતા. માસ્તર પાઠ લેતા હતા. દાખલાને સમજાવતા હતા. હોંશે કરી કહેતા હતા.

ઘણું ઘરેા જોધ આવ્યેા:
દુઃખનેા બોજો લઈ આવ્યેા.

એક ઘેર જાધ થયેા

મજૂરીએ બાપ હતેા. પાણી શેરડે બા હતી. ઘરમાં બાળક રડતું હતું. તલેલા નાખતું હતું. ઘરને સાંકળ વાશી હતી.

બીજે ઘેર જાધ થયેા

માખીઓ બણબણતી હતી. બાળક સૂતું રડતું હતું. ઘોડિયામાં હંગ્યું હતું. કચરેાપૂંજો પડ્યો હતેા. બા રેાટલી કરતી હતી. બાપા બીડી

પીતા હતા. બાને ઉલટા વઢતા હતા. બાળક ખૂબ રડતું હતું. એને કોઇ લેતું નહોતું.

ત્રીજે ઘેર જઈ ચઢ્યો

ખાલી ખાલી ઘર હતું. વાસણકુસણ, ઘર વખરીમાં મોટું એવું મીંડું હતું. રાંડીરાંડ મા હતી. ત્રણ એનાં બાળક હતાં. પૂરૂં ઘરમાં ખાવા નહોતું. ફાટલતૂટલ કપડાં હતાં. માંડ માગીને આણ્યું હતું. અંદર અંદર લડતાં હતાં. માની આંખે પાણી હતાં.

ચોથે ઘેર જઇ ચઢ્યો

બાપ ડોળા તાણતો હતો. છોકરો પાઠ કરતો હતો. બા વાંક કહેતી હતી. એનને મેંણાં દેતી હતી. એન નીચે જોતી હતી. મનમાં મનમાં રોતી હતી.

પાંચમે ઘેર જઇ ચઢ્યો

બા બાપા વઢતાં હતાં. છોકરાં સામે જોતાં હતાં. તાણી તાણી બોલતાં હતાં. લાંબા હાથ કરતાં હતાં. એકબીજાને ભાંડતાં હતાં.

છઠ્ઠે ઘેર જઇ ચઢ્યો

સાસુ વહુ લડતાં હતાં. નણંદ ટાપશી પૂરતાં હતાં. નાનું બાળ રડતું હતું. વહુએ એને માર્યું હતું. સસરાજી ધમકાવતા હતા. પરણ્યો બહાર ગયો હતો.

સાતમે ઘેર જઇ ચડ્યો

બાળક માંદું સૂતું હતું. બારીબારણાં બંધ હતાં. હવાપ્રકાશ નામે નહોતાં. ઘરમાં ભૂવો બેઠો હતો. ધૂપધાપ કરતો હતો. ભોળાં માબાપ જોતાં હતાં. બાળક મૂઆ મૂંઝાતું હતું: કવાદાડ્ શાના હોય? માતાજીની ના હતી.

આઠમે ઘેર જઇ ચડ્યો

ઘરમાં બધે ચૂપચાપ. માજી બહાર ગયાં હતાં. પિતા છાપું વાંચતા હતા. બાળક બેઠાં ભણતાં હતાં. થીજી જઇને બેઠાં હતાં. માસ્તર સા'બથી બ્હીતાં હતાં. પાઠો ઝટપટ ગોખતાં હતા. માસ્તર બજર સૂંઘતા હતા. માથાને ખજવાળતા હતા.

નવમે ઘેર જઇ ચડ્યો

ડેલીએ જ છોકરાં મળ્યાં. નોકરો પાસે રમતાં હતાં. નોકર ભૂંડું બોલતા હતા. છોકરાં એ સાંભળતાં હતાં. નોકરો બીડી પીતા હતા; છોકરાંને બચી લેતા હતા. નોકર બીક બતાવતા હતા. છોકરાં મસ્તી કરતાં નહોતાં.

દશમે ઘેર જઇ ચડ્યો

ફળિયામાં છોકરાં હતાં. ગંદી ધૂળે રમતાં હતાં. ઘોલકી ઘોલકી થતી હતી. સંસારબાજી બેલતાં હતાં. ભૂંડું ભૂંડું કરતાં હતાં. કોઇ એને ટોકતું નહોતું કોઇને એમની પડી નહોતી.

બાલપ્રેમ

તારાબેન

બાલપ્રેમ

પ્રેમ સકામ પણ હોય ને નિષ્કામ પણ હોય. વિકારી હોય ને વિકારમુક્ત પણ હોય. સ્વાર્થી હોય અને સ્વાર્થમુક્ત પણ હોય. પહેલા પ્રકારના પ્રેમને આપણે વાસનાને નામે ઓળખીએ છીએ; બીજા પ્રકારને આપણે પ્રેમ કહીએ છીએ. ઘણી વાર બીજા પ્રકારમાંથી પહેલા પ્રકારમાં પ્રેમને નીચે આવવાના અનેક સંભવો હોવાથી આપણે પ્રેમને જુદાં જુદાં વિશેષણોથી તેના તે વખતના સ્વરૂપને બતાવીએ છીએ. ઉચ્ચ પ્રેમ, દૈવી પ્રેમ, નિઃસ્વાર્થી પ્રેમ, શુદ્ધ પ્રેમ, નિષ્કામ પ્રેમ, વગેરે. આવા સિફ્ફાવાળા પ્રેમના ખરા સ્વરૂપ વિષે શંકા તો રહ્યા જ કરે છે.

આ જાતની શંકા આપણે સ્ત્રીપુરુષ વચ્ચેના સ્નેહ વિષે જ રાખીએ છીએ. ખરી રીતે આ વાત મનુષ્ય જાતને અને તેમની વચ્ચેના પ્રેમને (અપત્ય પ્રેમ, ભ્રાતૃભગિનીપ્રેમ, સ્નેહીઓનો પ્રેમ)

તેમ જ આગળ વધીને વસ્તુના, કાર્યના કે વિચા-
રના પ્રેમને લાગુ પડે છે, કારણ કે આ વાત
મનુષ્યના સ્વભાવની છે. જેમ જેમ મનુષ્યને વિકાસક
વાતાવરણ મળે, જેમ જેમ તે આગળ ને આગળ
જાય, ઉંચે ને ઉંચે ચડે, જેમ જેમ તે ઉન્નત
સ્થિતિએ પહોંચે, તેમ તેમ તેનો પ્રેમ વિશુદ્ધ થાય
છે, નિઃસ્વાર્થી બને છે, નિષ્કામ બને છે. પછી
એ પ્રેમ પોતાની સ્ત્રી પ્રત્યેનો હોય, અપત્ય પ્રત્યેનો
હોય, પોતાના કાર્ય પ્રત્યેનો હોય, વિચાર પ્રત્યેનો
હોય કે મત પ્રત્યેનો હોય. ઓછો વિકસિત પ્રેમ
વાસનાપૂર્ણ હોય તો તે માત્ર પોતાની સ્ત્રી પ્રત્યે
વાસનાપૂર્ણ રહે એટલું જ નહિ પણ પોતાના પુત્ર
પ્રત્યે પણ તેટલો જ વાસનાપૂર્ણ હોય. તેવો
મનુષ્ય પ્રભુભક્તિ પણ વાસનાથી જ કરે; તેનું
સમાજસેવાનું કામ વાસના રૂપ હોય, નહિ કે સેવા રૂપ.

સામાન્યતઃ આપણે આપણાં બાળકો પ્રત્યેના
પ્રેમને વિશુદ્ધમાં વિશુદ્ધ માનીએ છીએ. પરંતુ
જરા સૂક્ષ્મ નજરે જોઇશું તો તેમાં પૂરેપૂરી
સવિકારિતા દેખાશે. બાળકનું હસતું મ્હોં જોઇને
છાતીએ ચાંપીએ છીએ, તેને બચી ભરવાનું આપ-
ણને મન થાય છે, તેનાં બીજમાં વિકારીપણું જ છે.

અત્યાર સુધીમાં આપણે સ્ત્રીપુરુષ વચ્ચેના

પ્રેમ વિષે કંઇક વિચાર કર્યો છે. એની શુદ્ધિ જાળવવા માટે સાચો ખોટો કંઇક પ્રયત્ન કર્યો છે. પરંતુ બાળકો પ્રત્યેના આપણા પ્રેમ વિષે અને વર્તન વિષે આપણે હજી સાવ બેદરકાર છીએ. ખરી રીતે મનુષ્યે સ્નેહમાત્રને ઓળખવો જોઇએ, તેની શુદ્ધિ જાળવવી જોઇએ.

પતિપત્નીના સંબંધમાં અમુક હદ સુધી વિકારને સ્થાન હોય છતાં વિકારવશતા તો નિંદ્ય જ છે. તેમના પરસ્પરના પ્રેમજીવનમાં સંસ્કારિતા હોય, પાવિત્ર્ય હોય, સન્માન હોય, વિવેક હોય, નિષ્કામતા હોય; એમ જ આપણા અને આપણાં બાળકો વચ્ચેના પ્રેમસંબંધમાં તે જ પ્રકારની સંસ્કારિતા, પાવિત્ર્ય, સન્માન, વિવેક અને નિષ્કામતા હોવાં જોઇએ. ભલે બાળક આપણું હોય પણ તેને ચૂમવામાં કે આલિંગવામાં હદ છોડે ન જ ચાલે. એ બાબતની અતિશયતામાં વિષયીપણું જ છે. સામેની બાળકની વ્યક્તિ અજાણ હોવાથી આ વિષયીપણાને વધારે સદોષ ગણવું જોઇએ. હજી આ બાબતમાં આપણે જરાયે વિચાર કર્યો નથી એટલું જ નહિ, પરંતુ ઉલટું બાળપૂજા, બાળસન્માન ને બાળપ્રેમ એટલે બાળકોને ચુંબન અને આલિંગનથી નવરાવવું એવો અર્થ વર્તનમાં થતો દેખાય છે.

જ્યાં આપણે આપણાં જ બાળકોને પાસે લેવામાં વિચારવું પડે એમ છે ત્યાં પારકાનાં બાળકોને ઝટ દઈને ઉપાડવાં કે તેને બચ્ચી ભરવી એ તો કેવળ જંગલીપણું જ છે. બાળકોને એ વસ્તુ નૈતિક દૃષ્ટિએ હાનિકારક છે. બાળકનો અને આપણો હાર્દિક સંબંધ જોડાય, આપણે એકબીજા તરફ આકર્ષાઈને એકબીજામાં રસ લેતાં થઈએ એ વાત જુદી છે; એને આપણે સાચી મૈત્રીને નામે ઓળખી શકીએ. પરંતુ બાળક જોઈને તેને ઉપાડી લેવાનું મન થાય એને તો વ્યભિચારી વૃત્તિ તરીકે જ ઓળખવી જોઈએ. ઘણી વાર આપણે બાળકોની સુંદરતા જોઈ તેમના તરફ આકર્ષાઈએ છીએ. એ કેવળ શારીરિક આકર્ષણ કહેવાય. એને બાળપ્રેમ, બાળસ્નેહ કે બાળમૈત્રીને નામે ન જ ઓળખાય. મૈત્રી તો હૃદયની હોય, પરસ્પર વિકાસમાં મદદ રૂપ હોય. ખરો પ્રેમસંબંધ ઉંડો હોય. બાળકો વચ્ચે રહીને બાળશાળામાં કામ કરતાં માણસોને આ હાર્દિક બાળમૈત્રીની સાચી ઓળખાણ પડે છે. જ્યારે આપણે બાળકના વિકાસમાં મદદ રૂપ થઈએ છીએ ત્યારે તે આપણી તરફ પ્રેમદૃષ્ટિએ જુએ છે; આસ્તે આસ્તે આપણો અને એનો સંબંધ વધતો જાય છે. ઘણી વાર દિવસો સુધી

બાળક આપણી પાસે આવતું નથી. પરસ્પરનો આંતરિક સંબંધ એકબીજાં અનુભવે છે ને સમજે છે. એક દાખલો અનુભવમાંથી યાદ આવે છે. મહેશ નામનો છ સાત વર્ષની વયનો છોકરો બાલમંદિરમાં પહેલેથી આવતો. પોતાના સ્નેહને સ્થૂળ રીતે વ્યક્ત કરવામાં અત્યંત કંજુસ હતો. એક વાર વચ્ચે આઠ દિવસ સુધી ...ભાઈ ત્રણ વાગ્યા સુધી બાલમંદિરમાં આવતા નહિ, પણ અમુક જગાએ બેસીને લખતા. મહેશ આવતાંવેંત પૂછે: "...ભાઇ આવ્યા છે?" ના કહીએ એટલે તે હાથ પગ હલાવતો આમતેમ ફરે.કામમાં કેમેય ચિત્ત ચોંટે નહિ. આખરે ...ભાઇ કયાં બેસતા તે તેણે શોધી કાઢયું. પછી કંઇ ને કંઇ કારણ બતાવી, બહાનું કાઢી તેમની પાસે જઇ આવે. ત્રણ વાગે એટલે ...ભાઇ ઉપર આવે. ત્યાર પછીથી તેનું કામ જોસથી ચાલે. આનું જ નામ આંતરિક સંબંધ. ...ભાઇ ન હોય ત્યારે તો મહેશને જાણે જગત સૂનું સૂનું! ...ભાઇ હોય ત્યારે તો મહેશ કયાંનો કયાંય ભટકતો હોય, કામકાજમાં મશગુલ હોય. વચ્ચે વચ્ચે કોઇ વાર ...ભાઇ પાસે આવીને પોતાનું કામ બતાવી જાય અથવા જરા વાતો કરી જાય. સંબંધ કેટલો સંસ્કારી! ભાવ વ્યક્ત કરવાની

રીત કેટલી નાજુક ! આનું નામ અંતરની મૈત્રી.

આપણે વધારે પડતો ક્રિયાત્મક ભાગ ન ભજવીએ ને બાળકો ઉપર જ છોડી દઈએ તો સામાન્યતઃ બાળકોમાં સ્નેહ વ્યક્ત કરવાની ઘણી જ સંસ્કારિતા દેખાય છે. બેશક લોકોએ જો બાળકને બચી ભરી ભરીને કે સ્તુતિ કરી કરીને બગાડી મૂકયું હોય તો તે વાત જુદી છે. બાળક સાથેની આવી મૈત્રી આપણને તાજાં અને આરોગ્ય-સંપન્ન બનાવે છે. આપણું ધરડું થતું જતું મન તેમના વિકસતા તાજા મનના નિકટ સંબંધમાં આવવાથી સતેજ બને છે, સ્ફૂર્તિવાળું બને છે. આપણા બાળકમિત્રો સાથે આપણું અંતર હસે છે, પ્રફુલ્લ અને પ્રસન્ન બને છે. આપણે તેમના વિકાસમાં આડે આવતાં તત્ત્વો દૂર કરતાં જઈએ, તેમના વિકાસનો માર્ગ ઉઘડતો જાય એમ કરીએ. આમ કરવાથી બાળકની અને આપણી મૈત્રી એક-બીજાને વિકાસક ને પોષક બને છે. તેથી જ તે વધારે ઉંડી જતી જાય છે.

ઘણાં જ થોડાં માબાપો અને તેમનાં બાળકો વચ્ચે સાચી મૈત્રીનો સંબંધ દેખાય છે. સાચો બાળપ્રેમ આ પ્રકારની મૈત્રીમાં જ પરિણમવો જોઈએ. સ્થૂળ શારીરિક આકર્ષણની જગ્યાએ

હૃદયનો સંબંધ દૃઢ થતો જશે–ઉંડો જતો જશે, તેમ તેમ પ્રેમ વ્યક્ત કરવાની રીતિઓ પણ સંસ્કારી બનતી જશે. તેમાંથી વિકારીપણું ઓછું થતું જશે, વિષયીપણું તો આવશે જ નહિ.

આજે મનુષ્યના પ્રેમ પરત્વે છે તેમ જ બાળક પ્રત્યે પણ પ્રેમ સ્થૂળ કક્ષાએ દેખાય છે. જ્યારે બાળક પ્રત્યેનો પ્રેમ અતિશય વિકારી બને છે, વિકારવશતાની અંતિમ હદે જાય છે, કેવળ રોગી અવસ્થાએ પહોંચે છે, ત્યારે તો તે બાળકો ઉપર સીધેસીધા વિષયતૃપ્તિને અર્થે જ થતાં આક્રમણો સુધી પહોંચે છે. એમાં તો અંધમતાની પરમાવધિ છે. પરંતુ તે પૂર્વની સ્થિતિ કાંઇ ઓછી ભયંકર નથી. સ્ત્રીપુરુષ વચ્ચેની વિકારવાસના જેમ એકદમ સ્પષ્ટ થાય છે, તેમ બાળક પ્રત્યેના આકર્ષણમાં તે સ્પષ્ટ થતી નથી, પણ તે જુદા જુદા રૂપે વસી શકે છે. માણસો ભૂલથી એમ જ માને છે કે એ તો તીવ્ર બાલપ્રેમ છે, પણ વસ્તુતઃ તે કેવળ વિકારી અને રોગી પ્રેમ હોય છે. આથી બાળવિકાસ ઘણો જ અટકે છે. બાપ દીકરી, ભાઇ બેન, ખાસ કરીને શિક્ષક વિદ્યાર્થિની, શિક્ષિકા વિદ્યાર્થી, આવી ભિન્ન જાતીય જોડીઓમાં આકર્ષણ દેખાય છે. સજાતીય વ્યક્તિઓમાં પણ આક-

ર્ષણ અશક્ય નથી. આથી બાળકો શિક્ષકોને, બાલિકા શિક્ષિકાને, છોકરી માને અને છોકરા બાપને વળગી પડતા દેખાય છે. આમાં વિકાર કયાં છે ને સ્નેહ કયાં છે તે જોતાં રહેવાનું છે. બાળક અજ્ઞાન હોવાથી બધી જવાબદારી મોટાંઓ ઉપર જ આવી પડે છે; તેમણે જ સાવચેતી રાખવાની છે. બેશક બાળકો આપણા તરફ વધારે ભાવ બતાવે ત્યારે તેમને આપણે અટકાવવાનાં નથી; પરંતુ તે ભાવમાંથી તેમનો અને આપણો સંબંધ વધારે ને વધારે આંતરિક બને તે જોવાનું છે. મા-બાપ કે એવાં નજીકનાં સંબંધીઓને બાળક ભેટી પડે એ સ્વાભાવિક છે; બાળકને ઉપાડીને તેને બચીં લેવાનું મન થવું એ માબાપોને સ્વાભાવિક હોય. છતાં ભેટવા ભેટવામાં પણ ફેર છે. ખરા વાત્સલ્યથી ભેટવું અને વિકારવશ હોઈ ભેટવું, બાળકને છાતી નાખવું, એમાં ફેર છે. આપણે બાળકને ભેટીએ એમાં વિકારવશતા આવી શકે છે. આ વિચાર અસંભાવ્ય, અસત્ય ને અક્ષમ્ય લાગે છે છતાં તેમાં સંપૂર્ણ સત્ય છે. આ માટે પ્રત્યેક મનુષ્ય પોતાના સૂક્ષ્મ અનુભવો તપાસે, બાળકને ભેટતાં માબાપો જે જુદા જુદા અનુભવો કરે છે તેને બરાબર જુએ, ને પોતાની જાત તપાસે, તો

આ વાત સમજશે. બાળકના હિતની ખાતર મોટાંઓએ બાળક પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરવામાં ખાસ સાવચેતી રાખવાની છે, અને સાથે જંતને સૂક્ષ્મતાથી તપાસતા રહેવાનું છે. વળી નાના બાળક સાથે સૂવામાં, તેને ખોળામાં બેસાડવામાં, તેના વાંસા ઉપર હાથ ફેરવવામાં અથવા બીજી કોઇ પણ સ્થૂળ રીતે પ્રેમ વ્યક્ત કરવામાં રહેલી આપણી જવાબદારી પૂરેપૂરી સમજવાની છે. કહેવાની મતલબ એવી નથી કે માબાપ બાળકને અડે જ નહિ, તેને બચી ભરે જ નહિ, કે ભેટવા માટે દોડી આવતા બાળકને ઉપાડીને છાતીએ ચાંપે જ નહિ. સ્પર્શમાત્ર વિકારી છે એમ નથી. મનુષ્યમાં જેમ વિકાર છે તેમ તેને ઉંચે ચડાવવાની શક્તિ પણ તેનામાં છે. મનુષ્ય ભેટે તે કેવળ વિકારપૂર્ણ પણ હોઇ શકે, ને કેવળ વિકારરહિત વાત્સલ્યભર્યું પણ હોઇ શકે. ગુરુ શિષ્યને વાત્સલ્યથી ભેટી શકે, શિષ્ય ગુરુને આદર અને ભાવથી ભેટી શકે, ભાઇ બેનને કે ભાઈ ભાઇને બંધુભાવથી ભેટી શકે. આ બધી સંસ્કારી અને પવિત્ર મનોવૃત્તિઓ અસંસ્કારી અને સ્થૂળ કક્ષાએ રહેનાર માણસમાં વિકારનું રૂપ લે છે; સ્થૂળ કક્ષાનું માણસ બાળકમાં પોતાની વિકારી સ્થિતિ જાગૃત

કરે છે ત્યારે સંસ્કારી માણસ સંસ્કારી ભાવ પોષે છે. માટે બાળક સાથે નિકટના સંબંધમાં આવનારે આ બધી બાબતોની ખૂબ સંભાળ રાખવી ઘટે. બાળક સાથે અસ્પૃશ્યતા રાખવાથી એમાંથી બચ્ચીશું નહિ પણ આપણે સ્પર્શની સંસ્કારિતા કેળવ્યે જ છૂટકો.

જેની સાથે કોઇ પણ જાતનો સંબંધ નથી એવું બાળક સુંદર દેખાય છે માટે તેના ઉપર મોહિત થઇ તેને ઉપાડી લેવું એ તો અજ્ઞાનપણાની હદ ગણાય. ઘેર મળવા આવનાર કે નિશાળ જોવા આવનાર ઘણાં માણસો બાળકોને એકદમ ઉપાડી લઇ બચ્ચી ભરી તેમનાં મિત્ર થવાનો પ્રયત્ન કરતાં દેખાય છે. બાળક જ્યારે પોતાની અનિચ્છા બતાવે છે ત્યારે તે બાળક જ ખરાબ છે એમ પણ કહેવામાં આવે છે! ખરી રીતે બાળકને એવા અત્યાચાર નથી ગમતા. તેની સામે બાળકો ઉઘાડો બળવો કરી આત્મસન્માન સાચવે એ જ ખાસ જરૂરનું છે. કોઇ સ્ત્રી પરપુરુષના દૃષ્ટિપાતને પણ ધિક્કારે એ આપણે શ્લાઘ્ય ગણીએ છીએ, પરંતુ તેટલી જ કિંમતના અને તેટલું જ પાવિત્ર્ય જાળવનારા બાળકના સામા માણસના અત્યાચાર સામે થવા તરફ આપણું ધ્યાન ગયું જ નથી. ચારિત્ર્યની શુદ્ધિ

આંતમસન્માનમાં છે. એ આત્મસન્માનનું બીજ બાલ્યાવસ્થાથી પોષવું જોઇએ–એને બદલે બાળકમાં જ્યારે આત્મસન્માનના કોંટા ફૂટે છે ત્યારે તેને તોછડાઇ કે એવું નામ આપી મારી નાખવા માગીએ છીએ. બાળકને ઉપાડીને કોઇ બચી ભરે ને બાળક તેને તરછોડે તો તેને આપણે આત્મસન્માનને નામે કદાચ પહેલાં ઓળખશું; પરંતુ બાળકને આપણે ગાવાનું કહીએ અને તે ના પાડે તો તેમાં પણ એ જ પ્રકારના આત્મસન્માનનું બીજ રહેલું છે એ બરાબર ઓળખવાનું અઘરૂં છે. આવી રીતે ઘણી બાબતોમાં બાળક પારકાની સાથે એકદમ દિલ ખોલવા નાખુશ હોય છે, અને તે તેના આત્મસન્માન માટે યોગ્ય હોય છે.

સારાંશ બાળપ્રેમીઓએ ખૂબ ચેતતા રહેવાનું છે. "કેમ છે? દોસ્ત!" કહી સાવ અજાણ્યા બાળકની પ્રથમ ક્ષણે દોસ્તી કરવાના કે તેને ઉપાડીને ચક્કર ફેરવી કે તેને ખભા ઉપર ચડાવી તરત દોસ્તી બાંધવાના પ્રયત્નો કરનારે ધ્યાનમાં રાખવાનું છે કે એમાં બાળકને નુકસાન જ છે; એમાં એની નૈતિક હાનિ છે અને તે માટે તેને રમાડનાર જ પૂરેપૂરા ગુન્હેગાર છે. બાળકનાં કામોની સ્તુતિ, તેના રૂપની સ્તુતિ, તેની આવડતની સ્તુતિ, એ બધા

પ્રેમને નામે તેને બગાડવાના જ રસ્તા છે. બાળ-કની સાથે આનંદ કરવો, તેના વ્યક્તિત્વને માન આપી તેની સાથે રમવું, કામની પરીક્ષા કે કદર કરવી એ જુદું છે, અને બાળક આપણા આનંદનું સાધન બને એવી રીતે તેને રમાડવું, આપણી આંખને સંતોષ આપે તે ખાતર તેને શણગારવું, આપણું અભિમાન તૃપ્ત થાય એટલા માટે તેને પોતાની આવડતનું પ્રદર્શન કરવા ઉત્તેજવું, આ બધાને આપણે પ્રેમનું નામ આપીએ એમાં ભૂલ છે.

પ્રેમની શુદ્ધિ અશુદ્ધિનો પ્રશ્ન નાજુક અને બારીક છે. દૂધ મનુષ્યજીવનનું અમૃત છે, છતાં તેની સ્વચ્છતા અને શુદ્ધિ સંબંધે ખૂબ સંભાળ ન રાખીએ તો તે જ ઝેર બને છે. પ્રેમનું પણ એમ જ છે. પ્રેમ એ મનુષ્યના જીવનને પોષનાર અમૃત છે, છતાં દૂધની જેમ જ તેમાં પણ તરત બગડી જવાનો ગુણ છે. મનુષ્યની ચારિત્ર્ય-શુદ્ધિનું મૂળ તેની સ્નેહશુદ્ધિમાં છે. આપણે આજે તો ચારિત્ર્યશુદ્ધિનો અર્થ અત્યંત સંકુચિત સ્વરૂપમાં લઈએ છીએ; છતાં તેમાં પણ પૂરી સફળતા મેળવતા નથી. પ્રત્યેક ક્ષેત્રમાં ચારિત્ર્યની શુદ્ધિ જળવાવી જ જોઈએ. માટે જ બાલ્યાવસ્થાથી

આત્મસન્માન કેળવવું જોઈએ છીએ. તો જ આગળ જતાં સ્થૂળથી માંડીને સૂક્ષ્મ બાબતોમાં મન શુદ્ધ રહી શકે.

સાચા પ્રેમનું બીજું લક્ષણ નિસ્વાર્થીપણું છે. માતા બાળક ઉપર અપરંપાર પ્રેમ રાખે છે; એ બધું કેવળ સ્વાભાવિક રીતે કરે છે. છતાં ઘણે ભાગે તે પ્રેમ પણ વિકારી જ હોય છે. બાળક માની સામે જોઈ હસે, રમે, નાચે, કૂદે, મીઠું મીઠું બોલે, તેમાં દરેક માતા ખુશી થાય છે. દરેક માતા તેને વધારે રમાડવા દોડે છે. દરેક માતા તેને ઉપાડીને છાતીએ ચાંપવા મન કરે છે. માતા 'મારા સાવજ'થી માંડીને 'દેવના દૂત' 'સ્વર્ગના મહેમાન' ને 'કુસુમકળી' સુધીના વહાલના શબ્દોથી સંબોધવા પ્રેરાય છે. પરંતુ બાળક કામમાં આડે આવે તો તે જ માતા ચીડાય છે પણ ખરી. કચાંઈ બાળક પડી જાય ને તેને લાગે તો ઉલટું તેને જ મારે છે. આનું કારણ શું? છોકરાને ઝાડો-ચાય ને તે માંદું પડે તો તેને ગાળો બાવી પડે, તેનું કારણ શું? માતા બાળકને પોતાના સુખ બાતર જ વાંછે છે; પોતાના રમવાના રમકડા બાતર તેને માગે છે. પછી છોકરું પડે ને લાગે અથવા માંદું પડે તો આ એક ઉપાધિ ઉત્પન્ન

ચઇ કે જેથી હવે હેરાન થવું પડશે, એ સ્થિતિથી માતા કંટાળે છે ને છોકરાને મારે છે. કારણો માગીએ તો કહી શકે કે ફરી વાર બાળક તોફાન ન કરે અથવા ગમે તે બાઇને માંદું ન પડે માટે મારૂં છું. અહીં માતા રમકડાથી રમવા માગે છે, તેનાથી હેરાન થવા માગતી નથી. સકામ પ્રેમનો આ એક દાખલો બસ થઇ શકે. કોઇ ઇચ્છશે કે મારો છોકરો મોટો થઇને સારૂં કમાશે ને આપણે બધાં ભેગાં બેસીને શાંતિથી ખાઇશું; કોઇ વળી ઇચ્છશે કે મારો છોકરો રાજવૈભવ ભોગવે ને મોટી માન્યતાને મેળવે; કોઇ ઇચ્છે કે મારો પુત્ર મહાન પ્રસિદ્ધ પુરુષ થાય ને કીર્તિ સંપત્તિ મેળવે; કોઇ ઇચ્છે કે મારો છોકરો સદ્ગુણી ને ત્યાગી થાય, ને એ રીતે તેની વાહવાહ થાય. સ્વતઃ આદર્શો આદર્શોમાં ફેર હોય, એક કરતાં બીજો ચડિયાતો હોય, તો પણ માતપિતાની મહત્ત્વાકાંક્ષા પાછળ એક જ વૃત્તિ છે—અને તે "મારો દીકરો આવો!" એ જાતનો સંતોષ મેળવવાની. ગોપીચંદની માએ તેને અમર કાયા મેળવવા પ્રેર્યો; રાજત્યાગ કરી બાવાનું જીવન સેવરાવ્યું. છતાં તેની મૂળ ઇચ્છાની પાછળ માનવી હૃદયનો, ભલે દૈવી એવો પણ પાર્થિવ હેતુ હતો. પોતે પતિના મરણથી જેમ દુઃખી થઇ તેમ દીકરા

રાના મરણથી પણ દુઃખી થવાનો પ્રસંગ આવે તો ? આવો સુંદર દીકરો, તેની આવી સુંદર કાયા, તે પણ તેના બાપની જેમ પડી જાય તો ? પતિ-વિયોગનું દુઃખ જેવું જ પુત્રવિયોગનું દુઃખ આવે તો ? આ પ્રેમ સકામ છે, છતાં ઉચ્ચ પ્રકારનો છે. પરિણામ પુત્રનું કલ્યાણ છે. સકામ પ્રેમ જ્યારે નીચ પ્રકારનો થાય છે ત્યારે અકલ્યાણકારી બને છે. આવા દાખલાઓ તો ઠેરઠેર નજરે પડે છે. છોકરું બોટલું હોય તો તેને આમ જંપશ મા ને તેમ જંપશ મા, એમ જ્યાં ત્યાં જવાની મનાઈ કરી, તેની કાયાને સાચવી, તે કોઈ પણ રોગનો એકદમ ભોગ થઈ શકે એવું નાજુક કરી મૂકનાર માબાપો ઓછાં નથી.

બાળકનું પરમ હિત, તેનું સુખ, તેની શાંતિ ને તેનું સ્વાસ્થ્ય સાધવામાં પોતાની જાતને વિસારી મૂકે એવાં માતપિતાઓને બાળકને લાગે-કારવે કે તે માંદું પડે તો પોતાને મહેનત કરવી પડશે એનો તેમનામાં તો વિચાર પણ નથી હોતો; પરંતુ બાળક દુઃખી થાય છે તેના દુઃખથી તેમનું મન કષ્ટ પામે છે. આવી બુદ્ધિનાં માબાપો તરફથી બાળકને કદી લાગ્યાં ઉપર માર પડે જ નહિ. ચેડીમાં ઝાડો થયો હોય ત્યારે એ ચડ્ડી કે બીજાં

કપડાં ધોવાની મહેનત આવી પડી એ વિચાર તેમને હોય જ નહિ; ઝાડો કેમ થયો એની તપાસ ને તરત દવાદારૂનો ઉપાય લઇ બાળકને સુદ્ધ સ્થિતિમાં જોવાની તેઓ તજવીજ કરે. નાની નાની બાબતોનું ધોરણ મોટી બાબતોમાં પણ હોય. પોતાની શાંતિનો ભંગ ન થાય, ઝાઝી તકલીફ ન પડે, એટલા માટે બાળક કહે તેમ કરી નાખનારાં પણ ઓછાં નથી. માંદું બાળક પેંડો ખાવા માટે હઠ લઇને બેઠું હોય ત્યારે બાપ કહેશેઃ "આપી દેને, રડતું મટે!" આમ બાળકના શરીરસ્વાસ્થ્યને ભોગે શાંતિ મેળવવી એમાં બાળક પ્રત્યેના પ્રેમ કરતાં સ્વાર્થનો ભાગ મોટો છે.

બાળક પ્રત્યેનું આપણું વર્તન ઝીણી દૃષ્ટિએ તપાસીએ તો આપણો સ્વાર્થ, આપણી સુખશાંતિ, અને બાળકના કરતાં આપણી મોજમજાની દૃષ્ટિ પ્રધાનપદ ભોગવતાં દેખાશે. સ્નેહમાત્રમાં આ પ્રકાર દેખાય છે. જેમ જેમ સ્નેહ સંસ્કારી અને ઉચ્ચ કોટિનો થતો જાય, તેમ તેમ સ્નેહી પોતાની જાતને ભૂલીને જેના પ્રત્યે સ્નેહ થાય છે તે મય થતો જાય છે. તેથી ઉલટું જેમ જેમ સ્નેહ નીચી કોટિનો ને સ્થૂળ કક્ષાનો હોય, તેમ તેમ સ્નેહી આગળ પોતાનું સુખ પ્રધાનપણે હોય છે. પોતે સુખી

થાય અથવા પોતાના દુઃખ કે સંકટનું નિવારણ થાય, માટે ઈશ્વરનું પૂજન, અર્ચન કરનાર, અને હું નહિ પણ તું જ એ ભાવનાથી ઈશ્વરને ચરણે લીન થનાર ભક્તની ભક્તિમાં એ જ ભેદ છે, એક ભક્તિ સકામ છે, બીજી નિષ્કામ છે: એક સ્વાર્થી છે, બીજી નિસ્વાર્થી છે.

નવા યુગના વિચારો ઝીલનારાંઓએ અને બાળપૂજાનો યુગ પ્રવર્તાવનારાંઓએ બાળકો તરફના પોતાના પ્રેમની શુદ્ધિ સાધવાની છે: આ શુદ્ધિસાધન એ જ આ યુગનો યોગ છે; એ જ ધાર્મિક સાધના છે. સ્નેહશુદ્ધિ આપણી પાસે ઝીણો વિચાર માગે છે; ઝીણું આત્મપરીક્ષણ માગે છે; ત્યાગ માગે છે; આપણા દરેકેદરેક વિચાર ઉપર, દરેકેદરેક ઉચ્ચાર ઉપર અને દરેકેદરેક આચાર ઉપર સતત અને જીવતો જાગતો પહેરો માગે છે.

બાળયુગનો એકજ મંત્ર હોઇ શકે: "હું નહિ પણ તું જ."

બાળકની આગણિ ને હઠ

તા રા બે ન

બાળકની માગણી

ઘણાંઓ માને છે કે લાડકું બાળક તો ત્યારે જ કહેવાય કે જ્યારે બાળક જે માગે તે તેને તરત આપવામાં આવે. શ્રીમંતનું બાળક તો તે જ કે જેના બોલ હેઠા ન પડે. ઘણાંઓ તો બાળકને એટલા જ કારણથી અભાગી માને છે કે બાળકે માગેલું બધું તેની પાસે તેઓ હાજર કરી શકતાં નથી.

આ ખ્યાલ એકલા જૂના જમાનાનાં લાડકવાયાં બાળકનાં ક્રોડીલાં માતપિતાનો જ નથી; પરંતુ આજના બાળયુગને બરાબર ન સમજનારાં માબાપો પણ ભૂલથી એમ જ માની બેસે છે કે બાળઉછેરની કઈ પદ્ધતિએ બાળકોને ઉછેરવાં હોય તો તેઓ માગે તે તેમને આપવું જ જોઇએ.

બાળકોની બધી માગણીઓ પૂરી પાડવી તે કંઇ માણસને તો શું, પણ ધનાઢ્ય અને સત્તાધીશ પણ ઘણી વાર અશક્ય જ છે. અને શક્ય હોય પણ ઘણી વાર તે જરૂર વગરની એટલે નુકસાન હોય છે, જ્યારે ઘણી વાર તો નુકસાન-

કારક જ હોય છે. બાળકોની માગણીઓ પૂરી પાડવી કે નહિ એ નક્કી કરવામાં જેટલો વિવેક વાપરવો જોઇએ તેટલો જ વિવેક આપણે કયા શબ્દમાં અને કઇ રીતે 'હા' કે 'ના' પાડીએ છીએ તેમાં પણ કરવો જોઇએ.

ઉપર કહ્યું તેમ બધી માગણીઓ પૂરી પાડવાની શક્યતા હોય છતાં હા ના પાડવાનાં સ્થળો અનેક છે. સામાન્યતઃ એવા બે પ્રકારો હમેશના છે. એક તો બાળક પોતાને જરૂર છે માટે નહિ પણ દેખાદેખીથી આડોશીપાડોશીનાં કે ઘરનાં ઇતર છોકરાંઓએ કાંઇક આણ્યું છે માટે, અથવા તેમની પાસે જોઇને બાળક વસ્તુની માગણી કરે છે તે છે. આવી માગણીઓને સદૈવ ના પાડવા જેવી હું ગણું છું. "એ...એ...મારે દડો જોઇએ." "શું કામ?" "એ...એ... પેલા બચ્ચુના કાકા કેમ લઇ આવ્યા?" વગેરે સંવાદો હમેશના પરિચિત છે. તેની સાથે એ અનુભવ પણ હમેશનો છે કે માબાપો એવી માગણી પૂર્ણપણે યોગ્ય ગણે છે. "કોઇકનું જુએ એટલે બાળકને મન થાય જ ના?" એ બાલમાનસ નિયમ તરીકે અબાધિત સ્વીકારાયેલું છે. બાળકોને જરાયે ન જોઇતી વસ્તુઓ બાળકો આ નિયમાનુસાર સંધરે છે ને મોટાંઓ તેમને તે

લાવી આપે છે. આજે ઘણી ખરી મોટાંઓની દુનિયા પણ આ જ નિયમાનુસાર ચાલે છે. ઘણાંખરાં સ્ત્રી પુરુષો પોતાના જીવનમાં જેની જરૂર ઉત્પન્ન થઇ હોય તે વસ્તુઓ વસાવવાને બદલે બીજા કોઇકે તે વસાવી છે માટે વસાવવા નીકળે છે; ને આવી રીતે નકામી વસ્તુઓના સંગ્રહના ભાર નીચે નકામાં દબાય છે. ઉપરાંત આ કુટેવ મનુષ્યને અસંતોષ અને અદેખાઇ પોષવા તરફ પણ લઇ જાય છે. બાળક પોતાની વસ્તુઓ સાથે આનંદથી રમતું હોય છે, પોતાની પ્રવૃત્તિમાં તલ્લીનતાથી રમતું હોય છે, એટલામાં પાડોશીને ત્યાં એકાદ નવું રમકડું આવે છે. બાળક ત્યાં જઇને જુએ, મિત્રભાવે રમકડાથી રમવાનોયે આનંદ લે, ને છતાં સંતુષ્ટ ને સુખી રહે એ બનવું શક્ય છે. પરંતુ જો બાળકને એક વાર એ રસ્તો મળે કે બીજાને છે ને મને કાં નહિ? તો આનંદને બદલે દુઃખ, ઇર્ષા, ને અસંતોષ તેને ભાગે આવે. આ રસ્તે બાળક ચડે કે તરત જ પહેલે જ પ્રસંગે જો બાળકને બીજે રસ્તે લઇ જવામાં આવે તો આવા અસંતોષમાંથી તે બચી શકે. એશક ઘરનાં મોટાંઓમાં એ પ્રકારની ઇર્ષાવૃત્તિ જો વસતી હોય તો બાળકમાં તે આવ્યા વગર ન રહે. ઉપર-

ઉપરથી બાળકને માત્ર ના પાડવાથી બાળકનો અસંતોષ ન જાય. આવા પ્રસંગોમાં કઈ રીતે ના પાડવી તેનો આધાર પ્રત્યક્ષ પ્રસંગ તેમ જ પરિસ્થતિ ને વિશિષ્ટ બાળક વગેરે ઉપર છે. પણ સામાન્યતઃ આપણે ત્યાં રમકડાં ખરીદવાના જે પ્રસંગો છે તે વખતે લાવશું એમ કહી શકાય. આવા પ્રસંગો ઘણા હોય; જેમ કે કોઇ કુટુંબમાં બાળકને તેના જન્મદિવસે કાંઇ અપાતું હોય, અથવા દીવાળી આદિ તહેવારને દિવસે કે માબાપ બહાર જાય ત્યારે આપવાનો રિવાજ હોય, વગેરે. વળી વસ્તુની તાત્કાલિક આવશ્યકતા છે કે નહિ તે જોઇને પણ જવાબ અપાય. એકંદરે તે સૌના પોતાના વિવેક ઉપર રહે છે.

વળી બાળક ઘણી વાર પોતાના ઉપયોગની વસ્તુઓ ઉપયોગને માટે લેવાને બદલે માત્ર સંગ્રહ ખાતર લેવા માગે છે. જેમ કે બાળક ચિત્ર કાઢવાની પેન્સિલો માગે છે. શા માટે? દુકાનમાં જોઇ માટે. ઘેર એક સેટ પડ્યો હોય તે વાપરીને ચિત્ર ઉપજાવવાનો આનંદ લેવાને બદલે "મારી પાસે આટલી બધી પેન્સિલો!" એવો આટલા બધાનો આનંદ લેવા માગે તો તેને જરૂર વિકૃત આનંદ ગણી ચોખ્ખી ના જ પાડવી જોઈએ; ના પાડવાની રીત

તો એ જ હોય કે "તારી પાસે છે તે વાપરી એટલે બીજી." અર્થાત્ આ 'ના'માં પણ પૂ વિવેક તો જરૂરનો છે જ. જેમ કે બાળકો ઘણુ વાર વસ્તુ હોય છતાં બીજી માગે છે; તેમાં સંગ્રહ-વૃત્તિ નહિ પણ તેમની સાચી જરૂરિયાત હોય છે. જેમ બાળકને એક વાર ચાલણગાડી લઇ દીધી; બે ચાર મહિને તે નકલ ફાટી ગઇ હોય ને બાળક નવી જુએ ત્યારે તેને તે ફરી વાર હાથમાં લઇ વાંચવાનું મન થાય એ સહજ છે. તે વખતે જેમનાથી ફરી વાર પાંચ પૈસા ખરચી શકાય તેવું હોય તેઓ ના ન જ પાડે. તે વખતે જો કોઇ કહે કે "તારી પાસે છેને ? તેમાંથી વાંચ." તો બાળક નિરુત્સાહી થાય. જેમને આવો અર્થ વારંવાર કરવો પોસાતો ન હોય તે બાળક માટે આટલું તો કરે જ કે "ચાલ, તારી ફાટેલી ચોપડી સરસ નવી બનાવીએ." ને ચોપડી બંધાવીને અને સાફ ગીન પૂઠું નાખીને બાળકને આપે. એવી જ ને બીજી બાબતમાં થઇ શકે.

બાળકો ઘણી વાર એવી વસ્તુઓ પણ માગે જેનો તેમને ઉપયોગ જ હોતો નથી. બે ામ બને છે. એક તો તે વસ્તુના ઉપયોગ ા હજી નાનાં હોય છે; જેમ કે મોટા

ભાઈ ચોપડી વાંચે છે અથવા લખે છે તે જોઇને "મને ચોપડી આપો." "મને પેન્સિલ આપો." અથવા બાપાનું, બાનું, માશીનું, કાકાનું જોઇને મને આ આપો ને તે આપો, એમ તેમનું ચાલે છે. ત્યારે "મોટા ભાઇ જેવડો થઇશ ત્યારે લઈ દઇશું." અથવા "થોડા દિવસ પછી લઇશું." વગેરે કહીને બાળકોની તે વખતની કક્ષાને યોગ્ય એવી જ વસ્તુઓ તેમને અપાવવી. "આનું હું શું કરીશ." તે બાળક આગળ ચોક્કસ હોવું જોઇએ. આને દેખાદેખીનો પ્રકાર ન ગણીએ, કારણ એમાં ઈર્ષા કરતાં માત્ર અનુકરણનો ભાગ હોય છે.

બીજી રીત તે કયાંક જોયું માટે માગવું તે છે. આ ઇચ્છા ક્ષણિક હોય છે, ને તે વસ્તુ લીધા પછી ઘરમાં તો તે નકામી જ પડી રહે છે, એવો સામાન્ય અનુભવ છે. બાળકોને માટે એક સામાન્ય નિયમ રાખીએ કે બજારમાં શું લેવું છે તે ઘરેથી નક્કી કરીને નીકળે; તેમ જ તે શા માટે જોઇએ તે પણ નક્કી કરીને નીકળે. બજારમાં ગયા પછી જો કોઇ વસ્તુ જોઇને મન થાય તો તે બીજી વખત બજારમાં જતી વખતે યાદીમાં આવે ને તે બીજે વખતે લેવાય. આમ થશે તો જોયું માટે લીધું, એમ કોઈ વાર નહિ બને.

આ બેઉ રીત નકામો સંગ્રહ વધારનારી છે. તે પરત્વેનું માનસિક નિયમન યોગ્ય કાળે આવવાની જરૂર છે. આ નિયમનને અભાવે મોટાંઓ પણ સંગ્રહ વધારે છે. ખરી રીતે બાળકની યોગ્ય માગણીઓ એટલી થોડી ખર્ચાળ હોય છે કે તેમની અયોગ્ય માગણીઓની–અનેકની–જેનાં આખર કારણો તો આપણે જ હોઇએ છીએ તેવી માગણીઓની 'ના' માંથી તેમની યોગ્ય માગણીઓ કોઇ પણ સામાન્ય સ્થિતિનો માણસ પણ સહેલાઇથી પૂરી પાડી શકે.

સારાંશ, દેખાદેખી અને સંગ્રહ ખાતર થયેલી માગણીઓની ચોખ્ખી 'ના' હોવી જોઇએ. સમજણાં બાળકોને તેનાં કારણો સહિત ના પાડી શકીએ. કાંઇક નીચે પ્રમાણે સંવાદ થાય.

"બા, મારે ફુગ્ગો લેવો છે."

"કેમ?"

"પેલા બટુકને માટે એના કાકા એ ફુગ્ગા લાવ્યા માટે."

"બટુકને માટે આણ્યા માટે આપણે આણવાની કાંઇ જરૂર નથી."

"પણ મારે જોઇએ."

"હા, તારે જોઇતા હોય તો લાવશું–આપણે બજારે જશું ત્યારે."

એ સિવાય બાળક માગે તે માગણી યોગ્ય હોય તો પૂરી પાડવી. તે માગે કે તરત તે પૂરી પાડવી જ જોઇએ એવી ટેવ પાડવાની જરૂર નથી. બાળક કવખતે માગે તે ન ચાલે: "બસ, હમણાં ને હમણાં લાવો, નહિ તો રડીશ." એ સ્વચ્છંદ તરફ બાળકને આપણે જ લઇ જઇએ છીએ. બજાર-માંથી લાવવાનું હોય તો બજારમાં જવાને વખતે જ મળે, બાવાનું હોય તો બાવાને વખતે જ મળે, બીજું કાંઈ આપણે જ કરી દેવાનું હોય તો અમુક નક્કી વખતે તેમણે માગણી કરવી; વગેરે પ્રકારના નિયમો આપણે આસ્તે આસ્તે દાખલ કરીને પાળશું ને પળાવશું તો બાળકોનું જીવન વ્યવસ્થિત થશે, ને તેથી તે વધારે સુખકર થશે. બાળકો માગે કારણે તો તે તરફ ધ્યાન જ ન અપાય, ઘરની વ્યવસ્થા કે બધી ધમાલમાં બાળકોને કશું બોલાવાપણું જ ન હોય, મોટાંઓની સગવડ પ્રમાણે જ તેમણે ઝોઠવાઇ જવું, એ બાળઉછેરનો એક બહુ જ પ્રચલિત અને બહુ જ સામાન્ય પ્રકાર છે. ઘર જેટલું મોટાં-ઓનું છે તેટલું જ બાળકોનું છે એ ન્યાય ઉપર આલપ્રેમીઓ બાળકોના હક્કો માટે લડે છે તે બરા-બર જ છે. પણ બાળકને હક્ક આપવા જતાં આપણે તેમને સ્વચ્છંદી, લહેરી, અવ્યવસ્થિત, બીજા કોઇની

પરવા જ નહિ કરનારાં કરી મૂકશું તો શા કામનું ? જેમ બાળકની પ્રવૃત્તિમાં તેને મોટાંઓએ ખલેલ ન કરાય તેમ જ મોટાંઓના કામમાં બાળકથીયે ખલેલ ન થાય. જેમ બાળકની ઇચ્છાને મોટાંઓ સન્માને તેમ મોટાંઓની ઇચ્છાને બાળક સન્માને. સામાજિક જીવનના આ સરલ સાદા નિયમો જો આપણે બાળક આગળ મૂકતાં ચૂકીશું તો આપણી બાળઉછેર પદ્ધતિ બાળકને જ અત્યંત હાનિકારક થઇ પડશે. એક બાજુ બાળકને સ્થાન જ નહિ ત્યાં તેનું ' વ્યક્તિત્વ ' એ શબ્દપ્રયોગ જ કાનને નવો ને ચમત્કારિક લાગે. એ સ્થિતિમાંથી બહાર નીકળવાનું પહેલું પગલું જો લઇ ચૂકયા હોઇએ તો બાળકના વ્યક્તિત્વનો યોગ્ય દિશામાં વિકાસ થાય તે જાતનું નિયમન ઘરમાં પ્રસ્થાપિત કરવાનું બીજું પગલું લીધે જ છૂટકો. બાળકની માગણી તરફ પૂર્ણ ધ્યાન આપવાનો સંકલ્પ કર્યા પછી માગણીઓનું પૃથક્કરણ ને તેનું યોગ્યાયોગ્યપણું નક્કી કરવું પડે. તેમ જ માગણીઓ કયારે કરવી, કોની પાસે કરવી વગેરે બાબતમાં ચોક્કસ નિયમો પણ દાખલ થવા જ જોઇએ. બચલી કંજિયે ચડી છે માટે બાલઇચ્છાને સન્માનનાર પિતા મળવા આવેલા મિત્રોને એસાડી તે જ વખતે શેરડી લેવા નીકળી પડે

તેમાં બચ્ચલીનું સાચું સન્માન નથી જ. બચ્ચલીના કજિયાને એક જ જવાબ હોઇ શકે: "કાલે સવારે બજારમાં જઇશ ત્યારે શેરડી લાવીશ." ને બચ્ચલીએ અત્યાર સુધી ન જાણ્યું હોય તો જાણી લેવું જોઇએ કે બાપા હમેશ એક જ જવાબ દે છે.

હવે બાળકને ના પાડવાની રીતો વિષે થોડો વિચાર કરવો ઘટે.

"તું નાનો છે." "તને શું આવડે?" "તું શું વાંચતો'તો?" "તું શું કરતો'તો?" "તારે શું કરવું છે?" વગેરે રીતો સામાન્ય છે, દેખીતી રીતે ખોટી લાગે એવી છે, ને છતાં એટલી પ્રચલિત છે કે આપણા મ્હોંમાંથી એ શબ્દો નીકળે છે એનું આપણને જ ભાન હોતું નથી! બાળકને તેનું નાનપણ કે તેની અણઆવડત આવી રીતે સંભારી આપવાં એ અસભ્યતા છે, અપમાનકારક છે, ને બાકળાને બાલ્યાવસ્થા પ્રત્યે કંટાળો ઉપજાવનારાં છે; એને બદલે "થોડા દિવસ પછી." "એક વરસ પછી." "તું વાંચવા લાગીશ ત્યારે લઇશું." "હમણાં તેનું કામ નથી માટે નથી લેવું." વગેરે વાક્યોથી ના પાડી શકાય.

"આપણે ગરીબ છીએ." "આપણી પાસે પૈસા નથી." એ ના પાડવાની એક બીજી પણ રીત

છે. આમ કહેવાથી બાળકમાં પોતાની સ્થિતિ પ્રત્યે ખૂબ અસંતોષ પેદા થાય છે; ને મોટે ભાગે એ અસંતોષનું બીજ માબાપના અસંતોષમાં છે. ગરીબાઈ ને શ્રીમંતાઇ એક રીતે સાપેક્ષ છે. બીજા વધારે શ્રીમંતની સાથે સરખાવતાં જે માણસ ગરીબ દેખાય તે ઓછા પૈસાદારની તુલનામાં શ્રીમંત થઇ જાય છે. ઘણા રાજાઓને પણ પોતાના કુંવરોને "ના ભા, આપણે ગરીબ છીએ. આપણે ફલાણું ન લઇ શકીએ." એવું કહેવું પડતું હશે, જ્યારે આઠ આનાનો મજૂર આખો દિવસ મજૂરી કરીનેય બાળકોને સંતુષ્ટ ને તૃપ્ત રાખતો હશે. બાળકો પાસે આપણી જગતની દૃષ્ટિ હોતી નથી; તેઓ આપણી દૃષ્ટિ આસ્તે આસ્તે લે છે. આપણે જો આપણી આર્થિક સ્થિતિમાં સંતુષ્ટ હોઇએ તો બાળકોનેય લાગે કે બધું બહુ સારું છે; પણ આપણને જ થતું હોય કે "હાય હાય, આપણે ગરીબ; આપણે ફલાણાની જેવી મોટર નથી; આપણે રૂપિયા ઉડાવી નથી શકતાં!" તો આપણે અસંતોષને લીધે આપણું કિંમતી જીવન ગુમાવીએ છીએ એ તો ઠીક, પણ બાળકમાં પણ તેનું બીજ રોપીએ છીએ. બાળકોને આવા દુષ્ટ રોગમાંથી આપણે જરૂર બચાવીએ. લક્ષાધીશ એક

મેળામાં જઇ સો રૂપિયા ખરચીને તેના બાળકને ખુશી કરે છે; એક સાધારણ માણસ બે આના ખરચીને પોતાના બાળકને તેટલું જ ખુશી કરી શકે છે. ઉલટું કદાચ લક્ષાધીશનાં બાળકો વસ્તુઓની અતિશયતામાં મૂંઝાઇ જઈ તેનો બરાબર આનંદ ન લઈ શકે, જ્યારે બીજું બાળક પોતાનો ફુગ્ગો ધરાઇ ધરાઇને ફુગાવી શકશે ને પોતાનું પંપૂડું છાતી ફૂલાવી ફૂલાવીને વગાડશે; ને તૃપ્તિની મધુર નિદ્રામાં લીન થશે! મેં બે ભાઇ જોયા છે; એકને રૂપિયા ૬૦ પગાર મળે: ઘરમાં ચાર છોકરાં ને સ્ત્રી. બીજાને રૂપિયા ૪૦૦ પગાર ને એક છોકરી અને સ્ત્રી. પણ ૬૦ ના પગારદારને ત્યાં છોકરાંઓ આનંદ કલ્લોલ કરતાં હોય; એમના બાપા એમની સાથે રમે, એમને માટે કવિતા કરે ને છોકરાંઓ તે આનંદથી ગાય; તેમને ગામમાં ફરવા લઇ જાય, લીલા ચણાના ઓળા લેવરાવે, વગેરે. એને ઘેર એક અર્ધો કલાક જઇને બેસો તો છોકરાંઓ એવી વાતો કરે ને હસે ને રમે કે જોઇને આપણે પણ સંતોષ પામીને ઘેર આવીએ. હવે પેલા બીજા ભાઇને ત્યાં જઇએ તો છોકરી કાંઇક માગતી હોય તો ભાઇ કહેઃ "પણ આપણે તેવી સાડી ન લેવાય. આપણે ગરીબની રીતે જ રહેવું જોઇએ.

મારી નોકરી તો આજ છે ને કાલે ન હોય, તો ? પેલું ઘર બાંધીએ એમાં પૈસા જોઇએ.” એવું એવું ચાલે. પેલી છોકરીને “હાય, આપણે ગરીબ છીએ !” નો રોગ લાગુ પડવા લાગ્યો. નિશાળની બીજી છોકરીઓ સાથે પોતાને સરખાવતી જાય ને મનમાં ને મનમાં દુઃખી ને અસંતુષ્ટ થતી જાય.

આ બાબતમાં બાબાપોએ બહુ ધ્યાન રાખવું. બાળકોને એક પૈસાની રેવડી અપાવો તોયે તેટલો જ આનંદ છે, ને રૂપિયાની બરફી અપાવો તોયે તેટલો જ આનંદ છે. “ હાય હાય, આપણે ગરીબ ! આપણે બરફી નથી લઇ શકતાં.” એ વિચાર મોટા માણસના મનમાં બીજાની સામે જોઇને પછી આવે છે. પરંતુ બાળકોનો આનંદ ખરી રીતે પૈસાથી વેચાતી લેવાની વસ્તુ છે જ નહિ.

બાળકની હઠ

આપણે બાળકને કહીએ છીએ: "હવે, હઠ-લક્ષ્ય મા." બાળકને ભાન થાય છે કે આપણામાં હઠ લેવાનું સામર્થ્ય છે. આપણે બાળકને કહીએ છીએ: "કેવો હઠીલો થઈ ગયો છે? કેવો જક્કી! એક વાર હઠ લે છે તે છોડતો જ નથી." બાળકને ભાન થાય છે: "હું હઠીલો છું. હું જક્કી છું." બાળક હઠ લેવાની કળા વધારે ને વધારે ખીલવતું જાય છે ને આપણે તેનાથી વધારે ને વધારે કાયર થતાં જઈએ છીએ. આપણે દુઃખી થઈએ છીએ ને બાળક આપણા કરતાં દસગણું વધારે દુઃખી થાય છે. આખો વખત એનું 'એ એં એં' ચાલે છે. બાળક અને આપણે એક નવીન જ-કેવળ અનાવશ્યક એવી ખટપટમાં પડીએ છીએ.

બાળકની હઠનો સાચો ઉપાય "તું હઠીલો છે." એમ કહેવાનો નથી, પણ આપણે મનમાં સમજી લેવાનો છે. હઠ ઉપર યોગ્ય ઉપચાર થવા માટે પ્રથમ તો આપણે હઠને ઓળખતાં શીખવું જોઈએ. ઘણી વાર હઠ ઉપર ઉપચાર લાગુ પડતો નથી એનું કારણ આપણે હઠ જેવી દેખાતી અનેક વસ્તુને હઠ માની બેસવાની ભૂલ કરીએ છીએ.

અથવા ખરી હઠને કાંઇ જુદું માનીએ છીએ, તે છે.

શુદ્ધ હઠને ઓળખતાં શીખવું એ હઠના ઉપચારનું પહેલું પગલું છે. માટે "આ હઠ કહેવાય ?" એ પ્રશ્ન આપણી આગળ હમેશ રાખવો જોઇએ.

એક ચાર વરસની બાળા પોતાની મોટી બેન સાથે પાડોશણને ત્યાં ગઈ. પાડોશણ કહે: "બેન, તમારે ત્યાં મારો પાટલો છે તે મોકલાવજો." બાળા ઘેર ગઇ ને પાટલો ઉપાડવા પ્રયત્ન કરવા લાગી. તે ક્રમે ઉપડે નહિ. બાલિકા રોવા લાગી; જોર જોરથી રાડ પાડવા લાગી. ઘરનાં માણસોનું પ્રથમ તે તરફ ધ્યાને ન ગયું એટલે બાળા વધારે જોરથી રડવા લાગી. એટલામાં તેના પિતાનું ધ્યાન તે તરફ ગયું. તેને રડવાનું કારણ પૂછતાં જણાયું કે તેને પાટલો ઉપાડીને પાડોશણને ત્યાં લઇ જવો છે. પિતા એકલો ઉપાડવા લાગ્યો, પણ બેન ફરીથી રોવા લાગી. તેને તો માત્ર મદદ જોઇતી હતી. પછી એક બાજુ તેના પિતાએ પકડ્યો ને બીજી બાજુ તેણે પોતે ને તેની બેને પકડ્યો; ને એમ કરી પાટલો પાડોશણને ત્યાં પહોંચ્યો. નાની બાળા તો આનંદથી નાચતી હતી: હર્ષથી પાડોશણને કહેતી હતી: "જો, અમે તમારો પાટલો લાવ્યાં."

પાટલેા ઉપાડતેા ન હતેા તે વખતનું બાળાનું રડવું ને રાડ પાડવું કેાઇ સામાન્ય બાળહઠ જેવું જ હતું. તે વખતે તેને જોઇતી મદદને બદલે "કેવી હઠીલી છે?" "એક વાત લે તેા મૂકે જ નહિ!" "શું કામ રાડેા પાડે છે?" "હમણાં નહિ." "તું નહિ, અમે પહેાંચાડશું." "શું કામ જીવ ખાય છે?" વગેરે બાળકેાને સામાન્યતઃ હમેશ મળતી પુષ્પાંજલિમાંથી કાંઇક એને મળ્યું હેાત તેા બાળા કેટલી દુઃખી થાત! તેણે ધારેલું એક સુંદર નિર્દોષ કાર્ય અધૂરું રહ્યાનું દુઃખ, ને તેની સાથે ઘરના પ્રિયજનેાની અસહાનુભૂતિનું બીજું દુઃખ!

શુદ્ધ હઠને ઓળખવા માટે બાલજીવનને નિકટથી, તેમના થઇને, તેમની નજરે જોતાં ને સમજતાં શીખવું જોઇએ. ને તેઓ જ્યારે જ્યારે કંજિયા ઉપર ચડે ત્યારે "આ હઠ કહેવાય?" એ પ્રશ્ન વિચારતા રહેવેા જોઇએ.

એમ કરીશું એટલે જણાશે કે ૭૫ ટકા બનાવેા (જેને આપણે હઠ ગણતા હતા.) તે હઠના હેાતા નથી; કેટલાક બાળક પેાતાની અશક્તિને લીધે રડે છે, તેા કેટલાક શારીરિક અસ્વાસ્થ્યને લીધે રડે છે, તેા કેટલાક થાકને લીધે કંજિયે

ચડે છે, તેના હોય છે. ને એવાં એવાં કારણો તપા-
સવા બેસીશું ત્યારે હઠ કોને કહેવાય એ મનમાં
સ્ફુરતું જશે; ને ક્ષણભર તો એવું પણ લાગશે કે
ખરેખર બાળદુનિયામાં હઠ જેવી વસ્તુ જ નથી.
પરંતુ એમ નથી. બાળકો કેટલીક વાર જેને
સામાન્ય ભાષામાં આપણે હઠને નામે ઓળખીએ
એવી વિકૃતિથી પીડાય છે, ને તેમને તત્કાળ યોગ્ય
ઉપચાર મળવાની જરૂર પણ હોય છે.

જ્યાં શારીરિક અસ્વાસ્થ્ય કે શારીરિક નબ-
ળાઇને લીધે બાળક કજિયાળું અને ચીડિયું થઇ
ગયેલું હોય છે, ત્યાં શારીરિક ઉપચારો તો પ્રથમ જ
કરવાના; તેને જરા સાચવી લેવાનું પણ ખરૂં.
પણ તે વખતે જ બાળક માનસિક નબળાઇ અથવા
વિકૃતિ તરફ જવાનો સંભવ હોય છે; ને તે
બાબતની પણ સંભાળ લેવી જોઇએ. તે વખતે
આપણે બાળકની માંદગીનું મહત્ત્વ વધારે પડતું
વધારીએ અથવા માંદું હોવાથી તેને વધારે પડતું
સાચવવા લાગીએ ને જે કહે તે કરવા લાગીએ,
તો બાળક હઠીલું બનવાનો સંભવ છે.

એકનું એક બાળક હોય ને તે કારણે તેનું
માન વ્યાજબી કરતાં વધે તો પણ બાળક હઠીલું
બને. સૌથી નાનું બાળક પણ ઘણી વાર હઠીલું

બને છે. શ્રીમંતોનાં બાળકો મોટે ભાગે હઠીલાં હોય છે. બાળહઠની અંદર જગતના રાજા થઈને ફરવાની ઇચ્છા હોય છે. અર્થાત્ જેના જેના ઉપર બાળકનો પ્રભાવ પડે છે તે બધાને બાળક પોતાની ઇચ્છા પ્રમાણે ચલાવવા માગે છે. આવી વિકૃત ઇચ્છા ત્યારે જ જાગે છે કે જ્યારે બાળકને ભાન થાય છે કે તેના રડવામાં કે તેના કજિયામાં એટલી શક્તિ છે કે તે મોટમોટાને પણ પોતાની આગળ નમાવી શકે છે.

એક ચાર વર્ષની બાલિકા એકની એક હતી. તેને એક મા ને સંભાળનાર એક બાઇ. બાઈના મનમાં એમ કે "એકનું એક છોકરું છે; તે જે કહે તે કરવું જ જોઇએ." માના મનમાં એમ કે "એકની એક છોકરીને યોગ્ય રીતે ઉછેરવી જોઇએ." બાલિકા સ્વચ્છંદી થઇ કાંઈ કહે તો મા એને નિયમો આપે. બાલિકા રડે; મા ધ્યાન ન આપે. જરા વાર થાય ત્યાં બાઇ આવે ને કહેઃ "કેટલાં નિર્દય મનનાં છો? એકનું એક છોકરું, ને એટલું રડે છે તોયે તમને દયા આવતી નથી?" પોતે તેડી લે, ખાવાનું આપે, સમજાવે; 'મારા રાજા' ને 'મારા હીરા' કહીને તેને મનાવે. બાલિકા શરીરે સુદૃઢ છતાં રોજ દિવસના બે ત્રણ વાર રડે; ને રડે તે કલાકો

સુધી. બાલિકાને હઠનો રોગ લાગુ પડ્યો કહેવાય.

બાલિકાની માંના ધ્યાનમાં આ વાત આવી. તરત એકતંત્રી રાજ શરૂ થયું. એક બે વાર સખ્ત રડવાના પ્રસંગો આવી ગયા, પરંતુ માતાએ એકતંત્રી અને દૃઢ નિયમન રાખ્યું તેથી બાલિકા આઠ દિવસની અંદર સાવ બદલાઇ ગઇ. આઠ દિવસ પહેલાં જે દુઃખી ને રોતલ હતી, તે આઠ દિવસ પછી આનંદી, હસતી તે સુદૃઢ મનની બની ગઇ.

ઉપરના દાખલામાં જે ભાગ પેલી સાચવનાર બાઇએ ભજવ્યો તે ઘરમાં મોટે ભાગે પિતાએ વિરુદ્ધ માતાઓ ભજવે છે. બાઇને રજા આપી દેવાનું શક્ય હતું; કુટુંબો તોડી નાખવાં અશક્ય છે. પરિણામે બાળકો હઠના ભોગ થઇ પડે છે. આપણે ત્યાં તો એમ જ મનાય છે કે આમ જ હોવું જોઇએ. જે મારે કે વઢે તે કાંઇ પોતે જ બાળકને મનાવી શકે ? એક વઢનાર; નિયમ આપનાર અને સખ્તાઇ બનાવનાર જોઇએ; ને બીજું આવે પ્રસંગે તેને પ્રેમથી પાસે લેનાર જોઇએ. મા વઢે એટલે બાળક નાની કે દાદી પાસે જાય, ને તે તેને " હશે હશે; હવે રોઇશ મા. " કરીને પાસે લે. એ જાતની નિયમનની ખોટી કલ્પના આજે

આપણામાં ઘર કરીને બેઠી છે, ને તેથી બાળકો કારણ વગર દુઃખી થાય છે.

હઠની અંદર બે તત્વો ખાસ હોય છે; એક પોતાનું ધાર્યું કરાવવું ને બીજું નિયમનને આધીન ન થવું. બાળક શું ને મોટાં માણસો શું, ઇચ્છાશક્તિ (will) ખોટે માર્ગે વાપરે કે અવિચારે (unreasonably) વાપરે ત્યારે તે હઠ કહેવાય, ને વિવેકથી વાપરે ત્યારે તે ઇચ્છાબળ કહેવાય. બાળકમાં વિકસતી ઇચ્છાશક્તિને હઠનું નહિ પણ બળનું રૂપ આવે તે માટે નિયમનની આવશ્યકતા છે. ખોટા લાડથી લડાવેલું બાળક નિયમનને આધીન ન થવામાં પોતાનો ખાસ હક્કો માને છે, ને નિયમન પળાવતાં માબાપને આખરે પોતાની ઇચ્છા પ્રમાણે નમાવવામાં સત્તાનો વિકૃત આનંદ અનુભવે છે.

હઠીલું બાળક અવિકસિત રહે છે. તેની અંદર શક્તિઓ હોવા છતાં તે ખીલી શકતું નથી. પરિણામે બાળક ને આપણે બન્ને દુઃખી થઇએ છીએ.

હઠને કાઢી નાખવાની જૂની રીત હઠને તોડવાની છે (break the will). બાળકની ઇચ્છાશક્તિ તોડીને તેને આજ્ઞાંકિત બનાવવાની

આ જૂની રીત જરાયે પસંદ કરવા જેવી નથી. તેનાથી બાળક ઉલટું અંદરથી વધારે બળવાખોર અને ખુન્નસવાળું બને છે, એટલે કે તેની ઇચ્છા-શક્તિનું બળ ઘટતું નથી પણ વધારે દૃઢતાથી વિકૃત બને છે; ને કાં તો બાળક બીકણ ને ન-માલું બને છે, એટલે કે તેની ઇચ્છાશક્તિ સાચે જ તૂટી જાય છે, વિકસતી નથી, ને પરાધીન રહે છે. હકનો એક જ ઉપચાર તે દૃઢ નિયમન. આપણું નિયમન બરાબર છે કે નહિ તે જરૂર તપાસતા રહેવું જોઇએ. પણ નિયમન આપ્યા પછી તે બાબતમાં દૃઢ-પથરા જેવા-પ્રેમાળ સૃષ્ટિમાતા જેવા દૃઢ જ રહેવું જોઇએ. વધારે બોલવાથી ફાયદો થતો નથી; સમજાવવાના પ્રયત્નો પણ નકામા હોય છે. શાંતિથી ને દૃઢતાથી બાળ-કનું રડવું ને હાથપગ પછાડવું ને બીજું બધું સાંભળવું જોઇએ. આવાં એક બે દિવ્ય (ordeals) માંથી બાળક પસાર થઇ સાચે રસ્તે આવી જાય છે.

તોફાની બાળક

ગિજુભાઈ

તોફાની બાળક

બાલમંદિરમાં જ્યારે માબાપો પોતાનાં બાળકને દાખલ કરાવવા આવે છે ત્યારે તેમાંનાં કોઇ કોઇ કહે છેઃ "સાહેબ, આ છોકરો જરા 'તોફાની' છે; પાંશરો કરવો પડશે. ઠોંઠટાપલી કરતા રહેજો." બાલમંદિરના નવા નવા શિક્ષકો પણ અંદર અંદર વાતો કરતાં કહે છેઃ "આ છોકરો તો માળો 'તોફાની' છે. એને જરા ઠેકાણે લાવવો પડશે."

નિશાળોમાં 'તોફાની' છોકરાને માર મારવામાં આવે છે, તેની પાસે ટિકીટ પકડાવે છે, ઊઠબેશ કરાવે છે, ધક્કા ફેરા ખવરાવે છે.

ભણાવતી વખતે શિક્ષકો 'તોફાની' છોકરાઓને વિસરતા નથી. તેમને ઠેકાણે લાવવા સંભળાવે છેઃ "તોફાની છોકરાની સાથે કોઇએ રમવું ન જોઇએ. તોફાની છોકરાઓ જીંદગીમાં હેરાન થાય છે. તોફાની છોકરાઓ કોઇને સારા લાગતા

નથી.” કોઇના ઘરમાં જઇને બેસશું તો ત્યાં પણ તોફાની છોકરાઓની સામે મા કે બાપને બળાપા કાઢવાનું હશે જ. તેઓ કહેશેઃ “ભાઇ, આ છોકરાથી તો હરવાળ્યાં. આના કરતાં વાંઝિયાં સારાં. આખો દિવસ તોફાન તોફાન ને તોફાન! આ તે કેમ સહેવાય?”

માબાપ અને શિક્ષકની દૃષ્ટિએ ફોજદારી કાયદાની કલમો વધતી જ જાય છે, તેમ તોફાની છોકરાંઓની વસ્તી વધતી જ જાય છે. કોઇ રીતે તોફાન અટકાવવા તેઓ માગે છે, પરંતુ હજી સુધી તેનો રસ્તો જડતો જણાતો નથી.

પણ આપણે તોફાની કોને કહીએ છીએ તે જરા જોઇએ.

ઘરમાં બપોરે માબાપ ઊંઘતાં હોય ત્યારે છોકરાંઓ જે તે રમે છે, ને રમતાં રમતાં અવાજ ને બોલાચાલી કરે છે, તે છોકરાં ‘તોફાની’.

છોકરાં ફળિયામાંથી મેડીએ જવા જાળિયેથી ચડે ઉતરે, કે લીંબડે ચડે ને લીંબોળી પાડે, કે હાંકરે ચડે ઉતરે તો તે છોકરાં ‘તોફાની.’

ભૂખ લાગે ને ખાવા માગે, અને બા બીજા કામમાં હોય ને ધ્યાન ન અપાય, તો વારેવારે માગે ને બાને પજવણી લાગે, તો તે છોકરાં ‘તોફાની.

બા આજે એક એવો મનસ્વી હુકમ કાઢે કે "બપોરે વાંચવું નહિ." ને કાલે બીજો હુકમ કાઢે કે "બપોરે પાઠ કરી લેવા જેથી રાત્રે આંખો બગાડવી ન પડે." ને છોકરો ગોટાળો કરે કે એમાંથી એક્કે ન કરે તો તે 'તોફાની.'

બા કે બાપા કોઇની સાથે કંઇ કામ કરતાં હોય કે વાત કરતાં હોય, ને છોકરું વચ્ચે વચ્ચે આવીને પૂછે ને વિક્ષેપ પાડે તો તે છોકરું 'તોફાની.'

કંઈક જોવાનું નીકળે ને છોકરું ના પાંડતા છતાં જોવા દોડે તે છોકરું 'તોફાની' ને બાંગરું જે બાનું કામ ન કરે, ભાઇબાંડુ સાથે બાઝે, કજિયા કરે તે પણ 'તોફાની' ગણાય. આવાં તો કેટલાંયે તોફાનો ગણાવાય.

શાળામાં તે છોકરો 'તોફાની' છે કે જેને પાઠ નથી આવડતા, જે માસ્તરનું કહ્યું એકદમ નથી કરતો, જે માસ્તરના ચાળા પાડે છે, જે બીજાં છોકરાઓને બીજવતો દેખાય છે, જે બીજા છોકરાને મારે છે કે પજવે છે, જે શાળાની શિસ્ત સત તોડી ફોડી નાંખે છે, ને જે ચાલતા પાઠે બીજા છોકરાને ગોદા મારે છે કે કાગળની ગોળીઓ કરી ફેંકે છે.

શેરીમાં તે છોકરાઓ 'તોફાની' ગણાય છે

તોફાની બાળક

કે જેઓ રસ્તે ચાલતાં કોઇનું અડચણ આંધળાની લાકડી લઇ જાય, કોઇ આંધળી ડોશી લપાટ મારે, કોઇના ઘરની સાંકળ ચડાવી દે કોઇના બારણે ધા નાખે, ધૂળ પથરા ઉડાડે, કોઇની સામે ભૂંડા ચાળા કરે, અગર ભૂંડું બોલે.

બાલમંદિર જેવી નંવી શાળામાં થતો શિક્ષક વગર સમજણે તે બાળકોને 'તોફાની' ગણે છે. કે જેઓ કાં તો કોઇના ઉપર મૂતરે, કોઇને બાખોડિયાં ભરે, કાં તો કોઇના ઉપર થઇને ચાલે, કોઇનો ચોટલો ખેંચે અથવા તો સાધનો પછાડે, કીધું ન કરે, પાણી પીતાં પાણી ઢોળે, બેસાયું હોય ત્યાંથી સટકીને નાસી જાય, બોટાં બહાનાં કાઢી ભાગી જાય કે ભૂલ બવરાવે, અગર તો ભૂંડો પાડે, ઠરાવેલા નિયમોને તોડવામાં આનંદ લે; અથવા કંઇ કર્યા વિના રખડે રઝળે.

જ્યારે આપણે બાળકને 'તોફાની' કહીએ છીએ ત્યારે આપણે તેનામાં એક જાતનું ગુનહેગારપણું આરોપીએ છીએ. બાળક જાણે કે ઘર, શેરી કે શાળાની સામે અજ્ઞાનપણે અને ધરાંદા-પૂર્વક જ મસ્તી કરે છે એવું માનીએ છીએ. આપણે એમ કહેવા માગીએ છીએ કે તે જે બધું કરે છે તે તોફાન-બરાબ કૃત્ય છે માટે ન કરવું જોઇએ.

આપણે રોજ ને રોજ આ તોફાન, આ તોફાન, આ તોફાન એમ કહીએ છીએ, તેથી બાળકો પણ આપણે જેને તોફાન કહીએ છીએ તેને તોફાન કહેવાનું શીખે છે; તેઓ પોતે તોફાની છે એમ પણ માને છે. બીજાં છોકરાંઓ જ્યારે તેવું કરે છે ત્યારે તેઓ "પેલો તોફાન કરે છે." એમ કહીને ફરિયાદ કરે છે. વળી બધાં તોફાની છોકરાંઓને માટે કોઇ વાર માર, કોઇ વાર ધમકી, કોઇ વાર ઠારો, કોઇ વાર હાંકી કાઢવું વગેરેમાંથી કંઇ ને કંઇ છે એટલું જાણતા છતાં, ને તોફાનનું ફળ ભોગવતા છતાં તોફાન કર્યા કરે છે; અથવા તો છાનું તોફાન કરે છે. તોફાન કરવાની ના પાડનારની ઉપર મનમાં ગુસ્સો આણીને કરે છે; તેને ચીડવવા કરે છે; તેની આંખમાં ધૂળ નાખવા, તેની હાંસી કરવા ને તેને દુઃખ દેવા કરે છે. કારણ કે તેને અનુભવ થયો છે કે તેમ કરવાથી તેઓને અસર થાય છે.

ખરી રીતે કોઇ પણ બાળક ઉપરનાં અર્થમાં 'તોફાની' નથી જ. બાળક તોફાની હોતું જ નથી; કોઇ પણ બાળકને તોફાની થવાનું ગમે જ નહિ. કારણ કે તોફાન એ કંઇ મન કે શરીરની મજા નથી.

ઘર, શેરી કે શાળામાં જે બાળકોને 'તોફાની' કહેવામાં આવે છે તેના વર્ગો પાડી શકાય. એક વર્ગ પ્રાણવાન બાળકોનો છે. શરીર અને મન જેમનાં તાજાં છે, તેઓ કંઈ પણ પ્રવૃત્તિ માગે જ છે. તેઓ નવરાં બેસી ન જ શકે. તેમને કામ ન આપીએ તો તેઓ સડે છે. તેમને પક્ષ્યા રહેવામાં સંકટ છે; આખો દહાડો કંઈ ને કંઈ કર્યા કરે છે. તે બાળકને જો 'તોફાની' કહીએ તો માંદા અપંગ ને અક્રિય બાળકને ડાહ્યું કહેવાનું રહ્યું! જો કે અત્યારે આપણે તેને જ ડાહ્યું કહીએ છીએ કે જે નિષ્પ્રાણ છે, જે માત્ર કીધું કરીને બેસે છે, જે જીવવા તનમનાટ નથી કરતું, અને મંદતામાં મહાલે છે. દોડવું, કૂદવું, ચડવું, ઉતરવું, હુજરો રમતો શોધવી ને કરવી, કંઈ કંઈ નવા નવા નુસખા ઉભા કરવા, ખડખડ હસવું, એ બધાં જીવનનાં લક્ષણો છે. આપણે જેને તોફાન કહીએ છીએ તેવું જ્યારે બાળકો કરતાં હોય છે (જેમ કે ખાડા ગાળતાં, ગારો કરતાં વગેરે.) ત્યારે તેમનાં મ્હોં લાલ લાલ દેખાશે, આંખોમાં તેજ દેખાશે; તેઓ પ્રસન્નતાથી ભરેલાં હશે. આ પ્રાણવાન બાળકોને આપણે એટલા જ માટે તોફાની કહીએ છીએ કે આપણે તેમની પ્રવૃત્તિની કદર કરતાં નથી; તેમને

યોગ્ય ગણતાં નથી, ને તેમ કરી તેમનો વિરોધ કરીએ છીએ. બીજી તરફથી આપણે તેમને નવી નવી પ્રવૃત્તિઓ કરવા જ નથી દેતાં તેનાં કારણો ઘણાં છેઃ જેમ કે હાથ બંગડશે, પગ ભાંગશે; ગંડબડ થાય છે, વગેરે. આથી જ બાળક પોતાના શરીર તથા મનનું સ્વાસ્થ્ય ખોઇ બેસે છે; ને પછી તે આપણને વધારે પડતું અસંહ્ય, જંગલી ને 'તોફાની' લાગે છે. ખરી રીતે આપણે બાળકને જો પ્રવૃત્તિ આપશું તો બાળકને 'તોફાની' થવાની પીડા મટી જશે. એટલા માટે જ આપણે બાળકને યોગ્ય પ્રવૃત્તિ આપવાની કાળજી લેવી જોઇએ. તે માટે યોગ્ય સ્થળ અને કાળનો નિશ્ચય કરી આપીએ તો આપણા અને તેના કામકાજમાં અથડામણ આવે નહિ.

'તોફાની' બાળકોના બીજા વર્ગમાં જિજ્ઞાસુ બાળકો આવે છે. નવું નવું જાણવું એ બાળકોનો તો ખાસ સ્વભાવ છે. જિજ્ઞાસા એટલે જ્ઞાનમાર્ગ. આપણે બાળકોની યોગ્ય જિજ્ઞાસા તૃપ્ત નથી કરતાં તેથી બાળક ઘણી રીતે 'તોફાન' કરે છે. તેઓની જિજ્ઞાસાના પ્રયત્નોની વચ્ચે ન આવીએ અને તેમની જિજ્ઞાસા વિવેકથી તૃપ્ત કરીએ, તો તેઓ 'તોફાની' મટી જશે.

બાળકોની નાની લાગણીઓને, નાના અભિલાષોને, આગળ વધવાની નવી શક્તિને સમજવાનો પ્રયત્ન કર્યા વિના મનસ્વી થઈ જ્યાં જ્યાં આપણું રાજ્ય અતંત્રપણે ચલાવીએ છીએ, ત્યાં ત્યાં બાળકો સદૈવ અનિશ્ચિત અને અસ્થિર રહે છે. તેમની પાસે પોતાનું કે માબાપનું ઘરમાં જીવવાનું એક પણ ધોરણ ચોક્કસ ન હોવાથી ને માબાપના મનસ્વીપણાનું ધોરણ ન સમજવાથી તેઓ અણછૂટકે અવ્યવસ્થા ને અનિયમિતતાના ગોટાળામાં ગોટવાય છે, ને 'તોફાની' માં ખપે છે. ખરી રીતે તેઓ મૂંઝાયેલાં અને દુઃખી રહે છે. તેઓ અંધારામાં અડથડિયાં ખાધા બરોબર ચાલે છે. માબાપ પોતે જ ખરી રીતે તોફાની છે તેથી છોકરાંને તોફાની ગણી કાઢે છે; અચોક્કસ ને અવ્યવસ્થિત ગૃહતંત્ર 'તોફાની' બાળકને પેદા કરે છે.

ઘણી વાર આપણે બાળકોને સમજતાં જ નથી, ને તેથી તેમને 'તોફાની' કહીએ છીએ. તોફાન શબ્દ ખૂબ વ્યાપકપણે વાપરીએ છીએ. બાળક આજ્ઞા ન પાળે તો 'તોફાની.' ઝટ દોડતું જાય ક્રોધને બોલાવી લાવે નહિ તો 'તોફાની' ગાડીમાં કે મોટરમાં બેસતાં બ્રહીએ ને રડે તો 'તોફાની'; વાત એમ હોય છે કે ઘણાં બાળકોને નાની નાની

મુશ્કેલીઓ અને મૂંઝવણો હોય છે; તેથી તેઓ હુકમ નથી ઉઠાવતાં; ઘણી વાર આપણે જેને સાવ નજીવું કારણ ગણીએ તેનાથી તેઓ ડરે છે; આપણે ચીડાઈએ છીએ. બાળકને આગળ પાછળ જે બાબતમાં કડવો અનુભવ થયો હોય, તે તે કરશે નહિ. તે નથી કરતું તેનું કારણ, કરે તો ફરી તેવો જ અનુભવ થાય તેવી તેની બીક છે; આપણું ન માનવાની વૃત્તિ છે એમ નથી. આપણે પોતે જ બહુ ઝીણવટથી બોલતાં નથી, તો બધાં બાળકોને તો બારીકીથી જવાબ દેતાં ક્યાંથી આવડે? ગોળો ઉંચે હતો ને બાપે પાણી મગાવ્યું; છેક નાનું બાળક કહી ન શકયું કે અંબાતું નથી પણ તેણે "નહિ લાવું." એમ કહ્યું; બાપને લાગ્યું કે તે માનતું નથી! બાળકને આપણે સમજવા લાગશું પછી તેનાં ઘણાં તોફાનો એ તેની મુશ્કેલીઓ છે એમ આપણને બાતરીપૂર્વક લાગશે.

'તોફાની' બાળકનો એક વર્ગ અવ્યવસ્થિત બાળકોનો છે. તેઓ અવ્યવસ્થાપ્રિય નથી; ખરી રીતે અવ્યવસ્થામાં તેઓ અકળાય છે ને થાકે છે. પરંતુ તેઓ વ્યવસ્થામાં જાણતાં નથી; તેમને આપણે વ્યવસ્થાનો માર્ગ બતાવ્યો નથી. બાળકો આપણે સૂતા હોઈએ ને તાણીને રમે, વાસણો

કુસણો પછાડીને મૂકે લે, દાદરે ચડે ઉતરે તો ધપધપ ચડે ઉતરે, ગાલીચા ઉપર દોડે તો પગ ગમે તેવા હોય તો પણ પરવા ન કરે, હોકારા કરે, ગમે તેવા તોછડા જવાબો આપે, બારણાં ભટકાવે, કોઇને ત્યાં જાય તો ત્યાં ઉંધુંચત્તું કરી નાખે, ખુરશીઓ ઉપર બેસવાને બદલે તેને ઉંધી પાડે, ભટકાઇને ચાલે, અથડાયા કરેઃ આ બધું તોફાન મોટે ભાગે માત્ર અવ્યવસ્થા હોય છે. બાળકોને માત્ર કહેવાથી તેઓ વ્યવસ્થિત નથી થતાં. તેમને હાથ કેમ ધોવા, કેમ વર્તવું, કેમ બોલવું ચાલવું, વાતો કેમ કરવી વગેરે સામાજિક અને શરીરના ઉપયોગની બાબતો બતાવવી પડે છે. બાળકો સદાશયી છે; શક્તિ મેળવવા માગે છે; અવ્યવસ્થામાંથી છૂટવાનો આનંદ લઇ શકે છે. એટલે જો તેમને યોગ્ય ઉંમરે કેમ વર્તવું એ બતાવીએ ને ફરી ફરીને તે કરવાની તેમને તક આપીએ, અગર જરૂર પડે તો કરાવીએ, તો બાળકોને આ બાબતમાં 'તોફાની' કહેવાં નહિ પડે.

બાલમંદિર જેવી શાળામાં નાનું બાળક આવીને બધું ઉથલાવે છે; વસ્તુઓ તેના હાથમાંથી પડીને તૂટી જાય છે; તે બીજાનું ખેંચી લે છે ને ન મળતાં રડે છે; તે ધમાધમ કરી મૂકે છે; કશી

બાત સાંભળતું નથી. ભૂલથી આવા બાળકને 'તોફાની' કહેવાઇ જવાય, પરંતુ તે તોફાની નથી. તેના હાથના સ્નાયુઓનો સમન્વય સધાયો નથી, તેની ઇંદ્રિયો બિનકેળવાયેલી છે; તેને પોતાને શું ખરેખર જોઇએ છે, શું વિકાસ આપનારું છે, તે તે જાણી શકયું નથી; તે પોતાની વ્યક્તિને પિછાનતું નથી, ને તેથી તે અસમતોલ છે-અણઘડ છે. તે જ બાળક થોડા દિવસ પછી જ્યારે દડદા વગેરે વાપર્યા પછી નવી આંખ મેળવે છે, જ્યારે વાળીચોળીને અને હાથ ધોઇને તથા મુતાંનની ક્રેમો વાપરીને હાથના સ્નાયુઓને કાબૂમાં લે છે, જ્યારે લીંટી ઉપર ચાલીને દેહની સમતોલતા મેળવે છે; જ્યારે શિક્ષક સાથે વાતચીત કરીને તથા વાતો અને વાર્તાઓ સાંભળી ભાષામાં પ્રવેશે છે, ને મોન્ટીસોરી પદ્ધતિનાં પ્રબોધક સાહિત્યોના વપરાશમાં થતી એકાગ્રતા, ક્રિયાશક્તિનો વ્યાયામ, બુદ્ધિની નિર્મળતા, વગેરેને પરિણામે તેનું માનસ ઘડાય છે ને તેની ઇંદ્રિયો સંસ્કારિતા પામે છે, ત્યારે તે નવો જ જન્મ પામે છે. તે બીજું જ બની જાય છે. તે શાંતિથી એક પછી એક કામ કરતું જોવામાં આવે છે. તે પૂર્વે વસ્તુ ઉપર થઇને ચાલ્યું જતું હતું તેને બદલે તેને તેનામાં અદ્ભુત ફેરફાર કરનાર શક્તિ તરીકે

ઓળખી તેને સન્માનશે. તે પ્રથમ શિક્ષકનું કાને જ ધરતું ન હતું તેને બદલે શિક્ષકની આજ્ઞા ઉઠાવવા આતુરતા બતાવશે. તે તેના સાથીઓ પાસેથી ઝૂંટવી લેવાને બદલે પાસે ઉભું રહી જોશે, સાથે કામમાં લાગશે ને તેના આનંદમાં ભાગ લેશે. ટૂંકમાં તે બદલાઇ જશે. ઓળખાય પણ નહિ એવું બનશે. રાડારાડ અને ધમાચકડી કરતું પ્રથમ દિવસનું બાળક અને ત્રણ કે છ માસ પછીનું બાળક બન્ને જુદાં લાગશે; બન્ને એક જ છે એમ આપણે ઘડી વાર કબૂલવા ના પાડીએ. પ્રથમ તે બાળક 'તોફાની' ન હતું પણ અવ્યવસ્થિત હતું; મોન્ટીસોરી શાળામાં તેને યોગ્ય પ્રવૃત્તિ મળતાં તે વ્યવસ્થિત થઈ જાય છે. તેને કોઇ તોફાન કહે તો તે બાળકને સમજતો નથી એમ જ કહેવું પડે. આમ બાળકને સમજવામાં ભૂલ થાય છે, ને તેથી તે 'તોફાની' માં ખપે છે. જો શાળા તેને વ્યવસ્થા ન આપે તો તે કાયમનું અવ્યવસ્થિત રહે. તેમાં તેનો દોષ કયાં છે? અને છતાં આપણા દોષને લીધે આપણે તેને 'તોફાની' નો ઈલકાબ આપીએ ને બાળક પણ તેમ જ માનતું થાય, એ એક વિચિત્રતા છે! સાવ સાજા ને સોજા બાળકને આપણે જ 'તોફાની' બનાવી શકીએ છીએ એ

વાત આપણા - લક્ષ ઉપર કોઈ રીતે આવે તો ?

શાળામાં છોકરાંઓ ‘ તોફાનો ’ માટે મશહુર છે. ઘણુંખરૂં હોશિયાર ગણાતાં છોકરાંઓ ‘ તોફાની ’ જણાયાં છે. ઠોઠ છોકરાંઓ ભલાં ને ડાહ્યાં દેખાય છે; હોશિયારને બધું સરસ આવડે છે તેથી તેઓ દબાતાં નથી; તેમને તે કારણે શિક્ષાનો ભય નથી. તેઓની સામે જ્યારે શિક્ષક મિથ્યાભિમાન કરે છે, ખોટા હુકમો કરે છે, ડંફાસ મારે છે, ત્યારે તેઓના મનમાં શિક્ષકનું માન ઘટે છે. તેમની હોશિયારી ઘણા શિક્ષકો સાંખી શકતા નથી. તેઓ ઠોઠ ન હોઈ જલદી બધું - હાજી હાજી નથી કરતાં પણ પૂછપરછ કરે છે, જે ઘણી વાર શિક્ષકને ભારે પડે છે. પછી તેઓ ‘ તોફાની ’ ગણાય છે. તેમની ‘ હોશિયારી ’ જ ‘ તોફાન ’ થાય છે. એક વાર તેઓ ‘ તોફાની ’ની યાદીમાં આવ્યાં પછી તેઓ તે પદવીને છાજે તેવું તોફાન કરે છે; અજાણપણે તેઓ તે કામ લઈને બેસે છે. પછીથી શિક્ષકને હેરાન કરવાનું શોધે છે. મીણબત્તી લાદી પર ઘસી શિક્ષક પડી જાય તેવું કરે છે, ને શિક્ષક ચાલતાં પડે છે એટલે તેમને આનંદ આવે છે. આ તેમના મનની વિકૃતિ છે. પણ તેઓ હોશિયાર હતા; તેમના ઉપર ખોટું દબાણ અને રોફ આવ્યો.

તેમને શિક્ષક સહી ન શકયો; ઠોઠને સારા ને ભલા કહી શિક્ષકે વખાણ્યા ને આ લોકોને ધમકાવ્યા. એટલે સમતોલતા જતાં બીજે છેડે જવાયું. હોશિયાર છોકરાઓનો મિત્ર બનવાને બદલે જ્યારે શિક્ષક ઉપરી થઈ જાય, ત્યારે છોકરાઓ નિયમન છોડીઃ નિરકુંશ થાય તો તેની જવાબદારી શિક્ષકની છે. માટે જેમ પ્રવૃત્તિ માગનારાં બાળકોને તોફાની ન કહી શકીએ તેમ જ હોશિયાર બાળકોને તોફાની ન કહી શકીએ.

શાળાના ચાલતા કામમાંથી બીજાં બાળકોને રમવા ઉપાડી જનારા, મોટા છોકરાઓના વર્ગોમાં બેઠાં બેઠાં કાગળની ગોળીઓ ફેંકનારા, માસ્તર ન દેખે તેમ પાટીમાં કે જમીન પર કચુડકચુડ કરનારા, કેઃ હુહુ કે હીહી કરનારા છોકરાઓ 'તોફાની' હોય છે; કારણ કે અભ્યાસમાં અને શિક્ષકમાં તેમને રસ પડતો નથી. ભણવું જ્યારે એક અપ્રિય દબાણ થાય ત્યારે અકળામણ જ આવે. નિયમનને કારણે જ્યારે બહાર તો ન જ જવાય, ત્યારે ત્યાં બેઠાં બેઠાં શું કરવું ? છોકરાને પોતાની અને સૌનિરસ્કારના કંટાળો છૂટે. પોતે સરખામણીમાં બીજાથી તે માટે જે પણ લાગે. પછી તેનું જાણે કે વેર લેવા ન કરવી ? કંઈ નહિ તો બીજા કારણે સૌનું ધ્યાન ણ તોફાની

અથવા પોતાને ત્યાં વિના કારણ એસવું પડયું છે, તેનો દંડ દેવા, કાગળની ગોળીઓ ફેંકે છે, નખરાં કરે છે, ચોપડીમાં મ્હોં ઘાલી ચાળા પાડે છે, બીજાને હસાવે છે ને બેધ્યાન કરે છે; એકંદરે તે 'તોફાન' કરે છે–તોફાની થાય છે. પણ વાત તો એમ છે કે તે બિચારાને શિક્ષક મહાશય જે ભણાવે છે તેમાં રસ નથી આવતો. શિક્ષક રસિક હોય, કુશળ હોય, ભલો હોય, પણ ભણનારને વિષયમાં રસ ન આવે છતાં તેને ભણવા બેસવું પડે, ને ત્યાં ઊંઘી જવાની રજા ન હોય, તો? શાળામાં ઘણા છોકરા આવી રીતે 'તોફાની' કહેવાય છે. તેઓ બીજી જે બાબતમાં હોશિયાર હોય છે ત્યાં સારા ગણાય છે. શિક્ષક તેમને ખરાબ વર્તણૂકનું પ્રમાણપત્ર આપે છે ત્યારે તેમના મિત્રોમાં તે માનનીય હોય છે! શિક્ષક ધારે છે કે તે જીવનમાં રખડી મરશે ત્યારે તે જીવનમાં સારાં કામો કરી બતાવે છે. રસ ન આવે તેથી ઝોકાં આવે, કે જરા અવ્યવસ્થા પેદા કરવાનું સહજ મન થાય, એમાં ખરાબ વર્તણૂક એમાં જો કોઈની ખરેખર ખરાબ વર્ત- તો આપણી છે કે આપણે તેમને ભણા- વ્યા છીએ! આપણે તેમને જેમાં રસ ભણાવતા નથી. આપણે તેમને વિષય-

ચાલતાં પ
તેમના મન
હતા; તેમના

શિક્ષણના બંદીવાન કરીએ છીએ. આપણે તેમનાં જીવતાં મુદ્દાં કરવા માગીએ છીએ.

ઉપરની વાતો સાધારણ બાળકો કે વિદ્યાર્થીઓની થઇ. જેઓ પ્રવૃત્તિ માગે અને ન મળે, જેઓ અવ્યવસ્થિત હોય ને કોઈ વ્યવસ્થાનો માર્ગ ન બતાવે, જેઓને ભણવું ગમે પણ રસ ન આવે, તેવાઓની વાત થઇ. તેમને કોઇથી 'તોફાની' કહેવાય જ નહિ. તેમને જોઇતું આપીએ એટલે 'તોફાની'ના અપમાનમાંથી તેઓ, તેમ જ અજ્ઞાન, અનાદર, અભિમાન અને શિસ્તના આગ્રહના દોષમાંથી આપણે, એમ ઉભય બચીશું.

હજી બીજી જાતનાં બાળકોનો પ્રશ્ન વિચારવા જેવો છે. ઘરમાં કોઇને ગાંઠે જ નહિ, ઉભાં ઉભાં જ્યાં ત્યાં મૂતરે, ચાલતાં અડપંલું કરે, શાળાના કાચ ફોડે, બાલમંદિરમાં કોઇને બટકું ભરે, વગેરે વગેરે નુકસાનો ને રંજાડો કરે અર્થાત્ એકંદ ગાંડા જેવાં કે ચોર કે બહારવટિયા જેવાં કામ કરે તો તેમને 'તોફાની' નું નામ ન આપવું? તોફાની કહેવામાં આપણે જે આપણી ક્રોધની–તિરસ્કારની લાગણી વ્યક્ત કરીએ છીએ; ને તેમને તે માટે જે જાતની શિક્ષા કરીએ છીએ, તે શું ન કરવી? ઉત્તર એમ લાગે છે. કે તેવાં બાળકો પણ તોફાની

નથી. આવાં બાળકોનાં આ જાતનાં તોફાનો પાછળનાં કારણો અનેક હોય છે; તે કારણોને તપાસવાં જોઇએ, ને તે કારણોને દૂર કરવા રૂપી ઉપચાર કરવા જોઇએ.

આવાં બાળકોના વર્ગો પાડી શકાય. લાડ લડાવેલાં બાળકોનો એક વર્ગ છે. માબાપ પ્રથમ બાળક જેમ કહે તેમ કરી તેને માથે ચડાવે છે. 'ભાઇથી આ થાય નહિ, તે થાય નહિ.' કહી પોતે બધું કરે છે કે કરાવે છે. ભાઇ ગમે તેમ કરે તો 'હશે!' કહી ચલાવી લે છે. ભાઇ ઉભા ઉભા રસોડામાં મૂતરે તો બાપા હસીને કહે છે: "જો ભાઇ મૂતર્યો કે? ન મૂતરાય!" એમ ખોટું ખોટું બોલીને લાડયુક્ત પ્રેમથી ચલવી લઇ ફરી તેમ કરવાનો જ માર્ગ બતાવે છે. ભાઇને પાણી પીવું હોય તો આપણે આપીએ. એના હાથપગ દુખશે; ભાઇને 'વાહ! તું ડાહ્યો, રૂપાળો.' કહી વખાણી વખાણીને છાપરે ચડાવીએ. પછી ફાટે. પછી તો તેને ટેવ પડી. તે કહે તેમ થવું જોઇએ. તેને ક્રોધ રોકે તો સામે થવાનું; ન કરી દે તો ગાળો દેવાનું કે ધા કરવાનું કે ધબ્બો મારવાનું. ભાઇશા'બ શેઠ થઇ ગયા; જુલમગાર થયા! આનું નામ લાડકવાયો છોકરો, ક્રોધને ગાંઠે

જ નહિ. બાપાપ પણ આખરે હાય પોકારી જાય છે ને 'તોફાની' છોકરો પાકયો કહી હાથ ઘસે છે. આને 'તોફાની' કહીને રડવાથી શો લાભ? આપણે ચેતીએ કે છોકરાને લાડ લડાવવાં નહિ.

જે છોકરાં જેને તેને મારે છે, ઘરની વસ્તુઓ ભાંગી નાખે છે, પ્રાણીઓને દુઃખ દે છે, તેવાં 'તોફાની' છોકરાંનો એક ખાસ વર્ગ છે. માણસ બીજાને ઘણાં કારણે મારે છે. પ્રથમ કારણ એ છે કે પોતાને કોઈ મારે તેનું વેર તે કોઈ બીજા ઉપર લે છે; પોતાની દાઝ તે બીજે કાઢે છે.

આપણે બળવાનના માર ખાઇ નિર્બળને મારીએ છીએ. જો આપણે માર ખાવા પડતા હોય છે તો હમેશ આપણા મારનારૂં કોઇ ને કોઇ આપણે ગોતવું પડે છે! મા કે બાપ છોકરાને મારે છે. છોકરાએ બીજા નાનાને મારવું જ રહ્યું! તે મારવાનો પાઠ શીખે છે. મારવાની તેનામાં જરૂર ઉપજે છે. માર તેનામાં તે રોગ પેદા કરે છે કે જે મારવાથી જ જાય. બાપ છોકરાને મારે છે; છોકરો શેરીમાં જઇ લગાવે છે. શિક્ષક છોકરાને મારે છે; છોકરો વર્ગમાં બીજા કોઇને અડાવે છે. મારવાનું તોફાન મારવામાંથી થાય છે. મોટોભાઇ એનને મારે છે; એન નાની એનને ફટકારે છે. એ

આઘાત પ્રત્યાઘાત છે. વળી બાળકો કે મોટાંઓનાં તોફાનો કે જેમાં મારવું, ફોડવું, તોડવું વગેરે છે, તેની પાછળ કોઇને કોઇની સામે તિરસ્કાર બતાવવાનું-દ્વેષ બતાવવાનું છે. જ્યારે બાળક મા કે બાપની શિક્ષા ખમીને કે તેમની ટોકણીથી કે તેમના વઢવાથી ગુસ્સે થઇ જાય છે, પણ તેમને કંઈ કરી શકતું નથી, તેમ જ વિદ્યાર્થી જ્યારે શિક્ષકની સામે ઉઠી શકતો નથી, ત્યારે તે પોતાનો દ્વેષ જુદી જુદી રીતે પ્રગટ કરે છે. તે કાં તો માની પ્રિય દીકરીને મારે છે, બાપનું પ્રિય પુસ્તક ફાડે છે, શાળાનો કાચ ફોડે છે કે શિક્ષકને વહાલા વિદ્યાર્થીનું અપમાન કરે છે. આ બધાં 'તોફાનો' છે; શિક્ષક અને માબાપની દૃષ્ટિએ દાબી દેવાં જેવાં છે. પરંતુ ખરી રીતે આ તો તેમણે જ વાવેલાં ઝેરી બીજનાં ફળો છે. આ બધામાં કરનારનો ઇરાદો ખરાબ નથી હોતો; તેનાથી આમ થઇ જાય છે-આમ જ થઇ જવું જોઇએ.

વળી ઉપરનાં પ્રકારનાં ઘણાં 'તોફાનો' બાળકોને ખરો પ્રેમ ન મળવાને કારણે થાય છે. પ્રત્યેક મનુષ્ય તેમ જ બાળક ચહાવા માગે છે. તેની પ્રેમયુક્ત લાગણીને આદર નથી મળતો તો તેઓને આઘાત થાય છે. તે આઘાત પ્રેમથી ઉલટી

દિશા પકડે છે એટલે દ્વેષ થાય છે. પછી 'તોફાનો'નો પાર રહેતો નથી. પણ તેનું કારણ તો પ્રેમને. સત્કાર્યો નહોતો તે હોય છે. બાળકો સૌ સંગાથે રહી સહજીવન ગાળવા માગે છે; માબાપ કે શિક્ષક આડે આવી તેમને દૂર કરે છે, તેમને કામકાજે મોકલે છે, નકામો વખત ગાળનારાં કહી કામે લગાડે છે કે પાઠ કરાવે છે. બાળકો સહજીવનનો સાર્વ્રેમજીવન માગે છે તેના બદલામાં તેમને તેનાથી વિરુદ્ધ જ મળે છે. બાળકો પણ માબાપ કે શિક્ષકને વિરુદ્ધ જ આપે છે; તે 'તોફાન' છે. પણ ત્યાં કોણે વિચારવાનું છે? કયાં ભૂલ સુધારવા જેવું છે?

વળી બાળકોનાં ઘણાં તોફાનોમાંનાં 'ભૂંડાં તોફાનો' તેમના ઉપર થયેલા દબાણને લીધે છે. સ્વાભાવિક પ્રવૃત્તિને રોકવી એટલે વરાળ કે પાણીના સ્વાભાવિક ધર્મને રોકવો. એમ કરવાથી વરાળ કે પાણી ઉપકાર કરવાને બદલે અપકાર જ કરે. વરાળને દાબો એટલે યંત્ર ફાટે ને મારી નાખે. પાણીના રેલાને ઉપયોગી માર્ગે ગતિ કરી ન આપો એટલે તે આડોઅવળો પથરાઇ જઈને બગાડ કરે. એમ જ બાળકોની સ્વાભાવિક શક્તિઓનું હોય છે. તેમને રમવા ખેલવા ન દો એટલે તે શરીરથી અને મનથી માંદું થશે. તે શરીર

અને મનના સમધારણ ધર્મોને બદલે વિકૃત ક્રિયામાં જંશે; એટલે કે અકુદરતી રીતના જાતીય દોષો કરશે. સ્વતંત્રતા છીનવી લઇએ, નિષ્ક્રીય કરીએ, શિક્ષા કરીએ, ટૂંકમાં બાળકનો સ્વભાવિક વિકાસ રોકીએ એટલે તે વિકૃત થવાનું; ને વિકૃતિને આપણે 'તોફાન' કહીએ છીએ. 'તોફાન' અને 'વિકૃતિ' એ પર્યાય માત્ર છે એટલું જાણી લેવાથી કશું ન વળે. બાળકને તોફાની કહીને તેને માથે દોષ મૂકીએ છીએ. આ તો વિકૃતિ છે એ જાણીએ, તો આપણી ભૂલ શોધવા નીકળીએ અને બાળકની દયા ખાઇએ. 'તોફાની' ને શિક્ષા કરવા દોડીએ છીએ તેને બદલે 'માંદા થયેલ' ને વિકૃતનો ઉપચાર કરવા લાગીએ. આ તફાવત આપણે સમજવાનો છે.

બાળકમાં શરીરની અપૂર્ણતાઓ અને મનની માંદગી ઘણા પ્રકારની છે; તેમાંની ઘણી બાબતોને લીધે આપણે તેને 'તોફાની' કહીએ છીએ. પણ તાવને તોફાન નથી કહેતા, વાઇને તોફાન નથી કહેતા: કારણ કે એટલું વૈદકીય જ્ઞાન આપણું ઓછું છે: તેમ જ બીજા રોગોને અને બીમારીઓ આપણે ઓળખી નથી તેથી જ આપણે તેને તોફાની ગણીએ છીએ: પણ આપણે 'તોફાન' અને 'તોફાની' શબ્દનો બહિષ્કાર કરી બાળકોને અવ-

લોકશું, તેમની ભિન્ન ભિન્ન વિવિધ ક્રિયાઓના વર્ગો પાડી પ્રત્યેકને સ્વતઃ તેના ગુણદોષ ઉપરથી નામ આપીશું, તો પ્રથમ આપણે તોફાન અને તોફાની શબ્દોના પ્રચલિત ભાવોમાંથી મુક્ત થઇશું, ને બાળકમાં તેવા ભાવો દાખલ કરી તેને પાયમાલ કરી નાખીએ છીએ તે પણ મટશે. નવી દૃષ્ટિએ બાળક સામે જોતાં આપણે બાળકને તેની વૃત્તિથી છૂટું પાડી શકીશું. તેને દોષપાત્ર ગણી તેના પર રોષ આણવાને બદલે તેના 'રોગ'નો ઉપચાર કરીશું ને આપણે અને બાળક ઉભય સુખી થઇશું.

બાળકની આવડતનું પ્રદર્શન

તારા સેન

બાળકની આવડતનું પ્રદર્શન

અમે એક દિવસ એક નિશાળ જોવા ગયાં હતાં. ત્યાં બાળકોને માટે મોન્ટીસોરીનાં સાધનો રાખવામાં આવ્યાં હતાં, અને તે જ પદ્ધતિએ કામ લેવાનો પ્રયત્ન થતો હતો. ત્યાં બાળકો જે કાંઇ લખે કે ગોઠવે તે બધું અમને બતાવવાનું શિક્ષિકા તેમને કહેતાં. પછી તો છોકરાં તેમની મેળે પણ અમને બતાવવા આવતાં હતાં. તેમણે અમારી પાસે આવીને ગાઇ બતાવ્યું, વાર્તા કહી બતાવી, રમત પણ રમી બતાવી; તે દરેક વખતે તેઓ અમારી સામે જોતાં હતાં. કદાચ તેઓ "બહુ જ સારૂં!" કે એવા જ કંઇ સ્તુતિવાચક શબ્દો અથવા ચહેરાનો ભાવ ન મળવાથી નિરાશ થઇ ગયાં હશે! અમે તો તે વખતે આ પ્રકારના આવડતના પ્રદર્શનનાં ગુણદોષો ઉપર વિચાર કરવામાં એટલાં તો નિમગ્ન થઇ ગયાં હતાં કે તેમના પ્રદર્શન પછી અમારે શું કહેવું જોઇએ, કેવી

રીતે સાબાશી આપવી જોઇએ, વગેરે શિષ્ટાચાર ભૂલી જ ગયાં હતાં.

આ પ્રદર્શનનો પ્રકાર આ જ શાળામાં છે એમ નથી. કોઇ પણ શાળામાં જઇએ તો શિક્ષકો છોકરાંઓ પાસે વંચાવી બતાવે છે કે ગવરાવી બતાવે છે. સંવાદ, નાટક આદિ ઘણી જાતની આવડત મહેમાનને કે ઉપરીને બતાવવાની રીત બધીં નિશાળોમાં છે; અને જે શિક્ષકો એ કામ સારી રીતે કરી શકે છે તેઓ હોશિયાર ગણાય છે.

આ પ્રકાર કેટલાંએક ઘરોમાં પણ દેખાય છે. કેટલાંએક માબાપો પોતાનાં છોકરાંઓનું કામ ને આવડત દરેક મહેમાન સામે દેખાડવાનાં શોખીન હોય છે.

એમાં બે ત્રણ બાબતો રહેલી છે. નિશાળ જોવા જનારાંઓ કે તપાસવા જનારાંઓ છોકરાંઓને શું શું આવડે છે તે જાણવા માગે છે, એટલે કોઇ પણ રીતે તેમને તે જોવા મળવું જોઇએ એ વાત ચોક્કસ છે. બીજી વાત એ છે કે છોકરાંઓની આવડતને માટે શાળાઓના શિક્ષકો જવાબદાર ગણાય છે; તે ઉપર તેમનાં પ્રમોશનોનો પણ આધાર હોય છે. કોઇ પણ શિક્ષક અમુક પરિણામ બતાવી શકે તો જ તે સફળ થયો ગણાય છે. અર્થાત્

ઉપરી કે મહેમાનની નજરે અમુક પરિણામ આવવું જ જોઇએ એવી કાળજી તેમને રાખવી જ પડે છે. એટલે જોવા આવનારને ગાયનનો શોખ હોય તો છોકરાંઓને ગાઇ બતાવવું પડે છે, એટલું જ નહિ પણ તે વડે એ શાળામાં સંગીત સારી રીતે શીખવાય છે એમ જોનારાંઓનો મત થાય એવી રીતે ગાઇ બતાવવું પડે છે! પરિણામ એ આવે છે કે શાળામાં બે પાંચ છોકરાંઓ સંગીતમાં સારાં હોય તેમને જ હરહમેશ ગાઇ બતાવવું પડે છે; એ જ રીતે બીજા બધા વિષયોનું થાય છે.

મુલાકાત લેનારના મત ઉપર શિક્ષકનું કે શાળાનું હિતાહિત ન હોય, તો પણ સાધારણ સભ્યતા કે શિષ્ટતાની ખાતર પણ શિક્ષકને જોનારાંઓની ઇચ્છા હોય તે બતાવવું પડે છે; તે બતાવતી વખતે પોતાનું બધું સારૂં દેખાય તે માટે શિક્ષક સ્વાભાવિક રીતે કાળજી લે છે. અને છોકરાંઓ પણ તેમ કરતાં શીખી જાય છે.

શિક્ષક અને મુલાકાત લેનારાંઓની બાજુથી આ વિચાર થયો. બાળકોની બાજુ તપાસીએ.

સ્વાભાવિક સ્થિતિમાં છોકરાંઓ રમે વાંચે કે કાંઇ પણ કામ કરતાં હોય ત્યારે આપણે

જોઈશું કે ઘણી વાર તેઓ પોતાના કામથી ખુશ થાય છે, ને આનંદથી મલકાતાં મલકાતાં આમ-તેમ ફરે છે. ક્યારેક ક્યારેક વખતે આપણને એવો પણ અનુભવ થઈ શકે કે છોકરાંઓ જ્યારે પોતાનું કામ જેમ ધાર્યું હોય તેમ કરીને સંતુષ્ટ થયાં હોય છે, ત્યારે તેઓ એકંદરે ખુશમિજાજમાં આવી જાય છે અને હસે છે; બીજાઓનું કામ કરવામાં કે પોતાના મિત્રોની સાથે રમવા કરવામાં આનંદથી ભાગ લે છે; અને એ રીતે પોતાનો સંતોષ વ્યક્ત કરે છે. સામાજિક જીવનમાં જરા આગળ વધેલાં છોકરાંઓ પોતાની કૃતિ પોતાના મિત્રોને કે જેને મિત્ર તરીકે ગણતાં હોય તેવાં મોટેરાંઓને તે બતાવે છે, ને એ રીતે પોતાના આનંદમાં બીજાઓ સહભાગી થાય એમ ઇચ્છે છે. તે વખતે તેઓ પોતાના કામની સ્તુતિ અથવા તેના ઉપર કોઈ પણ જાતની ટીકા સાંભળવા માગતાં નથી. ફક્ત તેઓ હસે છે તેમ જોનારાંઓ પણ હસે અને તેમના આનંદમાં ભળે, તો તેમને તે બસ હોય છે.

સામાજિક લાગણીમાં અને બુદ્ધિમાં આગળ વધેલાં છોકરાંઓ એક બીજાની કૃતિની પરીક્ષા પણ કરે છે. તેમની દૃષ્ટિને બીજાનું કાંઈ સારું

લાગે તો તે તરત તેની કદર કરવા બેસી જાય છે; સાધારણ લાગે તો જોઇને ચાલતાં થાય છે; અને ખરાબ લાગે તો 'નથી સારૂં.' એમ કહી પોતાનો મત પણ આપી દે છે. છતાં કામ કરનારના આનંદમાં આ પ્રકારની સ્તુતિનિંદાથી કાંઈ ફરક પડતો હોય એમ દેખાતું નથી. કામ કરનારાં તો પોતાના સૃજનના આનંદમાં મશગુલ હોય છે.

છોકરાંઓને સ્વાભાવિક સ્થિતિમાં તેમને મનગમતી પ્રવૃત્તિમાં કામ કરતાં જેમણે જોયાં છે તેમને આ પ્રકારનો અનુભવ હરહમેશ થયા કરે છે.

છોકરાંઓ પાસેથી કામ કરાવવાની આપણી નિશાળોની પદ્ધતિ જુદી છે. છોકરાંઓને જે કામ ગમે તે કામ નહિ, પણ સમયપત્રકમાં હોય તે કામ તેમની પાસેથી લેવાનું હોય છે. એ તો ઠીક; પરંતુ તે કામ પણ શિક્ષક બતાવે તે રીતે આબેહૂબ કરી બતાવવામાં જ તેમની હોશિયારી ગણાય છે. આ રીતે મૂળમાં જ મોટો તફાવત પડે છે. ધારો કે છોકરૂં ચિત્ર કાઢવા માટે કાગળ પેન્સિલ લઇને બેઠું, તો શું કાઢવું તે પોતાના મનને પૂછે તથા તેની રચના, કે ઘટના આદિમાં તેના પોતાના વિચારો ગોઠવે અને રુચિ કેળવે એ એક વાત છે; ને શું કાઢવું, કેવી રીતે કાઢવું,

કયો રંગ પૂરવો વગેરે બધું બીજાની સામે જોઇને કરવું એ બીજી વાત છે. પોતાના મનને પૂછીને કાઢયું હોય તો પોતાની કૃતિ પોતાને જ જોવાની રહે છે; પરંતુ શિક્ષકના કહેવા ઉપરથી અને કહેવા પ્રમાણે કાઢયું હોય તો પરિણામ શિક્ષકને બતાવવાનું રહે છે. તે કેવું છે તે શિક્ષક પાસેથી જ સાંભળવાનું રહે છે. ટૂંકમાં કહીએ તો નિશાળની શિક્ષણપદ્ધતિમાં જ મૂળે તો કરીને બતાવવાનું આવી જાય છે. છતાં અહીં આપણે તે સંબંધે વધારે નહિ કહીએ, પણ આપણા મૂળ વિષય ઉપર આવીએ.

શિક્ષકને બતાવવામાં કુશળ થઇ ચૂકેલા વિદ્યાર્થીઓ મુલાકાતે આવેલાં માણસોને પણ બતાવી શકે છે એમાં નવાઇ નથી. પણ એમાં એક બીજી વાત આવે છે. શિક્ષકને છોકરાંઓ બતાવે તે વખતે તો ભૂલો પણ પડે છે; પરંતુ શાળાની બહારનાં માણસોને બતાવતી વખતે તો ભૂલ ન જ પડવી જોઇએ. એટલે બહારનાં માણસોને બતાવવા ખાતર શિક્ષકોને ખાસ તાલીમ આપવી પડે છે, અને એ તાલીમ લીધા પછી પણ અમુક અમુક છોકરાંઓ જ બતાવવાને માટે તૈયાર થઇ શકે છે. માટે અમુક જ વિદ્યાર્થીઓ

પોતાનું કામ બતાવે એમ શિક્ષકો ગોઠવણ કરી રાખે છે. એટલે જોનારાંઓને ઉત્તમ પરિણામ કેવી રીતે બતાવવું તેની ખૂબી છોકરાંઓ પણ શીખી લે છે.

શિક્ષકની દૃષ્ટિએ તો આ બધું નકામું છે જ; પણ મારા માનવા પ્રમાણે આથી છોકરાંઓને નૈતિક હાનિ બહુ જ થાય છે. તેઓ અંતર્મુખ થતાં મટીને બહિર્મુખ બને છે. એક તો સારા-નરસાનું ધોરણ તેઓ કદી પણ પોતે નક્કી કરી શકતાં નથી; બહાર જે ધોરણ ચાલતું હોય તે જ તેઓ સ્વીકારે છે. અને બીજું સારા થવું એના કરતાં બીજા માણસોમાં સારા દેખાવું એ જ તેમને માટે સાધ્ય બને છે. આ રીતે નાટકીપણું, દંભીપણું કેળવાય છે. બહારના દેખાવની ખાતર કાંઇ પણ કરવાની એક વખત ટેવ પડે એટલે બહાર બહારથી સારું રાખવાની, બહાર દેખાતું હોય તેટલા પૂરતું જ, બહાર બતાવવું હોય તેટલું જ સારું કરવાની ટેવ પડતાં વાર લાગતી નથી. અને નાનાં નાનાં કામોમાંથી આ ટેવ તમામ આચાર-વિચારમાં પડી જાય છે. નાનાં છોકરાંઓની સામે મનુષ્યજીવનનો આ જાતનો આદર્શ મૂકાય એ કરતાં નૈતિક દૃષ્ટિએ વધારે ખરાબ બીજું શું

હોઇ શકે ?: પણ ધારો કે શિક્ષકે આવી રીતે બતાવવા માટર તૈયારી ન કરી હોય ને છોકરાંઓ તેમને જે આવડે છે તે જ બતાવતાં હોય, તો પણ પોતાની આવડત બીજાને બતાવીને સાબાશી લેવા તરફ છોકરાંઓને દોરવાથી કે તેમ કરવા ઉત્તેજવાથી પણ ઘણું નુકસાન થાય છે.

ઘણાઓ એમ માને છે કે છોકરાંઓને વડિલો તરફથી ઉત્તેજન મળવાની જરૂર છે. આટલા માતર છોકરાંઓમાં રસ લેનારું ઘણું માબાપો છોકરાંઓના કામ માટે ઇનામ આપે છે. કેટલાંક એક ઇનામને બદલે સાબાશી આપે છે.

પછી તેની આગળનું પગથિયું લાલચના રૂપમાં આવે છે: "તું ફલાણું કર તો હું તને બચ્ચી દઉં; તો હું તને ડાહ્યો છોકરો કહું." "લ્યો, આટલું લખી લાવો એટલે બે પેપરમિંટની ટિકડીઓ મળશે." "આખો મહિનો અભ્યાસ બરાબર કરશો તો છેલ્લી તારીખે સિનેમા જોવા લઇ જઇશું." વગેરે જાતની શરતો પણ છોકરાંઓ સાથે કરવામાં આવે છે. નિશાળમાં પણ એ જ પ્રમાણે ઇનામ ને લાલચને પૂરેપૂરું સ્થાન આપવામાં આવ્યું છે.

એથી આગળ વધીએ એટલે સ્પર્ધાનો પ્રદેશ:

આંવે છે. "જોઇએ કોણ પહેલાં કરી લાવે છે ?" "સૌથી સરસ કોણ કરે છે, જોઇએ !" વગેરે. આ તો સ્પર્ધાના સાદામાં સાદા પ્રકારો ગણાય. નિશાળમાં દોકડા, નંબર, નંબર પ્રમાણે ઇનામો આપવાની પ્રથા, આજે કોણ જાણતું નથી ? દુઃખની વાત એ છે કે આ ઉત્તેજનના પ્રકારો સુધારા તરીકે અને બહુ જ સારી વસ્તુઓ તરીકે શિક્ષણમાં દાખલ થયા છે. મોટી, ઠપકા આદિ ભયના પ્રકારો ખરાબ છે; એમ કાઢી નાખવા જોઇએ; એમ શિક્ષણની દુનિયામાં સર્વત્ર માન્ય થયા પછી તેની જગ્યાએ આ ફોસલાવવાના પ્રકારો દાખલ થયા છે.

દારૂ પીનારાઓ કહે છે કે ક્ષુધાને ઉત્તેજિત કરવા માટે થોડો ઘણો દારૂ તો રોજ ને રોજ પીવાની આવશ્યકતા છે જ; તેઓ દારૂને 'ઍપિટાઇઝર' એટલે ક્ષુધોત્તેજક પ્રેયને નામે જ ઓળખાવવાનો પ્રયત્ન કરે છે. કેટલાએક તેને શરીરમાં હોશિયારી લાવવા માટે જરૂરનો ગણે છે. તેઓ તેને 'રિફ્રેશિંગ સ્ટિમ્યુલંટ' એટલે સ્ફૂર્તિદાયક-ઉત્તેજક પ્રેય તરીકે ઓળખાવે છે. છોકરાંઓના કામમાં સ્પર્ધા, ઇનામ, સાબાશી ને ફોંક નહિ તો મોટાંઓ પાસેની કદર, એ તે માટે ઉત્તેજન તરીકે આવશ્યક મનાય છે; એ માન્યતા દારૂની હિમાયતની જાતની છે. શારી-

ત્રિક અને માનસિક વિકાસ સાધવા માટે બાળકોમાં અંદરથી જ વરાળયંત્ર જેટલો જુસ્સો હોય છે; તેને કૃત્રિમ રીતે અટકાવવામાં ન આવે તો તેનો મૂળ સ્વભાવ જ તેને શાંત બેસવા દે નહિ; એ વાત ઉપર આપણી શ્રદ્ધા નથી. કારણ એ જ છે કે છોકરાંઓને સ્વાભાવિક સ્થિતિમાં તેમનો વિકાસ શોધતાં આપણે જોયાં નથી. શાળા અને ઘરના વાતાવરણમાં અનેક જાતનાં કૃત્રિમ બંધનોની માન્યતાઓથી આપણે બાળકોને માટે અસ્વાભાવિક એવું વાતાવરણ ઉભું કરીએ છીએ; અને પછી છોકરાંઓને કામે લગાડવા માટે ઉત્તેજનનાં સાધનોની આવશ્યકતા સ્વીકારીએ છીએ. આ બધી જાતની વિગતોમાં અહીં ન ઉતરીએ.

આપણો મૂળ પ્રશ્ન એ હતો કે આવાં ઉત્તેજનોની છોકરાંઓ ઉપર શી અસર થાય છે.

છોકરાંઓ જે કામ સ્વયંસ્ફૂર્તિથી કરતાં હોય તેમાં જ સાબાશી આપવાની. શરૂઆત કરીએ તો પરિણામ શું આવે છે એ પણ આપણે જાણીએ છીએ. આપણે શું કરીએ તો શિક્ષક કે જોનારાંઓ ખુશી થાય અને આપણને સાબાશી આપે એ બાળકો તરત શોધી કાઢે છે, અને વારંવાર તે ને તે જ કરીને શિક્ષકને ખુશી કરવાનો પ્રયત્ન કરે છે. અર્થાત્

પોતાના કામ કે વર્તન વડે બીજાને ખુશ કેમ કરાય એ વિચાર તરફ આપણે બાળકોને પ્રેરીએ છીએ. એ કેળવણી ચોખ્ખેચોખ્ખી ખુશામતની બની જાય છે. સ્વયંસ્ફૂર્તિના અને સ્વાતંત્ર્યના વાતાવરણમાં કામ કરતાં બાળકોને પણ આપણે જો બારીકીથી અવલોકશું તો માલૂમ પડશે કે કેટલાંએક છોકરાંઓ કોઈ જોવા આવે ત્યારે બહુ જ હોંશિયારીથી આગળ પડતો ભાગ લે છે, સારું કામ કરી બતાવે છે અને મહેમાનો તરફથી સાબાશી લેવાનો પ્રયત્ન કરે છે. તે જ બાળકો ઉત્સાહનું આ જાતનું કાંઈ બાહ્ય કારણ ન હોય ત્યારે અતિશય મંદ અને ઉત્સાહહીન બની જાય છે; તેમને પોતાના કામમાં રસ જ પડતો નથી. આપણી બીજી શાળાઓમાં કે જ્યાં સાબાશી, ઇનામ, સ્પર્ધા વગેરેના મોટા મોટા ડોઝ રોજ ને રોજ અપાય છે, તે એ નિષ્ફળ જાય તો પછી ભયના પ્રકારો પણ વાપરવામાં આવે છે, ત્યાં જોવા આવનારની સૂક્ષ્મ સાબાશીની અસર જોવામાં ન આવે એ સ્વાભાવિક છે. ત્યાં તો બાળકો સ્વયં-પ્રેરણાથી કામમાં આગળ વધે એ ધ્યેય જ સ્વીકારવામાં આવતું નથી, એટલે તેમની સ્વયંપ્રેરણા ઓછી થાય છે કે કેમ એનું અવલોકન જ કોણ કરે છે? ને એમ સ્વયંપ્રેરણા ઓછી થયેલી અગર નાબૂદ

થયેલી જોવામાં આવે તો પણ સ્વાભાવિક જ ગણવામાં આવે છે. થોડો વખત પણ જો આ ઉત્તેજનો દૂર કરીને તેની બાળકો ઉપર શી અસર થઇ છે તે જોઈશું, તો તેઓ આવાં બાહ્ય ઉત્તેજનનાં કેટલાં બંધાણી છે તે સ્પષ્ટ દેખાશે. દુઃખની વાત તો એ જ છે કે આવું બંધાણ મનુષ્યની ઉન્નતિને હાનિકારક છે એ વાત સમાજમાં કે શાળામાં સ્વીકારવામાં જ આવતી નથી. "છોકરો એકલો એકલો કેમ ભણી શકે ? શાળામાં બીજાં ચાર છોકરાં હોય, તેમની વચ્ચે જરા સ્પર્ધા હોય, નંબર જવાની જરા બીક હોય, કે ઉપલો નંબર મેળવવાની આશા હોય, તો જ છોકરાં અભ્યાસ કરે ને ?" એવા ઉદ્ગારો સાવ સામાન્ય છે. "શાળામાં ઇનામો રાખવા કે હરીફાઇ કરાવવા પૈસા નથી, એટલે શિક્ષક છોકરાઓમાં કામ કરવાની હોંશ કેવી રીતે ઉત્પન્ન કરી શકે ?" "ઉપરીઓ આવીને કામની કદર કરતા નથી એટલે શિક્ષકને પણ પોતામાં ઉત્સાહ કેમ આવે ?" આવા ઉદ્ગારો શિક્ષિકની દુનિયામાં પણ સર્વસામાન્ય જ છે. શિક્ષણ ખાતાના મોટા મોટા ઉપરીઓ અને વિચારકો પણ હરીફાઇ, ઇનામ, પરીક્ષા, પ્રદર્શનો ઇત્યાદિ ચાલુ રાખીને એ જ વિચારને પુષ્ટિ આપે છે. વધારે ઉંડા જઇને

વિચાર કરીએ તો આજની દુનિયાના બધા વ્યવહારો જ સ્પર્ધાના તત્ત્વ ઉપર ચાલે છે. મનુષ્યજીવનની સ્વાભાવિકતા અંશતઃ પણ કયાં જળવાઈ રહી છે? મનુષ્યજીવનની ઘટનાના મૂળમાં જ આ ઈયળ લાગી છે એટલે શાળાના બંધારણમાં પણ એને સ્થાન મળે તો શી નવાઈ? જેને જીવનના આવશ્યક તત્ત્વ તરીકે સ્વીકારવામાં આવ્યું છે, તેને જીવનની પૂર્વતૈયારીમાં સ્થાન મળે એ કેવળ સ્વાભાવિક છે. સમાજ અને શાળા એ એકબીજાને પોષનારાં છે. સમાજના આદર્શો શિક્ષણપદ્ધતિમાં ઉતરે છે ને શિક્ષણપદ્ધતિ ઉગતી પ્રજાને તેમાં સ્થિર કરે છે. દુનિયાદારીમાં જાણતા અને માનતા માણસો જેઓ જીવન એટલે જ એક મોટી શરત અથવા રેસ છે એમ માને છે, અને તેના બધા નિયમો જેઓ જીવનને લાગુ પાડે છે, તેમને શાળામાં સ્પર્ધા ન દેખાય તો દુઃખ જ થાય, તેમાં તેમને આગળની પ્રજાની જીવનની સ્પર્ધામાં હારી જવાની ભવિતવ્યતા દેખાય, તેમાં તેઓ જીવનની નિષ્ફળતા જુએ, એ જ સ્વાભાવિક છે. માનસશાસ્ત્ર ગમે તે કહેતું હોય તો પણ આજનું વ્યવહારશાસ્ત્ર તો એમ જ કહેશે કે શાળામાંથી સ્પર્ધાને ધક્કેલીને કાઢી મૂકવામાં આવે

તો શિક્ષણ શક્ય હોય તો પણ તેવું શિક્ષણ નિરુપયોગી જ નીવડે; કેમ કે એ રીતે ભણેલા માણસો વ્યવહાર માટે નાલાયક નીવડવાના છે. બદલા વગર કાંઇ પણ વ્યવહાર કેમ થાય? સ્થૂળ નહિ તો સૂક્ષ્મ, ઐહિક નહિ તો પારમાર્થિક, એવા કોઇ પણ પ્રકારના બદલાની આશા હોય તો જ મનુષ્ય કોમમાં ઉતરી શકે એ વ્યવહારશાસ્ત્રનું પ્રથમ સૂત્ર. એને ધક્કેલનારા સુધારકોને માટે તેમની પાસે એક જ ઉપનામ છે કે 'આ માણસો તરંગી છે, ગગનવિહારી છે, આદર્શવાદી છે, વ્યવહારમાં એમના વિચાર કામ આવે નહિ.''

બાળકોના પ્રદર્શનની વળી બીજી એક જુદા પ્રકારની પણ ખોટી અસર બાળકો ઉપર થાય છે:

ઘણાં બાળકો કૃત્રિમ રીતે કાલું કાલું બોલે છે, આપણી સામે જોઇને જરાક હસે છે, જરા શરમાતાં હોય એમ બતાવે છે, વળી આપણી પાસે આવે છે અને એમ કરી આપણું મન આકર્ષવાનાં પ્રયત્નો કરે છે.

આપણે ત્રણ વર્ષની અંદરનાં બાળકોનું નિરીક્ષણ કરીએ તો દેખાય છે કે બાળક પોતાની મેળે નાચવા કૂદવાની કે દોડવાની રમતો રમતું હોય—જે જોવું આપણને મનોહર લાગે, અથવા

તો સ્વાભાવિક રીતે એવું બોલતું હોય કે જે આપણા કાનને ઘણું જ મધુર લાગતું હોય, તેને જો કાંઈ સાબાશીના શબ્દો કહીએ અગર ન કહીએ તો ચાલાંકે બાળકો તો આપણા ચહેરાના ભાવ ઉપરથી પણ આપણી સાબાશી સમજી લે છે; ને તેથી તે તરત પોતાની જાત વિષે જાગૃત (conscious) બની જાય છે. પછી બોલવામાં કે નાચવામાં તેમને જે સ્વાભાવિક રસ હતો તેને બદલે આપણે હસીએ છીએ, આપણને આનંદ થાય છે, માટે આપણી સામે તે પ્રત્યેક કામ કરે છે. એનું પરિણામ એક તો એ આવે છે કે કોઇ જોવાવાળા ન હોય તો તેને પોતાની રમતો રમવાની ઇચ્છા જતી રહે છે, અને માત્ર કોઇ જોવાવાળા હોય તો તેનું ધ્યાન ખેંચવા ખાતર જ તે નાના પ્રકારો કરે છે. ઘણી વાર છોકરાંઓ આપણી આગળ નાચાં આવીને નાચે છે એ પણ આવો જ એક પ્રકાર છે.

આમ બીજાનું ધ્યાન ખેંચવા ખાતર, તેમની પાસેથી સાબાશી લેવા ખાતર છોકરાંઓ કાંઇ કરે; અને છેવટે બીજાના દૃષ્ટિપાતના વિષય આપણે બન્યા એમાંથી જ ખુદબખુદ તેમને આનંદ થવા લાગે, અને એ જ દિશામાં તે વધારે

આગળ વધે, તો મનુષ્યવિકાસની તે ઘાતકમાં ઘાતક વસ્તુ છે. પોતે બીજાનું રમકડું બનવાની ઇચ્છામાં જાત માટેનું અભિમાન નષ્ટ થાય છે; અને આવા વ્યક્તિત્વ કે અભિમાન વગરના માણસો પોતાની આવડત, પોતાનું રૂપ અને પોતાની કળા લોકોને ખુશ કરવા તરફ વાપરે એ સંભવનીય છે. કદાચ તેટલી હદે ન જાય તો એ જ વૃત્તિનાં રૂપાંતરો કરીને તેમાં જ આનંદ માને એમ તો બને જ.

શાળામાં સંવાદો કરાવવાની રીત બહુ જ પ્રચલિત થઇ છે; અને ખાસ તો સ્વરૂપવાન છોકરીઓને જાતજાતનાં ફૂલો, પોશાકો (પરીઓ, દેવીઓ ઇત્યાદિના) પહેરાવીને તેમને મોઢા આગળ ધરવાનો રિવાજ પણ વધતો જાય છે. નાટ્યકલા એ એક કલા છે, અને છોકરાંઓને તે પ્રિય છે. છોકરાંઓ આગળ તે ધરવાની જરૂરિયાત તો છે જ. તેમાંથી સાહિત્યના કેવળ શબ્દચિત્રના પ્રદેશમાંથી બાળકો ભાવદર્શન અને ભાવસમજણના પ્રદેશમાં જાય છે. પણ તેમાં છોકરાંઓ પોતાની મેળે તેમની બુદ્ધિથી અભિનય કરે, સુંદર દૃશ્યો ગોઠવે, સંગીત, પોશાક, ફૂલ, પાંદડાં વગેરેનો આ ગોઠવણમાં ઉપયોગ કરે, એ જરૂરનું છે. ગોખેલું, પઢાવેલું, બીજાએ ગોઠવી

આપેલું લોકોને બતાવવા ખાતર જ કર્યા કરવું, એમાંથી તો ઉપર બતાવેલાં દુષ્પરિણામો ઉપજવાનો સંભવ છે. તેમનું લક્ષ પોતાની જાત ઉપર નહિ પણ અભિનય ને કલા ઉપર—દૃશ્યોની ગોઠવણ ઉપર જાય, અને એમાં રહેલા સૃજનનો આનંદ જો તેઓ મેળવે, તો તેની સામે કોઇ પ્રકારનો વાંધો હોઇ જ શકે નહિ.

આજે શાળામાં આપણે સંવાદો સાંભળીએ તો તેમાં આ કળાને અને એમાંના સૃજનને બિલકુલ અવકાશ દેખાતો નથી. લોકોના મનોરંજન અર્થે ગોખવાના પાઠો, એટલો જ ભાવ બાળકો એમાં સમજે છે.

સારાંશ. કોઇ પણ જાતનું આવડતનું પ્રદર્શન એ આવડતમાં આગળ વધવા માટે વિરોધક છે, ને તેની જ સાથે પ્રદર્શન કરનારાંઓને જાત વિષે વિશેષ જાગૃતિ થવાનો સંભવ છે કે જે ઘણું હાનિકારક છે.

બાળકો સ્વેચ્છાથી બતાવે; શિક્ષક વિશેષ કૃત્રિમતા વગર તેમની સાથે સમભાવથી તે જુએ, એટલું બસ છે. છોકરાંઓનો સાધારણ સ્વભાવ જોઇએ તો આ રીતે પોતાનું સૃજન તેઓ પોતાના

મિત્રોને જ બતાવે છે; જેની સાથે તેમનું અંતર ઘણી ગયું હોય છે એવા શિક્ષકને પણ બતાવે છે. પરંતુ નવા માણસોને બતાવવાની ઘણી વાર તો તેમની અનિચ્છા હોય છે; એવે વખતે તેમની અનિચ્છાને પણ માન આપવું જોઇએ; તેમાં જ તેમનું સ્વાભિમાન ખીલે. પોતાના શિક્ષક પાસે ઘણી વાર બાળકો પ્રેમથી જાય છે, તેનો હાથ પકડે છે, વગેરે રીતે પ્રેમ વ્યક્ત કરે છે. પણ ગમે તે માણસ આવીને તેમને ઉપાડી લે, તેમને બચી દે કે તેમને અડે, એ તેમને ગમતું નથી; અને ન ગમવું એ જ તેમને માટે સારૂં છે. સાબાશી આપીને કે કૃત્રિમપણે તેમને લાડ લડાવીને તેમની સાથે હળી જવાની કે તેમના મિત્ર બનવાની ખોટી રીત છે. આવા પ્રયત્નોના ભોગ થઇ પડનારાં બાળકોને તે કારણે અતિશય હાનિ પહોંચે છે.

બાળકોને આ પ્રકારની હાનિ ન પહોંચે એવી રીતે જોવા આવનારને માટે શાળા બતાવવાની ગોઠવણ જરૂર શિક્ષક કરી શકે. બાળકોનું કામ બધું એકઠું કરીને પોતાની ઑફિસમાં અગર કોઇ ઠેકાણે રાખે; તેમ જ તેઓ સ્વાભાવિક રીતે જે કામ કરે છે તેમાં મહેમાનોને માટે લેશ માત્ર

ફેરફાર કર્યા વગર ચલાવે, ને મહેમાનોને તેમની સ્વાભાવિક સ્થિતિમાં જોવા દે; આ પ્રકારે શિક્ષક પોતે સમતોલ રહીને જો મહેમાનોની સાથે વર્તે અને બતાવવા ખાતર વર્તનમાં કૃત્રિમતા ન આણે, બાળકોને તેને માટે ખાસ ન પઢાવે, તો કેવળ બાળકોનું કામ બતાવવાથી તેમને હરકત પહોંચતી નથી.

સાંજની મોજે

ગિજુભાઈ

સાંજની મોજો

બાલવિકાસમાં અને બાલઆનંદમાં આપણે માબાપો ઘણું કરી શકીએ. આપણે શિર ઘણી પ્રવૃત્તિઓનો બોજો છે છતાં દરેક સાંજે આ અને બાપ વાળુ કર્યા પછી બાળકોને કેટલીયે જાતની રમતગમત આપી શકે. એ માટે આપણામાં વિચાર જોઇએ; સાથે સાથે થોડીએક આવડત પણ જોઇએ.

વાર્તા આવી ગમ્મતનું એક સાધન છે. તે વિષે સામાન્ય રીતે આપણે જાણીએ છીએ તેથી અહીં કહેવાનું નથી.

વળી ઘરમાં રમી શકાય તેવી નાની નાની રમતો જેવી કે ' ઉકડ મુકડ કેટલો ભાર, એક ઉતાર. ' ' અડકણુ દડકણુ દહીંનાં ટાંકાં. ' ' અવડક ચવડક દામાડુ. ' ' માણું મીઠું. ' ' ચકલી ચોખા ખાંડે છે.' તેમ જ જરા મોટી રમતોમાં ' ગણુગણુ બોશલ્લો. ' ' છાનગપતિયું ચાલ્યું જાય. ' ' ગોરી ગાનો વાછડો. ' વગેરે રમતો ઘરના આનંદમાં

વધારેા કરે છે.

બીજી કેટલીએક રમતેા પણ છે. આપણે બાળકેા પાસે તે વારંવાર મૂકીને બાળકને તેથી રમવાના આનંદનેા લાભ આપી શકીએ.

કેટલીએક રમતેા શરીરના જુદા જુદા ભાગેાને, હાથનાં આંગળાંઓને, આંખના સ્નાયુઓને, વગેરેને વ્યાયામ આપવા સાથે તેના સ્નાયુઓનેા સમન્વય સાધનારી છે. નાનાં બાળકેા આખા શરીરનેા કયાં કયાં ને કેવી કેવી રીતે વ્યવહારમાં ઉપયેાગ છે તેની જેમ શેાધ કરે છે ને માહિતી મેળવે છે, તેમ જ હાથનાં આંગળાં, જીભ, આંખેા વગેરે કેવી રીતે વળે, કેવા તેમાં આકારેા થઇ શકે, તેની રમતેા કેમ ચાલે, તે પણ ઘણી વાર શેાધે છે, ને ઘણી વાર જાણીને ખુશી થાય છે. નાનાં બાળકેામાં આવી રમતેા મેાટાં બાળકેા પાસેથી, ને મેાટાં બાળકેા પાસે તેનાથી મેાટાં બાળકેા પાસેથી, એમ વડિલેા પાસેથી આ જાતની રમતેા નાનાંઓ તરફ ઉતરતી ચાલી આવે છે. આવી રમતેામાં હાથ કે આંગળાંની રમતેા, દેારીથી આકારેા બનાવવાની ને એવી રમતેા, જુદાં જુદાં આસનેા કરવાની રમતેા આવે છે. બે હાથનાં આંગળાંઓના આંકડા ભીડી બે હાથ વચ્ચે કાણું કરી

તે કાણામાં માથું નાખવા કાઢવાની રમતગમ્મત કરતાં ઘણાં બાળકોને આપણે જોયાં છે. ડાબો હાથ વાંસા પાછળ લઈ જઈ તેનાથી જમણા ડાબા પગના અંગૂઠા પકડવાની મહેનત ઉઠાવવામાં કેટલોયે વખત બાળકો કાઢી નાખે છે. આંગળીઓની રમતોમાં દસે આંગળીઓ છેડેથી વાળીને તેની ગાંયો કરવી, આંગળીઓથી ખાટલી કરવી, ગાય બકરીનાં આંચળો કરવાં, વીંછીડો, કાચબો, ડોશીનો કૂબો, 'ધોબીડો ધુવે છે, ખળખળ પાણી જાય છે.' એ કરવું, વગેરે આંગળીઓની જુદી જુદી ગોઠવણો કરવામાં બાળકને ઘણી જ મજા આવે છે. છેક નાનું બાળક બે હાથ અવળા રાખી તેના અવળા આંકડા ભીડવાનું શીખતાં કલાકોના કલાકો ને દિવસો સુધ્ધાં કાઢી નાખે છે. ડોશીનો કૂબો કરતાં શીખવા માટે તે જેને તેને 'બતાવોને?' કહે છે, ને 'આમ રખાય? આમ રખાય?' એમ પૂછી પૂછીને થકવે છે. તેને એ રચનાનો ખ્યાલ લેતાં નજર અને વિચારનો ઉપયોગ કરવો પડે છે. સાર પછી તેને સિદ્ધ કરવામાં તે આસપાસની પરિસ્થિતિને-ઘણી વાર ભાગ ખાવાનું કે બા પાસે જવાનું પણ ભૂલી જાય છે. જ્યારે બાળક તેવું કરવાનું શીખી જાય છે ત્યારે તે 'બા, બા, મને ડાબલી

કરતાં આવડી! બાપા, જુઓ તો, મને કૂવો કરતાં આવડ્યો!' એમ બા ને બાપાની કને દોડ્યું જાય છે. પોતાને મહા મહેનતે આવડેલું બીજાં બાળકોને 'આમ કરોને!' 'અરે, આમ નહિ ને આમ.' 'ભાઈ, ઈ તો આમ થાય.' એમ કહીને શીખવવામાં ખૂબ રસ લે છે. જે શુદ્ધ આનંદ તેને મળ્યો છે તે બીજાને આપવાનો તેને ઉત્સાહ અને ઉદારતા છે. તેને તેમાં માથાકૂટ નથી લાગતી. આવી રમતો એક વખત ઘરમાં શરૂ થઈ એટલે આજુનાં ઘરોમાં, ત્યાંથી શેરીમાં અને ત્યાંથી શાળામાં તે આવી પહોંચે છે. ઘરમાં આનું મહત્ત્વ નથી હોતું તો માબાપ કહેશેઃ "હવે મૂકને એ બધા ચાળા! એમાં શું વળવાનું છે?" શાળાના શિક્ષકને આની કદર નથી હોતી તો તે કહે છેઃ "કેમ, ચલ્યા એ! હાથ સળના નથી રહેતા કે? અદબ પલોંઠી. જો ચાળા કર્યા છે તો આ આંકણી ભાળી છે?" વગેરે. પણ આ રમતો નિર્દોષ છે-સ્વાભાવિક છે, કારણ કે તે વાટે બાળકો આનંદ સાથે આંગળીઓના સ્નાયુઓનો સહકાર સાધે છે; ને સાથે સાથે ઝટ ઝટ ઉપર કહ્યા તેવા આકારો કરવાની કુશળતા મેળવે છે.

આપણે આવી નાની નાની રમતો બાળ-

કોને ઘરમાં બેઠાં બેઠાં એક વાર બતાવશું એટલે તેઓ તે ઝીલી લેશે ને તે શીખવા માંડશે; ને શીખ્યા પછી તે કર્યા જ કરશે.

ઉપરની આંગળીઓની રમતોમાં જેમ ગમ્મત સાથે સ્નાયુસંહકાર છે, તેમ જ કેટલીએક ગમ્મતો એવી છે કે જેમાં એક જાતની આવડત સિદ્ધ કર્યા બરોબર બને છે. જેમ કે ચંપટી વગાડવી, તેમ જ આંગળી ઉપર ઉભી લાકડી ટેકવી તેને પડવા દેવી, એ એક સુંદર રમતગમ્મત છે. આમાં બાળક એકાગ્રતાનો ઉંચો પ્રકાર સિદ્ધ કરવા તરફ જાય છે. બાળકને આંગળી ઉપરની લાકડી પડવા ન દેવા માટે લાકડીના બીજા ઉંચેના છેડા સામે ને સામે જ જોયા કરવું પડે છે, ને ફરતી જતી લાકડીની સ્થિતિ પ્રમાણે શરીરને લઇ જવું પડે છે. એકાગ્રતા અને સમતોલતાની કેળવણીમાં રમતનો આનંદ રહેલો છે. બાળકને એક વાર આ રસ્તો બતાવી દીધો એટલે તે દિવસો સુધી આ રમત ચલાવ્યા કરશે.

શરીરના સ્નાયુ સાથે જોડાયેલી ઘરમાં કરી શકાય તેવી બીજી ગમ્મતોમાં આપણે દોરીની રમતો ગણાવી શકીએ. દોરીથી મોરપગલાં થાય, નાકું કાપવાની, પ્રગ વેરવાની, કૂવો કરવાની ને એવી

રમતો રમાય. આમાં એક સાદી દોરી માત્રની જરૂર છે. એક વાર આપણે દોરીની રમતને માગે બાળકોને ચડાવ્યાં એટલે તેમની નવું શીખવાની હાથ કરવાની વૃત્તિ એટલી બધી તીવ્ર હોય છે કે તેઓ તેની પાછળ પુષ્કળ વખત મંડ્યાં જ રહે છે. એક મોરપગલું સિદ્ધ કરવા માટે બાળક પચાસ નહિ પણ પાંચસો વાર દોરી ફરી ફરીને ગોઠવશે. ઘરમાં ફરતાં વળીને બાળકો બેઠાં હોય ને બા કે બાપા દોરીની રમતો બનાવી રહ્યાં હોય ને બાળકો આતુરતાથી તે કેમ બને છે તે જોઈ રહ્યાં હોય, એ દૃશ્ય જોવા જેવું છે. પછીથી ઘરમાં બાળકો દોરીના આકારો બનાવવામાં કેવી ગમ્મતમાં પડે છે તે દૃશ્ય કેવળ સહજ લાગશે. દોરીની રમતોમાં ગોઠવણની યુક્તિના વિચારમાં બુદ્ધિની ખિલવટો છે જ. દોરીના આકારોમાં કલાકૃતિઓ તો દેખાય જ છે. દોરીથી વેરવાની અને નાક કાપવાની રમતમાં ગમ્મત અને જાદુ જેવું તો લાગે જ છે.

આપણે માબાપ તરીકે બાળકોને સાંજે બીજી રમતગમ્મતો પણ આપી શકીએ. એક ગમ્મત છાયાચિત્રોની છે. આપણે ભીંત ઉપર (દીવાનું અજવાળું પડતું હોય ત્યાં) આપણી આંગળીઓ કે હાથથી આકારો બનાવી તેના મડછાંયા પાડીએ.

હરણ, શિયાળ, કૂતરું, ઊંટ, એવા એવા ઘણા આકારો આબેહૂબ પડછાયામાં પડે છે. બાળકોને તે જોવાની રમૂજ પડે છે. પછીથી તેઓ તે પ્રમાણે કરવાનું શીખી લે છે. સાંજે બત્તી થતાંવેંત આ વગર પૈસાનું મેજીકલેન્ટર્ન (જાદુઈ ફાનસ) ને સિનેમા શરૂ થાય છે. છાયાચિત્રોની ચોપડીમાં હાથથી અને કાગળના કે. પૂંઠાંના કટકાથી કેટલાયે આકારોના પડછાયા પાડવાની રીતો બતાવેલી છે. ઘરમાં આ ગમ્મત સુંદર છે. પૂંઠાં કે કાગળના આકારો કરી તેનાં છાયાચિત્રો પાડવામાં બાળકોને હાથકારીગરીનો પરિચય થાય છે.

આવી જ રીતે સાંજની ગમ્મતોમાં કેટલીક એક ઇંદ્રિયોની શક્તિની કસોટી રૂપ ગમ્મતો છે. કોઈ કોઈ અનુમાન કરવાની શક્તિની ગમ્મતો છે. બાળકો પડદા પાછળ રહી અવાજ કરે તે કોણે બોલ્યું તે ઓળખી કાઢવું; ઘરનાં જુદાં જુદાં ઠામો અંધારામાં વગાડવાં ને તેનાં નામો પારખવાં; અંધારામાં મ્હોં પર હાથ ફેરવી ચહેરાને પારખવા; અંધારામાં બીજાને ઓળખવી; અંધારામાં જે દિશા તરફથી અવાજ આવતો હોય તે તરફ જાવું; ઘડિયાળની પાછળ પાછળ પાટા બાંધી મીણબત્તી બોલવી નાખવી; આ જાતની રમતો નિર્દોષ

ગમ્મતો છે. કોઇ વાર એક રમત બતાવાય, કોઇ વાર બીજી ચાલે, કોઇ વાર વળી ત્રીજી ઉપર ચઢી જવાય. રોજ ઘરમાં કંઇ ને કંઇ રમતો ચાલે એટલે બાળકોને ભારે ગમ્મત આવે.'

વળી બોલવાની પણ કેટલીએક ગમ્મતોને દાખલ કરી શકાય. દરેક બાળકને 'ચ'ની 'ઉંધા અક્ષર'ની 'અસ્મારે તસ્મારે'ની બોલી શીખવી ગમે છે. તેને એક વાર બતાવી એટલે તો તેના ઉપર તે તૂટી પડે છે. નવી ભાષા શીખ્યાં હોય તેમ બોલે છે. બાનગી વાત કરવાનો આનંદ પણ લે છે. અને એમ 'ચ' વાપરીને કે 'અસ્મારે' વાપરીને મોઢાને ઠીક તાલીમ આપે છે.

વાણીપ્રયોગના વિનોદોની ગમ્મતો વળી જુદી જ છે. એ તો બાળકને અને આપણને પણ ખૂબ રમાડે છે. એકાગ્ર ચિત્તથી બોલવાની એમાં કસોટી છે. જરાક ચૂક્યા કે હસાહસ તો છે જ. 'સૂપડામાં સાની વાની, વાની મૂકી સાની ખાઉં.' એમ વારંવાર કાળજીથી બોલવા છતાં 'સૂપડામાં સાની વાની, સાની મૂકી વાની ખાઉં.' એમ બોલાય ત્યારે 'ભીંડા ઉપર લીંડું બેઠું, ઉતર લીંડા ભીંડા ખાઉં.' ને બદલે 'ભીંડા ઉપર લીંડું બેઠું ઉતર ભીંડા લીંડું ખાઉં.' એમ બોલાય; વગેરે બોલવાનાં

વાક્યો વિનોદભર્યા છે, સાંજને સુખી બનાવનારાં છે, ગંભીરતાના ભારેખમપણાને હળવાં કરનારાં છે, બાળકના લોહીને ઝટઝટ ફેરવી તેને આરોગ્ય અક્ષનારાં છે.

ઘરમાં નાનાં બાળકો પણ છે ને મોટાં બાળકો પણ છે. નાનાં બાળકો આંગળીની રમતમાં મજા લે છે, તો મોટાં બાળકો માટે બુદ્ધિબળની રમતો-ગમ્મતો–વિજ્ઞાનના પ્રયોગોની ગમ્મતો અર્થાત્ ઇંદ્રજાળ ઉર્ફે જાદુકપટના ખેલો પડેલા છે.

જરા મોટાં બાળકો ઇંદ્રજાળના ખેલો પાછળ ગાંડાં ગાંડાં હોય છે; બાપા તેમને દોરી બળે પેન્સિ વીંટી પડે નહિ, લોટા ઉપરના કાગળ બળે નહિ, ફરતો લોટો ઢોળાય નહિ; ધારેલું હોય તે કહી બતાવે કે ગંજીપાનું ધારેલું પાનું ગોતી આપે કે એવા એવા ગંજીપાના ખેલો કરી બતાવે ત્યારે છોકરાં મંત્રમુગ્ધ થઇ તેની પાસે બેઠાં રહેશે. તે શું છે તે શોધશે; તેમાં રહેલ વૈજ્ઞાનિક કારણોના પરિચયમાં આવશે, ને છતાં તેની ગમ્મત તો એવી જ અનુભવશે. દરેક છોકરો છોકરી આવા કેટલાયે ખેલો કર્યા કરે છે. આપણે જ તે તેને બતાવીએ ને ઘરને તે માટે રમવાનું સ્થળ બનાવીએ.

આવી ગમ્મતોમાંથી બાળકમાં શોધ કરવાનો

આનંદ ઉપજશે, શોધકબુદ્ધિ જન્મ પામશે ને ભૌતિકશાસ્ત્રના કેટલાયે નિયમોનો પરિચય થઇ જશે: પણ સૌથી મહત્ત્વનો લાભ તેને તેની મજાનો થશે.

બુદ્ધિવિકાસની ગમ્મતોનો પાર નથી. ઉપરની રમતોમાં બુદ્ધિનો વિકાસ તો છે જ; પણ એ ઉપરાંત ભાષાની ખિલવટ સાથે, અથવા તો ગણિત-બુદ્ધિના વિકાસ સાથે, અથવા તો સામાન્ય અનુમાન કરવાની આવડતને વધારવાની સાથે, બુદ્ધિની કસરત અને આનંદ આપનારી રમતો આપણે બાળકને રમાડી શકીએ. વરતો અને ઉખાણાની રમતો આ જાતની છે.

"એક જનાવર ધ્રુતું, ઈ પૂંછડે પાણી પીતું.' કહો એ શું હશે?" એમ પૂછાતાં બાળકો વિચાર કરે છે. કેટલીયે ચીજોનાં નામો સંભારે છે; છેવટે 'બત્તી' એમ જાણતાં આશ્ચર્યચકિત થતાં બુદ્ધિમાં નવું અજવાળું આવે છે.

'મૂઠી જેવડો મેમણ ને સૂપડા જેવડી દાઢી.'

'ઠીંગણો વાણિયો, ઠીંગણું પેટ, પેટ પછાડે પાણા હેઠ.'

'નવ લાકડાં, ફર્યે ફેરો; ઈ વરત ને વરતે એનો બાપ મુસો વેરો.'

‘ આટકાટ લાકડાં, મહીં જોબનકી જાળી;
વરત ન વરતે એનો બાપ ધનિયો માળી.’

આ વરતોમાં વિનોદની ઝમક છે, ભાષાની ઝમક છે ને બુદ્ધિને કસાવે તેવું છે.

‘ જાનમાં જોઇએ ને ઘરમાં સોઇએ; બે મળીને એક નામ, કહેા પંડ્યાજી કયું ગામ? ’

‘ ભજનમાં જોઇએ ને માળામાં સોઇએ, બે મળીને એક નામ, કહેા પંડ્યાજી કયું ગામ? ’

આ જવાબ આપવા એટલે ભૌગોલિક જ્ઞાન અને અનુમાન કરવાની શક્તિ હોવી.

‘ અંગલ બેલી, જંગલ બેલી, જંગલના દરવાજા; આવેા સુંદરવરણી નારી ઘર કરૂંબે તાજા.’

‘ પડી પડી પણ ભાંગી નહિ, કટકા થયા બે ચાર; વગર પાંખે ઉડી ગઇ પંડિત કરેા વિચાર.’

‘ સુંદર સરેાવર સાર, નૌતમ નીર ભર્યાં છેઃ નહિ સરેાવર નહિ પાળ, ઠારેાઠાર ઠર્યાં છેઃ ”

આવાં વરતો અને ઉખાણાનું કાવ્ય ગમ્મત ગમ્મતમાં બાળકની કોમળ લાગણીઓને હલાવે તે લાભ તો વધારામાં જ છે.

બધી રીતે વરતો ઉખાણા ઘરની ગમ

સુંદરમાં સુંદર ગમ્મત છે. એમાં કલા છે, કાવ્ય છે, ભાષાચાતુર્ય ને સુરચના છે, તથા બુદ્ધિના ચમકારા પણ છે.

નામ ધારવાની રમત બુદ્ધિબળને કેળવે છે. બાળકોમાંથી એક જણ ધારેલું નામ શોધી કાઢનાર થાય ને બીજાં બાળકો નામ ધારે. શોધનાર ધારનાર બાળકને પૂછે: "માણસ છે કે?"

"હા"

"પુરુષ છે?"

"હા."

"બ્રાહ્મણ છે?"

"ના."

આ રીતે પૂછનાર બાળક નામ શોધવા માટે પ્રશ્નો પૂછે છે. તેના મનમાં એક જાતની વર્ગીકરણ કરવાની ક્રિયા ચાલે છે. તે નક્કી કરે છે કે 'માણસ છે એટલે જડસૃષ્ટિનું નામ તો નથી;' 'પુરુષ છે એટલે સ્ત્રી વર્ગમાં નથી;' એમ કરતાં કરતાં બાદબાકીથી ધારેલ નામે આવી પહોંચે છે.

બુદ્ધિની બીજી ગમ્મતોમાં સમસ્યાઓ છે. જરા મોટી ઉમ્મરનાં બાળકો સમસ્યાઓ વધારે આનંદથી છોડશે; સમસ્યાના સાહિત્ય તરફ વળશે

અને વ્યંગાર્થમાં જતાં થશે. ઘરમાં જ્યારે સંમ-
શ્યાએ. જેવી રમતો રમાય છે ત્યારે ઘરનાં માણસોં
પણ તેમાં ભળે છે, અને આખું ઘર બાળકો સાથે
આનંદ ઉડાવે છે.

બુદ્ધિના કોયડાઓ સામસામે નાખવા છોડ-
વાની રમત ચલાવી શકાય. કોયડાઓ એવા છે કે
તેમાં જરાકે હૈયાઉકલત વાપરવી પડે. કયાંક દ્વિઅર્થી,
કયાંક ગણિતની ગમ્મત અને કયાંક સાધારણ
બુદ્ધિનો વાણોતાણો કોયડાઓમાં હોય છે.

'શેઠ શેઠાણી બે, લાડવા આવ્યા ત્રણ;
ભાંગ્યા વિના બરાવો.' બાળક મૂંઝાશે. શેઠ
અને શેઠાણી એ બે જણાં છે તો દોઢ દોઢ લાડવો
આવે; ભાંગ્યા વિના શી રીતે બરાવવું ? ત્યાં
કોઈને સૂઝશે કે શેઠ એક અને શેઠાણી બે એટલે
ત્રણ જણાં છે, માટે એક એક લાડવો વહેંચી
શકાય ! આમાં જરા કસરત છે, થોડો એવો ટૂચકો
છે. એવા ટૂચકાઓ ગમ્મત આપે છે.

અંતકડીની રમત સૌને જાણીતી છે. કોઈ
કોઈ છાત્રાલયો 'રાત્રિપ્રવૃત્તિ' તરીકે એને ખાસ
વાપરે છે. મુસાફરીમાં વાર્તાઓ અને અંત-
કડી માર્ગ કપાવનાર છે. અંતકડીની રમત જૂની

જૂની કવિતાને તાજી કરવાનેા અને પાકી કરવાનેા ઉપાય છે. પણ સૌથી સુંદર ગુણ તેા પટપટ કવિતાઓ સંભારી શકવાની આવડત વાપરવાનેા, નહિ કે બતાવવાનેા છે. અંતકડી કે એવી કાઇ રમત, હારજીત માટે કે પ્રદર્શન માટે થાય, ત્યારે તેમાંથી આનંદ ઉડી જઇ વેર વગેરે જાગે છે, ને છેાકરા લડી પડે છે તે ધ્યાન રાખવું. અંતકડીમાં તેા આપણને મેાટાને પણ મેાજ પડે છે. દરેકને બે પાંચ કવિતા, એકાદ બે લેાકગીતેા, એવું કંઇ કંઇ આવડે જ છે. અંતકડીની રમત બા રમાડવા બેસશે તેા બાપ ચેાપડીઓ છેાડીને રમવા આવશે, અને બાપા રમાડવા બેસશે તેા બા ઘડીકવાર અબેાટ પડતેા મૂકીને કે અબેાટ કરતી કરતી તેમાં જોડાશે. ઘરમાં વાળુ કર્યા પછી ઉપરની પ્રવૃત્તિઓમાં અંતકડીની પ્રવૃત્તિ સુંદર અને નિર્દોષ આનંદ આપનારી છે. અંતકડી કવિતાની રમી શકાય, તેમ જ નામવાચક શબ્દેાની, ભૌગેાલિક સ્થળેાની કે કહેવતેાની પણ રમી શકાય. અંતકડી વખતે કેવી ગમ્મત જામે છે; નાનાં બાળકેા અને મેાટાં બાળકેા કેવી આતુરતાથી રમતને જુએ છે, વગેરેનું ચિત્ર મીઠું લાગે છે.

ગણિતના કોયડાઓની ગમ્મત પણ ઘણો આનંદ આપનારી છે.

બાલશિક્ષણ કે આનંદમાં ખરી વાત દિશા ઉઘાડવાની છે. આવી જાતજાતની ગમ્મતો દ્વારા આનંદ સાથે બાળકો સામે નવા નવા વિચારનાં, અભ્યાસનાં, શોધનાં ક્ષેત્રો ખુલ્લાં મૂકી શકીએ છીએ. બાળકોમાં સ્વભાવવિવિધતા છે; બધાંને બધી ગમ્મતો બહુ ઉંડેથી ન રુચે. સાહિત્યપ્રિય બાળક વાર્તામાં, ઉખાણામાં કે અંતકડીમાં વધારે ગમ્મત લેશે; સંગીતપ્રિય બાળક અંતકડીમાંથી સંગીતનો આનંદ શોધી લેશે; ગણિતના સ્વભાવવાળું બાળક ગણિતના કોયડા ઉકેલવા મનને ખૂબ રોકશે, તેના ઉકેલમાં તેને શ્રમ કરવો ગમશે, તેના ઉકેલનો આનંદ તેને બહુ ગમશે.

ગણિતના કોયડામાં ગણિતના દાખલા હોતા નથી, પણ ગણિતની વ્યવહારૂ બુદ્ધિ હોય છે. એક રીતે તો સાધારણ બુદ્ધિનો એ વિષય છે. પણ સાધારણ બુદ્ધિ જ કેળવણીનું ખરું પરિણામ અને તેની ખરી કિંમત છે.

આપણે બાળકોને ઉપર લખ્યા તે જુદા જુદા આનંદો વિનોદો આપીએ તેમાં નકલ કરવી એટલે કે અનુકરણનો અભિનય કરવો તેને પણ

સ્થાન આપીએ. બીજા કરે તેમ કરવું એ વૃત્તિ બાળકમાં સ્વાભાવિક છે. આ વૃત્તિ સ્વયં-શિક્ષણમાં સાધન રૂપ છે. આપણને બોલતાં ચાલતાં ખાતાં વગેરે કરતાં જોઈને બાળકો તેમ કરવાની ક્રિયાઓ જાણી લે છે, ને પછીથી જ્યારે તેમ કરવું હોય ત્યારે તે ક્રિયાઓ કરી પોતાનાં કામનાં કામો કરે છે. જુદા જુદા અંગમરોડો કરીને અંગને સ્ફૂર્તિ અને વ્યાયામ આપવાની સાથે જ અંગ-વિક્ષેપમાં રહેલી શરીરના આકારો રચવાની કુશળતા સાધવાની, અને તેવી સાધનામાં આનંદ મેળવવાની ઇચ્છામાંથી અભિનય કરવાની શક્તિ વિકસાવતું બાળક એક પ્રકારે કુદરત અને મનુષ્યનાં અંગોમાં થતા નાજુક સુંદર મરોડોને અનુસરે છે. બાળકોને નવીન લાગે તેવું, હમેશના અનુભવની બહારનું, જરા વિચિત્ર એવું જોવામાં અને તે પ્રમાણે કરવામાં ગમ્મત પડે છે. તોતડો માણસ, લંગડો, બુઢ્ઢો, સડાક કરતો બજર સૂંઘનાર, બાડો, જુદી જુદી રીતે હાથ પગ કે માથું યા ડોકું હલાવનારો ને એવી કુટેવો કહો તો કુટેવોવાળો કે આદતવાળો માણસ તેમનું ધ્યાન બહુ ખેંચે છે.

માબાપ, શિક્ષક, તેમ જ આજુબાજુની દુનિયાની બાળક ઉપર સચોટ છાપ પડે છે, તેથી

તેની વિશેષતાઓ કરવા તે જાય છે. બાળકને આપણે બકરૂં બોલાવતું, કાગડો બોલાવતું, બેં બેં કે ડરાઉં ડરાઉં કરતું જોયું છે. બાપા કરે તેમ બાપાનાં ચશ્માં નાકે ચડાવીને કે બાંની જેમ નાનાં બાળકોની બા બનીને બા-બાપાનો વેશ ભજવતાં, તેમ જ શિક્ષકના ચાળા પાડતાં બાંળકો આપણે દીઠાં છે. બીજાં કારણો સાથે આમ કરવામાં બાળકને પોતાની નટવૃત્તિ કે અભિનયકળાને ખીલવવાનું કારણ હોય છે. માટે આપણે તેવા પ્રકારોને ઘરના આનંદોમાં જરૂર જ સ્થાન આપીએ. આથી જાતજાતની બોલીઓ બોલવી, જાતજાતનાં જનાવરો કે મનુષ્યસ્વભાવનાં અનુકરણો કરવાં, અથવા વ્યક્તિઓનાં ખાસ ખાસ લક્ષણોની નકલ કરવી એ એક આનંદદાયક ગમ્મત છે. ઘણી વાર જ્યારે આપણે એવી ગમ્મત ઉડાવતાં બાળકોને હસી કાઢીએ છીએ, અથવા તો તેમાં બીજાના ચાળા છે કે મશ્કરી છે, એમ કહી તેમને રોકીએ છીએ, ત્યારે તેમને પાછળથી તે જ નિર્દોષ ગમ્મતોનો બીજાને બીજવવા માટે કે નિંદા કર્યાની કે હલકા પાડ્યાની નીચી મજા લેવા માટે ઉપયોગ કરવાનું સૂઝે છે. આપણે પોતાના ચાળા પણ પાડીએ–પડાવીએ; એમાં શુદ્ધ નાટક છે એવો જ

ભાવ આગળ આણીએ એટલે તેમાં અત્યાર સુધીમાં જે એક જાતનું ચાંદુડિયાપણું આવ્યું છે તે નીકળી જાય. આ રીતે જાતજાતનાં મોઢાં બનાવવાં વગેરેની ગમ્મતોને ઘરમાં સ્થાન છે. જૂનો વખત જતો જાય છે; મજિયારામાં કે વડિલો જીવતાં હોય તે ઘરમાં મા કે બાપથી બાળકને સૌની દેખતાં રમાડાય, જમાડાય કે રીઝવાય નહિ એ સંકુચિતતા અને વિચિત્રતામાંથી આપણે મુક્ત થતાં જઇએ છીએ. આપણાં જ પોતાનાં બાળકોને રમાડવાનું આપણને કેટલું બધું ગમે છે તે આપણે જાણીએ છીએ. જેમ જેમ આપણે જૂની શરમ અને જૂનો મલાજો છોડતા જઇએ છીએ, તેમ તેમ આપણે બાળકની વધારે પાસે આવતા જઇએ છીએ; અને એમ જ હોવું જોઇએ. બાળકના આનંદમાં આપણો આનંદ કેટલો સમાયેલો છે એનો અનુભવ કોને નથી ? આપણા બાળકને જેટલું સુખી અને આનંદી રાખીશું તેટલું આપણું ઘર, આપણું જીવન આપણને સુખમય અને આરામદાયક, જીવનમાં મદદ રૂપ થશે. બાપ બહારની પ્રવૃત્તિમાંથી ને મા ઘરના કામકાજમાંથી છૂટી થઇ બાળકો સાથે ભળશે, ને તેમને ઉપર લખી જાતજાતની ગમ્મતો આપશે તો બાલજીવનને સુખી કર્યાનો આશીર્વાદ મેળવશે.

આપણે બાળકોને નિર્દોષ આનંદો આપીશું તો તેઓમાં તેમ જ આપણામાં એ આનંદોથી તાજગી અને નવીનતા આવશે; કુટુંબપ્રેમ વધારે દૃઢ થશે; બાળકો અને આપણી વચ્ચે વધારે સમજણ થશે, ને બાળકો આપણાથી છૂટાં પડી જઈને આપણને સમજાતાં નથી તેવાં અથવા આપણાથી સંતાતાં ફરે ને બનવું જોઈએ તેવાં નહિ રહે. પરસ્પરનો વિશ્વાસ વધારવા, અને તેથી ખાસ કરીને બાળકો આપણને પોતાનું હૃદય ગમે ત્યારે ઉઘાડું કરીને બતાવ્યા કરે તેવું રાખવા માટે આપણે તેના આનંદો જાણીએ, તે તેમને આપીએ, તેમાં ભળીએ ને તેની કદર કરીએ. સાંજનો કલાક અરધો કલાક આપણે આપણી વેપારની કે નોકરીની, વકીલની કે વૈદની, સત્તાની કે સેવાની જંજાળોને ભૂલી જઈએ. આપણા ઘરકામ, હિસાબકિતાબ, નોકરચાકરની વ્યવસ્થા તેમ જ બહારના વ્યવહારોની ચિંતાને કોરે મૂકીએ. એ વખતે આપણું આખું કુટુંબ એકઠું થાય ને આવી નાની નાની ગમ્મતો ઉડે. આપણે આટલું કરીશું એટલે પણ ઘણું કર્યું કહેવાશે.

ઢીંગલીની રમત

તારા બેન

ઢીંગલીની રમત

છોકરાંઓનાં રમકડાંઓમાં જેમ દડો અને ભમરડો સર્વદેશીય અને સર્વકાળનાં રમકડાં છે, તેમ જ છોકરીઓનાં રમકડાંમાં ઢીંગલીનું સ્થાન છે.

અવલોકન ઉપરથી એમ લાગે છે કે બાળક માત્રમાં વાત્સલ્યની ઉપજત બુદ્ધિ છે. બાળક સાધારણ સમજણું થાય છે ત્યારે જેમ માતપિતા કે બીજાના ખોળામાં માથું મૂકીને બીજાના વહાલનું સાધન બનવું બાળકને ગમે છે, તેમ જ બીજાને ખોળામાં સૂવરાવવું, હાલરડું ગાવું, તેને બચી ભરવી વગેરે ક્રિયાઓ કરવી પણ તેને ગમે છે. એમ કરવામાં કોઈ વખત માત્ર મોટાંઓ પોતાના ઉપર કે તેના પ્રત્યે જે જે કરે છે તે બધી ક્રિયાઓનું પુનરાવર્તન હોય છે, તો કોઇ વાર તેનામાં સાચેસાચી વાત્સલ્યવૃત્તિ પણ હોય છે.

આ વૃત્તિને અનુસરીને બાળક ઘરનાં માણસોને પોતાનું વહાલ ઠાલવવાનું સ્થાન કરવા જાય

છે. પરંતુ તે હમેશ તેના હાથમાં આવતાં નથી ત્યારે તે ગમે તે નિર્જીવ વસ્તુને 'બાળક' કલ્પીને તેની સાથે રમતાં દેખાય છે. એ ઉપરથી જ લોકોને ઢીંગલીઓ ને બાવલાં બનાવવાનું સૂઝ્યું હશે.

ઢીંગલી કે બાવલું લઈને રમવાની ઇચ્છા છોકરીઓની જેમ છોકરાઓ પણ બતાવે છે. પણ આપણા સમાજમાં મળતી 'છોકરાઓથી ઢીંગલી ઢીંગલી ન રમાય.' 'તું છોડી છે કે?' 'તું બાયલો છે?' વગેરે શીખામણથી છોકરાઓને ઢીંગલીની રમત મળતી નથી. જ્યાં ઘરનાં માણસો બહુ વાંધો ન લેતાં હોય ત્યાં ઘણા છોકરાઓ એનની ઢીંગલીની રમતમાં જોડાઇ જાય છે પણ ખરા.

જેને ઢીંગલીની પરંપરાથી ચાલતી આવેલી રમતની ખબર હોતી નથી, એવા બાળકના હાથમાં આપણે ઢીંગલી મૂકીને તેની રમત અવલોકશું તો દેખાય છે કે સામાન્યતઃ બાળક પોતાની મા કે આપનો ભાગ તેના પ્રત્યે ભજવે છે. તેને વહાલથી પંપાળે છે, સૂવરાવે છે, બચ્ચી ભરે છે, ને વઢે કે મારે પણ છે. ઢીંગલી એટલે 'બાળક' એવો આરોપિત અર્થ કોઇ કોઇ બાળક પરત્વે બહુ ચોખ્ખો ને કાયમને માટે રહે છે, એટલે કે બાળક ઢીંગલીને હમેશને માટે બાળક તરીકે જ સાચવે છે, તે પડ્યી

જાય કે ભાંગી તૂટી જાય તો તેને ગમતું નથી. કેટલાંએક બાળકો પરત્વે એ વૃત્તિ થોડી વારની હોય છે. એક ક્ષણે તે તેને પંપાળશે ને બીજી ક્ષણે તેને તંગડી ઝાલીને ફેંકી દેશે; તે ગમે ત્યાં ને ગમે તેમ પડી હોય તો તેની ઉપર લાગણીની બહુ અસર થતી નથી.

ઢીંગલીની રમત પરત્વે બીજું એમ પણ દેખાય છે કે કેટલાંએક બાળકોને તે ખરેખરું અંદરથી પ્રિય હોય છે, ને કેટલાંએકનો શોખ માત્ર ઉપર ઉપરનો જ હોય છે. એક બે વર્ષની ને એક ત્રણ વર્ષની એમ બે બાલિકાઓ (સામાજિક વલણથી મુક્ત) એક પ્રદર્શન જોવા ગઇ હતી. બે વર્ષની બાલિકાએ બાવલું લેવાની હઠ લીધી, જ્યારે ત્રણ વર્ષની બાલિકાએ મોતીનાં તોરણો ને એવી એવી ચકચકિત વસ્તુઓ લીધી. ઘરમાં પણ પેલી બે વર્ષની છોકરીમાં બાબલાંને રમાડવાની વૃત્તિ ચોખ્ખી દેખાતી હતી. બે ભેગી થાય ત્યારે એક-બીજીની રમતો રમવા ચડી જતી; છતાં વલણ સ્પષ્ટ હતું. સારાંશ કે સામાજિક વલણ એટલે કે બીજી છોકરીઓને રમતી જોઇને કેટલીએકમાં ઢીંગલીથી રમવાની ઇચ્છા થાય છે, ને કેટલીએક-માં આ જાતની રમતનું સ્વાભાવિક વલણ પુષ્કળ

ને કેવળ નૈસર્ગિક દેખાય છે.

આજની ઢીંગલીની રમતમાં સામાજિક તત્ત્વો પુષ્કળ દાખલ થયાં છે. મા દીકરીને ઢીંગલીની રમત રીતસર શીખવાડે છે, ને દીકરી પોતાની બાના સંસારનું નાટક કરીકરીને પોતાના સંસારનો પાયો નાખે છે. ઢીંગલીની આસપાસ બાપાપ, ભાઇબેન આદિ બધાં તત્ત્વો દીકરી ગોઠવે છે; અને મા ઘરનાં માણસોની સાથે જેમ વર્તન કરતી હોય તે બધું તે પોતાની ઘોલકીમાં ભજવે છે; ને ફરીફરીથી તેનાં આવર્તનો કરીને આંકની જેમ પાકું કરે છે. છોકરાને ઊંધમાંથી ઉઠાડીને પૂછીએ કે 'ચાર સતાં કેટલા?' તો તે જેમ કહી શકે છે, તેમ જ દીકરીને પૂછીએ કે 'જેઠાણી સાથે કેમ વર્તીશ, દેરાણીને કેમ કામે લગાડીશ, પોતાનાં છોકરાંને કેમ રાખીશ ને બીજાનાંને કેમ રાખીશ?' તો દરેકેદરેક પલાખાંના જવાબો એક પણ ભૂલ કર્યા વગર તે આપશે. કેમ કે તેનાં સ્વયંસ્ફૂર્તિથી કેટલીયે વાર તેને આવર્તનો થઇ ગયેલાં હોય છે.

ઘણી વાર ઢીંગલીની રમતમાં બાળકો પુષ્કળ ગંદાં તત્ત્વો દાખલ કરે છે; જેવું તેમનું વાતાવરણ હોય છે તેવું આબેહૂબ તેઓ રમતમાં બતાવે છે.

ઢીંગલા ઢીંગલીનાં લગ્ન કરીને લગ્નપ્રસંગનાં

બધાં સારાં નરસાં તત્ત્વોના પાઠ પણ બાળકો લે છે. ઘણી વાર મોટાં માણસો પણ એવા લગ્ન-પ્રસંગમાં ભળે છે, ને તેને બગાડવામાં બાકી જ રાખતાં નથી. એક વાર આવી રમત ઢીંગલીના લગ્નથી શરૂ થઇ-તે તેની સુવાવડ સુધી ચાલી ! તેમાં મોટો ભાગ મોટાંઓએ ભજવ્યો હતો. અર્થાત્ બાળકો આવા પ્રસંગોનું માત્ર બાહ્યદર્શી વાતોનું નાટક કરે છે, જ્યારે મોટાંઓ અંદર ભળીને તેમાં ઉંડી અશ્લિલતા લાવે છે.

ઢીંગલીની રમતની આ પ્રકારની સામાજિક બાજુ તો બનતી ત્વરાએ બંધ કરવી જોઇએ, અથવા તેને નિર્દોષ સ્વરૂપમાં ફેરવવી જોઇએ. આજની કિન્ડરગાર્ટન શાળાઓ અને પાશ્ચાત્ય વિચારક માબાપો આ તરફ વળ્યાં છે. ઢીંગલીની પ્રચલિત રમત એકાએક ભૂલી જવી મુશ્કેલ છે. બાળકો એક બીજાનું જોઇને અને કેટલેક અંશે પોતાની હોંશથી ઢીંગલી માગ્યા જ કરે છે, ને તેને લઇને કાંઇ ને કાંઇ રમે જ છે. માટે ન છૂટકે તેમને તે આપીને તેને શક્ય તેટલી નિર્દોષ રમતમાં ફેરવવી એ વાત જુદી છે; તથા શિક્ષણની દૃષ્ટિએ તેને વિકાસનું સાધન ગણી તેને શાળામાં દાખલ કરવી, તેની રમતો ઉપર ચોપડીઓ

રચવી, અને તેને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે પ્રતિષ્ઠા આપવી એ વાત જુદી છે. જ્યારે તેને શિક્ષણનું સાધન ગણવામાં આવે છે ત્યારે ખરી રીતે તેને ઉત્તેજક તરીકે વાપરીને છોકરીઓને શિવણ ભરતનું ને બીજાં ઘરગથ્થુ કામો શીખવવાનો પ્રબંધ કરવામાં આવે છે. આ કામો સ્વતઃ રસ આપનારાં હોઇ શકે જ નહિ; તેને કાંઇક ફેાસલાામણથી જ દાખલ કરવાં જોઇએ એમ માનીને જ આ જાતનો પ્રબંધ રચવામાં આવે છે. પણ આમાં તો ઢીંગલીની રમતેય પૂરી રમાતી નથી ને ઘરગથ્થુ કામો પણ બરાબર શીખાતાં નથી. ઢીંગલીની રમતનો વિચાર અને ઘરગથ્થુ કામોનો વિચાર જુદા પાડીને જ બંને પ્રશ્નોનો ઉકેલ આવી શકે.

હવે ઢીંગલીની રમતને સમાજે આપેલું સ્વરૂપ છોડી દઇને, તેમ જ શાળાએ આપેલું સ્વરૂપ પણ છોડી દઇને, તેને તેના શુદ્ધ સ્વરૂપમાં વિચારીએ.

સમાજ કે બીજા કોઇ પણ વિચારથી અસ્પૃષ્ટ એવી રમત તો નાનું બાળક જ્યારે પ્રથમ એની એજે ગમે તે માણસને અથવા વસ્તુને પોતાના બાળક તરીકે રમાડે છે ત્યાં જોઇ શકાય છે. એવાં

બાળકોને આપણે તેમના પથરા કે ઓશીકાને બદલે બાવલું આપીએ ને જોઇએ કે તે તેની સાથે કેવી રીતે રમે છે, તો દેખી શકાશે કે તે તેના ઉપર વાત્સલ્ય ઠાલવવાનો પ્રયત્ન કરે છે. કોઇ વાંરે તે ખરો ભાવ રમતમાં રેડે છે, તો કોઈ વાર તે માત્ર બાહ્ય હાવભાવ ને ક્રિયા જ જાણે શીખતું હોય, જાણે બાની જેમ કરીને બાળક ઉછેરવાનો કારીગરી વિભાગ શીખતું હોય, એમ દેખાય છે.

વાત્સલ્યવૃત્તિ ખરેખર પોષવા જેવી વસ્તુ છે. પરંતુ ઢીંગલીનું સાધન તેને માટે બહુ યોગ્ય નથી. એક તો એ નિર્જીવ હોવાથી તેની ઉપરની ક્રિયામાં રમંતપણું અથવા ખોટાપણું હોય છે; અથવા બાળક કલ્પનામાં બહુ તરંગી બની તેનું ખોટાપણું ભૂલી જાય તો તે તંદુરસ્ત રમત રહેતી નથી. આવું તરંગીપણું તો ગાંડપણમાં જ પરિણમે; ને ખોટાપણું ન ભૂલે તો ખરા વાત્સલ્યભાવને બહુ અવકાશ રહેતો નથી. એ તો માત્ર રમત થાય છે.

વાત્સલ્યભાવ ખીલવવા માટે મૂળ તો જે વસ્તુ ઉપર તે ઠાલવવાનો છે તેની પ્રત્યે ખરો ભાવ ઉત્પન્ન થવો જોઈએ. તેને સાચવવાની, જતન કરવાની, તેનું પાલન પોષણ કરવાની જરૂર ઉભી થવી જોઇએ. બીજું સામેથી તે વસ્તુ ભાવનો

પ્રત્યુત્તર અમુક અંશે પણ આપવા સમર્થ હોવી જોઇએ. એ હૃદયના મિલનમાંથી, એકતારપણામાંથી પ્રેમ ઉપજે છે.

બાળક ઢીંગલીને થોડો વખત સાચવે છે. કાચની હોય તો જરા વધારે સાચવવી પડે છે. ને લૂગડાંલાકડાંની હોય તો તો સાચવવાની જરૂર જ હોતી નથી. બાળક ઢીંગલીને સાચવેકારવે તો પણ સાચું બાળક—નાની બેન કે ભાઇ—સાચવવું ને ઢીંગલીને સાચવવી એમાં કેટલોય તફાવત પડે છે. તેને બદલે નાનો છોડ હોય કે જેને પાણી પાવાથી તે વધે ને ફૂલેફાલે, અગર કૂંતરાં બિલાડાંનાં બચ્ચાં હોય તો તેમાં પણ તફાવત પડે. કેમ કે આ ત્રણે: બાળક, ગલૂડિયું કે છોડ અંદરથી વિકસતી વસ્તુઓ છે, ને બાળકને સામેથી પ્રત્યુત્તર આપવાની તેમનામાં શક્તિ છે. આ પ્રકારનાં જીવંત રમકડાંઓમાં બાળકને સાચેસાચ જેટલું સાચવવાપણું રહે તેટલું. નિર્જીવ ઢીંગલીને કદાપિ સાચવવી પડે નહિ. માટે વાત્સલ્યભાવ ખીલવવામાં ઢીંગલી કામ આવી શકે નહિ. તેને માટે નાનાં ભાઇભાંડુઓને રમાડવાં ને સાચવવાં એ જ સારૂં છે; ગલૂડિયું કે પોપટમેના જેવાંનો પ્રાણીઉછેર ને ઝાડ વનસ્પતિનો ઉછેર પણ ઉપયોગી છે. પ્રાણી ને વનસ્પતિમાં બાળક વધારે

ભાગ લઇ શકે છે, વધારે જવાબદારી રાખી શકે છે; પોતાની ગફલતનું કેવું ભયંકર પરિણામ આવશે એની પણ તેઓ કલ્પના કરી શકે છે, અને સાચી લાગણીને લીધે આવું પરિણામ કદાપિ ન આવવા દઇએ એવી સંભાળ તે રાખી શકે છે. પોતાના પાળેલા કૂતરાને રોટલીના કટકા નાખવાનું કે હાથે વાવેલા ઝાડને પાણી પાવાનું બાળકો અનતાં સુધી ભૂલતાં નથી. આ દૃષ્ટિએ ઢીંગલીની રમત આખર રમત જ રહે છે; તેને સાચાપણું આવવાનું નથી. સ્વતઃ ઢીંગલીની સાથે વધારે સાચો પ્રેમ-સંબંધ બંધાવાની અશક્યતાને લીધે જ બાળકો કાં તો તરંગમાં જઇને ઢીંગલીને સામે રાખીને પોતાની તરંગી દુનિયામાં જીવે છે, ને કાં તો ઘણી છોકરીઓ ભેગી થઇ ઢીંગલીને નિમિત્ત કરી સમાજજીવનનું નાટક કરે છે. અર્થાત્ વાત્સલ્યભાવને તેમાંથી સાચું પોષણ મળતું નથી, ને તેથી રમત એ દિશામાંથી ખસીને બીજું રૂપ લે છે.

તરંગ કે નાટક બન્ને અમુક હદમાં હોય ત્યાં સુધી વાંધો ન લઇએ; પણ આ બન્ને વસ્તુમાં વિકૃતિ પામવાનો સ્વભાવ છે: તરંગો બાળકની કલ્પનાશક્તિ ખીલવતા નથી પણ બાળકને ખોટી દુનિયાને હિંમતથી સ્વીકારી લેવાને બદલે તેનાથી

ભાંગવાનો રસ્તો બતાવે છે. છોકરીઓ ઘણી વાર ઢીંગલીમાં અમુક પ્રકારની બેનપણી કલ્પે છે. સાચી બેનપણી હમેશ એની ઇચ્છા પ્રમાણે વર્તતી નથી. પણ ઢીંગલીમાં કલ્પેલી બેનપણી જેમ નવલકથામાં કલ્પેલાં સ્ત્રીપુરુષ હમેશ સૌન્દર્યની ને ગુણોની ખાણ જ હોય છે, તેમનું સંસારજીવન તો હમેશ રસરંગથી જ ઓતપ્રોત હોય છે, તેમની આગળ બનતાં સુધી કાલે શું આશું કે બેન માંદી પડી છે એના ડૉક્ટરનું બીલ કયાંથી દેશું એવી ચિંતા હોતી નથી, તેમ આ ઢીંગલી બેનપણી બેનની સાથે બહુ જ પ્રેમથી રહે છે, એની સાથે મતભેદ થતો જ નથી, થાય તો પણ તે હમેશ બેનના કહેવા પ્રમાણે કરવા તૈયાર હોય છે. આ જાતના અનેક તરંગોમાં બાળકો જાય છે ને દિવસે દિવસે મનની નબળાઇ કેળવે છે. તેનાથી ચેતતા રહેવાનું છે. તરંગ અમુક હદ સુધી જ ચલાવી લેવા જેવી વસ્તુ છે. આવાપીવાની અતૃપ્તિ ભોગવનારાં બાળકો ઢીંગલીનાં મોટાં મોટાં જમણો કરી તેમાં લાડુ, મેસુબ ને મોહનથાળનાં મોટાં મોટાં બટકાં (પથરા કે નળિયાંના કટકા) પીરસીને જમે છે. એટલે બાળકો આ રીતે પોતાની દબાવેલી વૃત્તિને છૂટી કરી લે છે, ને તેમ તેઓ ભલે કરે. પણ

આવે પ્રસંગે બાળકનું અવલોકન કરનારનું કર્તવ્ય તો એ જ છે કે ખાવાની અતૃપ્તિ કે જે બાળકને પેટપૂરતું પણ ન મળવાથી હોય તે પ્રથમ તેને પૂરતો રોટલો મળે એમ તો કરવું જ જોઇએ. એટલું થયા પછી જે અતૃપ્તિ રહે તેને જ પોષવાને બદલે બાળક બીજા સર્જનાત્મક કામમાં પરોવાઇ અતૃપ્તિને છોડી દે, એમ થવાની જરૂર છે. ખાવાપીવાની અતૃપ્તિ બાળકને રાંધવા પીરસવામાં ભાગ લેવા દેવાથી ઘણી વાર સારું રૂપ લે છે. ચાર કેરી ખાઇને પણ તૃપ્ત ન થનાર બાળક કેરીની આખી ટોપલી પોતાના તાબામાં લઈ બધાંને તે વહેંચી આપવાનું કામ કરવાથી ખાવા તરફ બેદરકાર થઇ જાય છે. ઢીંગલીની ઘોલકીમાં પણ સાવ ખોટું ખોટું જમવા કરવાનું રાખવા કરતાં જેનું કાંઇ બની શકે એવું ખાવાનું આપીએ તો રમત વધારે સર્જનાત્મક બની શકે છે; જેમ કે કાકડી કે એવું કાંઈ આપીએ કે જે સુધારીને તેમાં મીઠું ભરવું નાખીને છોકરીઓ સહેલાઇથી કચૂંબર બનાવી શકે અથવા સાથવો ગોળ વગેરે આપ્યાં હોય તો તેમાંથી છોકરીઓ રોટલી, પૂરી, લાડવા વગેરે કાંઇક કાંઇક બનાવી શકે છે. આમ રમત કાંઇક સર્જનાત્મક બને છે. છોકરીઓ

મોટી હોય તો સાચેસાચી શાકપૂરી વગેરે પણ બનાવી શકે છે, ને ઢીંગલીની બોલકી સામાજિક જીજ્ઞાણીમાં ફેરવાઇ જાય છે. બોલકીમાં જે સામાજિક નાટક થાય છે તેમાં વાંધાભરેલું તો તેમાં જે ભાગ મોટાંઓ ભજવે છે તે છે. મોટાંઓ બાળકોને રમતનું રૂઢ સ્વરૂપ ન આપે, ને બાળકોને જેમ રમવું હોય તેમ રમવા દે, તો બહુ વાંધો આવે નહિ. બાળકો અંદર અંદર આસપાસની દુનિયાનું નાટક પણ કરશે, પણ તેમાં તેઓ જેટલું સમજે છે તેટલું આવશે; અર્થાત્ બાળકો જેવા વાતાવરણમાં ઉછરતાં હશે તેનું પ્રતિબિંબ તેમની રમતોમાં દેખાશે. બાળકોની આવી રમતોમાં જો ગંદાં તત્ત્વો દાખલ થતાં દેખાય તો તે ક્યાંથી આવે છે તે શોધી કાઢી ઉપાય લેવા જોઇએ. ઘણી વાર શેરીના વાતાવરણમાંથી અનેક અનિષ્ટ તત્ત્વો દાખલ થાય છે. તેમની રમતોમાં સામાજિક વ્યવહારનો જે પડઘો પડે છે તેને માટે તો આપણે પોતાને જ પૂછવું જોઇએ. ઘરમાં મોટાં માણસો એકબીજા પ્રત્યે અને બાળકો પ્રત્યે જે રીતે વર્તે છે, તેનું પ્રતિબિંબ બાળકોની રમતો જોઇને આપણે સમજી લેવાનું છે. આપણે આપણું વર્તન સુધારીશું એટલે બાળકની રમત સુધરવાની જ છે.

સારાંશ ઢીંગલીની રમત બહુ સારી ને બાલ-વિકાસ પોષક છે એમ માનવાનું કારણ નથી; ઉલટું એમાં બાલવિકાસને વિરોધક એવાં ઘણાં તત્ત્વો છે.

ઢીંગલીની રમતને શિક્ષણમાં સ્થાન આપવાની જરાયે જરૂર નથી. બાળક આગળ શિવણ, રાંધવું કે પીરસવું વગેરે કામો ચોખ્ખા કામના સ્વરૂપમાં આવી શકે છે, ને તે બધાં બાળકને સ્વતઃ જ પ્રિય થઈ શકે છે. ઢીંગલીની રમતને રમત મટાડી શિક્ષણની પદ્ધતિ કે સાધન બનાવી દેવા માગીએ ત્યારે રમતનુંયે કામ સરતું નથી અને શિક્ષણનુંયે થતું નથી.!

છતાં બાળકો સ્વાભાવિક રીતે જ્યારે ઢીંગલી માગે છે કે ઢીંગલીની ઘોલકીની રમત રમવા મંડી પડે છે, ત્યારે તે ખાસ રોકવા જેવી જ વસ્તુ માની તેને રોકવાનીયે જરૂર નથી.

બાળકો પોતાની મેળે જે પ્રકારની રમત તેમાંથી વિકસાવે તેનું અવલોકન કરવાનું જ મોટાંઓએ કરવું જોઈએ; ને બને તો તે વધારે ક્રિયાત્મક, વધારે સર્જનાત્મક થાય એવી દિશા બહુ વચ્ચે પડ્યા વગર આપી શકતાં હોઈએ તો તેટલું કરીએ. સિવાય ખાસ અટકાવવા જેવાં તત્ત્વો દાખલ

થતાં દેખાય તો તેને અટકાવવા માટે પણ યોગ્ય ઉપાયો લેવા જોઇએ.

બાળકોને ઢીંગલીની રમત રમવા ઉત્તેજવાં કે ઉશ્કેરવાં તો ન જ જોઇએ. બાળક રમવા માગે તો સામાન્ય નાટકમિશ્રિત રમત જેવું ગણીને તેનાથી ભડકી જવાની કે તે અટકાવવા દોડવાની જરૂર નથી; માત્ર અવલોકનની જરૂર છે. રમત શક્ય હોય તેટલી વિકાસપોષક બને એમ કરવાની જરૂર છે.

તરંગી રમતો

પ્રશ્નઃ-શિક્ષણમાં તરંગી રમતોનું સ્થાન શું છે?

ઉત્તરઃ-કેળવણીમાં એક યુગ એવો આવ્યો કે જ્યારે તરંગી રમતોને શિક્ષણમાં રીતસરનું સ્થાન આપવામાં આવ્યું હતું. બાળકો ઘરમાં અને બહાર તરંગી રમતો રમે છે તેમાં તેમની કલ્પનાશક્તિ ખીલે છે એવું માની નિશાળોએ પણ એવી રમતોને કાયદેસરની પ્રતિષ્ઠા આપી હતી.

આની પાછળ એક તર્કદોષ હતો. જ્યારે બાળકોને કોઇ અમુક વસ્તુ લેવાની કે તેને વાપરવાની કે તેનાથી રમવાની ઇચ્છા થાય છે પરંતુ તે તેમને મળતી નથી, ત્યારે બાળકો વસ્તુ ખરેખર પાસે છે એમ મનથી ખોટું ખોટું માની લે છે, અને વસ્તુ ખરેખર પાસે હોવાનો બનાવટી આનંદ લે છે. બાળકો ઘોડો ઘોડો રમે છે તે આ જાતની માન્યતાનો દાખલો છે.

આવી તરંગી રમતોથી કલ્પનાશક્તિ ખીલે છે એમ માનવામાં આવે છે. હવે આ વિચારને જરા તપાસીએ.

ઘોડો ઘોડો રમનારાં બાળકોને ઘોડા ઉપર બેસવાની ઇચ્છા થયેલી હોય છે, ને બરોબરો ઘોડો મળતો નથી માટે લાકડીનો કે એવો બીજો ઘોડો કરીને તેઓ રમે છે એવું હમેશ હોતું નથી. કોઇ બાળકને કોઇ વખતે કલ્પનાશક્તિનો ઉપયોગ કરી ઘોડે બેસવાની હોંશ તૃપ્ત કરી લેવાની જરૂર પડી હશે; પરંતુ આજે તો જેમને ઘોડો એ શું એનું ભાન પણ નથી, એવાં બાળકો પણ મોટાં બાળકો પાસેથી ઘોડોઘોડો રમવાની રમત તો શીખી જ લે છે. અહીં તેઓ રમતની પાછળ રહેલ ઘોડે બેસવાના આનંદના તરંગો કરતાં એની અંદર રહેલી શરીરની હિલચાલનો જ આનંદ લે છે.

આથી ઘોડાઘોડાની રમતમાં આપણે માનીએ છીએ તેટલું તરંગીપણું નથી. બાળકો જરા પોતાની જાતને ઘોડા સાથે સરખાવે છે, ને મુખ્યતઃ તો તેમાંથી દોડવાનો ને કૂદવાનો આનંદ લે છે. આવી રમતો બાળકો પોતાની મેળાએ રમી લે તો બહુ વાંધો નથી. પરંતુ જ્યારે શિક્ષકો, માબાપો કે મોટાંઓ' આવી રમતોને કલ્પનાનું શિક્ષણ આપવાનું એક સાધન બનાવી મૂકે છે, ને તે દ્વારા આનંદ સાથે જ્ઞાન આપવાનો પ્રયત્ન કરે છે,

ત્યારે જ્ઞાન આપવાનો ઉદ્દેશ નિષ્ફળ જાય છે ને ઉલટી રમત વધારે તરંગી બને છે.

ઘરઘરની રમત અને રાજરાણીની રમત વગેરે બધી રમતોનું આમ જ છે. મોટાંઓ તેમાં ભળીને વધારે તરંગી તત્ત્વો દાખલ કરે છે. જ્યાં સુધી આવી રમતોમાં રમતગમતનું ને દોડવાકૂદવાનું તત્ત્વ વધારે હોય ને આરોપિત અર્થ બહુ લાંબો ખેંચેલો ન હોય, ત્યાં સુધી આવી રમતો એટલી બધી નુકસાનકારક બનતી નથી.

ઘણી વાર આવી રમતો બાળકોની નાટ્યવૃત્તિમાંથી જન્મે છે. શાળામાં, ક્રીડાંગણમાં કે ઘરમાં બાળકોની નજરે જે કાંઈ રમૂજી કે અસરકારક પડે છે તેનું પુનરાવર્તન કરી જવાની તેમને ઇચ્છા થાય છે; આ માટે તેઓ તેને ભજવે છે એટલે કે તેનું નાટક કરે છે. કેટલીએક વાર અમુક ભૂમિકામાં બાળકને કામ કરવું ગમે છે, તેથી પણ તે નાટક કરે છે. એની પાછળ કેટલીએક વાર કેટલીએક અતૃપ્તિ, કેટલીએક બીકો વગેરે હોય છે. આવાં નાટકો કે તરંગી રમતો વિકાસપોષક રહેતાં નથી. દાખલા તરીકે શિક્ષક કે માબાપથી બ્હીતાં બાળકો પોતે જ શિક્ષક કે સત્તાધારીનો પાઠ ભજવે છે; આવાની અતૃપ્તિને

લીધે કંદોઈનું કે ફૂલો વેચનારનું કે જાતજાતની વાનીઓ કબાટમાં રાખી તાળું દેનાર માતાનું નાટક બાળકો ભજવે છે; કપડાં ધરેણાંથી અતૃપ્ત બાળકો રાજરાણી કે શ્રીમંત પાડોશીની છોકરી પોતે જ છે એમ નાટકમાં રમી પોતાની દબાવેલી વૃત્તિને હળવી કરે છે કે તેને માર્ગ (release) આપે છે.

આ રીતે માર્ગ મળી જતો હોય ને પરિણામે માનસિક સમતોલપણું આવી જતું હોય તો તો ઠીક છે. પરંતુ ઘણી વાર આવી રમતોમાંથી બાળકો તરંગી બની જવાનો સંભવ છે. આ વસ્તુ માનસિક આરોગ્યને અત્યંત હાનિકારક છે. બને રીતે તો આવાં બાળકોને અતૃપ્તિ ન રહે અથવા તો દબાણ જ ન થાય તે માર્ગ લેવો જોઈએ; કલ્પનામાં તેઓ તૃપ્તિ મેળવી લે તેના કરતાં વાસ્તવિકતામાં જ તેઓ તૃપ્ત થાય એમ કરવાની જરૂર છે. પરંતુ એ હરહમેશ શક્ય હોતું નથી. છતાં શક્ય હોય તેટલું વાસ્તવિક જીવન તેમને મળે તેવી ગોઠવણ કરવાની જરૂર છે. શ્રીમંત સુસંપન્ન ઘરોમાં ને સારી સુસંપન્ન શાળાઓમાં પણ સિદ્ધાંત ફેરે આવી રમતો ઉત્તેજન છે, તેની તો જરાયે જરૂર નથી. વાસ્તવિકતાની સંપૂર્ણ અશક્ય

કુચતાને કારણે આવી રમતોને કોઇ રીતે ઉત્તેજન આપવાનું બહાનું લઇ લેવાનું નથી.

ખરો માનસિક અને શારીરિક વિકાસ તો તે તે શક્તિના યોગ્ય ઉપયોગમાં છે. સુદૃઢ નિરોગી શરીરને કૂદવામાં કે દોડવામાં કાંઇ પણ કલ્પિત આરોપિત કર્યા વિના ખુદબખુદ તે ક્રિયામાં જ અત્યન્ત આનંદ છે; નિરોગી બાળકોને હિલચાલની છૂટ હોય તો તેઓ આન્તર આનંદની ખાતર કલાકો સુધી વાસ્તવિક રમતો રમ્યા જ કરવાનાં છે; રમ્યા કરે છે.

આરોપિત અર્થ મૂકી રમતમાં વિશેષ રસ લાવવાના આપણા પ્રયત્ન પાછળ એ વિચાર છે કે મરચાંમશાલા વગરનાં શાકદાળ બાળકને કેવી રીતે ભાવશે? અથવા પાચક ક્ષુધા ઉત્તેજક એવી થોડીએક દવા લીધા વગર બાળકને બરાબર ભૂખ કયાંથી લાગશે, ને શી રીતે પચશે? આ માન્યતા ભૂલભરેલી છે. બાળકના સાદા અને નહિ બગડેલા સ્વાદને જાણ્યો નથી તેથી તેને આપણે મશાલાનો સ્વાદ પરાણે આપીએ છીએ; તે જ પ્રમાણે બાળકોનો વાસ્તવિક રમતોનો આનંદ આપણે અનુભવ્યો નથી, તેથી આપણે તેમાં તરંગોનો મશાલો ભેળવવા માગીએ છીએ. પરંતુ તેમ કર-

વાથી હિલચાલ કે કામકાજ માટેની સ્વાભાવિક રુચિ મટી જાય છે; ને પછીથી બાળકને આરોપિત અર્થ ને એવું એવું રમતોમાં વણીને રમાડનાર શિક્ષક કે મોટાંઓની હાજરીની જરૂર પડવા લાગે છે. આમ બાળકની શુદ્ધ રુચિ બગડે છે.

બીજું નુકસાન એ છે કે ઉત્તેજનને લીધે સાધારણ રીતે બાળકના શરીરને કે મનને જેટલું લેવાની જરૂર હોય છે તેથી વધારે તે લે છે, ને પરિણામે વિકાસને બદલે રોગ ઉત્પન્ન થવાનો સંભવ છે. દાખલા તરીકે સામાન્ય સ્થિતિમાં એક બાળક પોતાના પગની શક્તિના પ્રમાણમાં દસ ફૂદકા મારીને કે પંદર મિનિટ દોડીને બેસી જાય છે; જ્યારે આરોપિત અર્થથી કે મોટાંઓના કહેવાથી ઉત્તેજિત થઇ પચ્ચાસ ફૂદકા મારે કે કલાક સુધી દોડે તો તેના પગના સ્નાયુઓને કસરત મળવાને બદલે તે ઉલટા ઢીલા પડશે. મચ્છાલા વગેરે તીખા તમતમતા પદાર્થો નાખી બનાવેલી વાનીઓ આપણે ભોજનમાં વધારે લઇએ છીએ, પરંતુ તેથી પુષ્ટિ મળવાને બદલે પાચનશક્તિમાં મંદતા જ આવે છે.

સારાંશ તરંગી રમતો સામે અમુક હદ સુધી વાંધો લેવા જેવું નથી. રમતની શરૂઆત તરંગથી

કહ્યાંય થાય, પણ પાછળથી તરંગ બાજુએ રહી જાય અને વાસ્તવિક રમત પ્રધાનપદ ભોગવે ત્યાં વિશેષ વાંધો ન લઈએ. વળી બાળકો પોતામાં રહેલી સહજ નાટ્યવૃત્તિને લીધે જ્યાં જ્યાં તેઓ અમુક ભૂમિકા ભજવવા ખાતર તરંગી રમતો શોધી કાઢે છે; ત્યાં પણ તેની સામે વાંધો ન હોય. બાળકો જ્યાં જ્યાં પોતાની અતૃપ્ત વૃત્તિઓને રમતો દ્વારા તૃપ્તિ આપે છે ત્યાં ત્યાં એની શક્તિ તો વાસ્તવિકતામાં તૃપ્તિ આપવી એટલે કે બીજી રીતે વાસ્તવિક જીવન વધારે આપવું કે જેથી વિરોધો નીકળી જઈ સમન્વય ઉભો થાય.

પરંતુ આ બધી જાતની રમતોમાં શિક્ષકોએ કે માબાપોએ ઉત્તેજન આપવાની કે પાસ ભલામણ કરવાની જરાયે જરૂર નથી.

વળી તરંગી રમતો દ્વારા કલ્પનાશક્તિ ખીલે છે એ વિચાર ભૂલભર્યો છે. કલ્પનાશક્તિનો વિકાસ તો બુદ્ધિના વિકાસ સાથે થઈ શકે છે; તરંગો તો ઉલટા એ વિકાસને આડે આવનારાં તત્ત્વો છે.

વળી અતૃપ્ત ઇચ્છાઓને તૃપ્ત કરનારી તરંગી રમતો ઉત્તેજવાથી નૈતિક હાનિ પણ થાય છે. એક તો પોતાના વિરોધો, વાંધાઓ કે અતૃપ્તિને પોષવાની આમાંથી ટેવ પડે છે; અર્થાત્ એવી

વસ્તુઓને તરંગી રમતો દ્વારા ઉછેરવાનું મળી જાય છે. કેટલાએક માણસો એવા હોય છે કે જેઓ અમુક વખતે કોઇએ તેમને નુકસાન કર્યું હોય કે એવું કશું કર્યું હોય તો તે તેઓ કદી ભૂલતા જ નથી. આવી વૃત્તિ બાલ્યાવસ્થામાં માબાપ વઢ્યાં હોય કે કોઇએ કાંઇ લઇ લીધું હોય ને તે સામે ન થવાયું હોય, તો તેમાંથી આવે છે. આમાંથી જ વેર લેવાની કે બીજાનું બગાડવાની વૃત્તિ જાગે છે. બીજું સાધારણતઃ બાળકની વૃત્તિ ભૂલી જવાની છે; તેને બદલે આવી રમતો ઉત્તેજવાથી વૈરવૃત્તિ જાગે છે અને પોષાય છે. ત્રીજું એમ છે કે અમુક વસ્તુ આપણી પાસે નથી તો હવે કંઇ નહિ એમ કરી બાળક તેનો વિચાર છોડી દઇ બીજી રમતે ચડે છે, અથવા 'નથી' એ વાતનો સ્વીકાર કરી લે છે ને તે હિંમતથી સહન પણ કરી લે છે; એને બદલે જો 'છે' એમ કલ્પનામાં માનીને તૃપ્ત થવાને રસ્તે ચડે, અથવા 'નથી' એવી અતૃપ્તિને પોષીને સતત દુઃખી થવાનો રસ્તો લે, તો આગળ જતાં તેનું જીવન અત્યન્ત દુઃખી ને નામરદાઇવાળું બની જવાનો સંભવ રહે છે.

તરંગી રમતો વિષે ટૂંકમાં આટલું કહી શકીએ.

નવા આચારો

ગિજુ ભાઇ

ઘરમાં કેટલાએક આચારો

આપણું ઘર એક સંસ્થા અને સ્થાનક છે. હરેક સંસ્થા અને સ્થાનકને પોતાના આચારો હોય છે. આ આચારો તેમના જીવનધર્મમાં પ્રથમ પગથિયા રૂપે છે. અથવા તો આવા આચારો આપણા વિચારો માટેની એક પૂર્વતૈયારી રૂપ છે. યુગે યુગે આચારના વિધિનિષેધો બદલાય છે ને બદલાવા જોઇએ. આચારની વિચારપૂર્વકની ફેરવણી વિચારને જીવન્ત રહેવા દે છે; જ્યારે આચારનો જડ કિલ્લો થઇ જાય છે એટલે વિચારો નિર્જીવ (ફોસીલ) થઇ જાય છે. આપણાં આજનાં ઘરોમાં જે થોડાએક નવા આચારો લાવવા જોઇએ તે ગણાવીએ. આ નવા આચારો આપણે તો આચરવાના છે જ, પરંતુ તેમને ખાસ કરીને તો નવી પેઢી માટે દાખલ કરવાના છે. નવી પેઢીમાં એ આચારો ઉતરશે એટલે તે તેની જરૂર હશે ત્યાં સુધી પરંપરાથી આગળ ચાલશે.

૧

કચરાની ટોપલી

કચરાની ટોપલી. દરેક ઘરમાં એક કચરાની ટોપલી રાખવી. દરેક જણે કચરો ટોપલીમાં જ નાખવો. પિતા ટેબલ પર બેઠા બેઠા નકામા કાગળ ફાડી ઘરમાં કે બહાર જ્યાં ત્યાં ફેંકે નહિ. બા શાક સુધારી કચરાને જ્યાં ત્યાં બહાર નાખી ન દે. બધો કચરો ટોપલીમાં જ નાખે. સૌને કહી દેવું કે આમાં કચરો નાખવો. કોઇ નાખવું ભૂલી જાય તો તેને યાદ આપવું; કોઇ ન જ નાખે તો. કચરો પાડવાનો કે એવું કામ કે જેમાં કચરો પડે. તે કરવાનો તેનો અધિકાર જાય. કોઇની પાસે વખતે દબતાથી પણ કચરો નખાવવો પડે.

૨

ફળિયામાં ડબો

ફળિયામાં ડબો. આપણે ઘર સાફ કરી ફળિયામાં કચરો જ્યાં ત્યાં નાખીએ છીએ. દાતણ કરીને ચીરો જ્યાં ત્યાં ફેંકીએ છીએ. કેળાં ખાઇને છાલ ફગાવી દઇએ છીએ. ઘરમાં ન રાખવું હોય એવું કંઇ કંઇ રખડતું હોય છે. આ

માટે એક ડબ્બો રાખી એ ડબ્બામાં બધું પડે તે માટે સૌ બાળકોને સૂચના મળે. તેનો અમલ થાય છે કે નહિ તે ઘરનો વડો જુએ. ભૂલ કરનાર પાસે ફરી ફરી તેનો અમલ કરાવે.

આ બે આચારો પાળવાથી ઘરની અને ફળિયાની સ્વચ્છતા અને સુંદરતા રહેશે.

૩

કચરો બાળવો

દર અઠવાડિયે બાળવું. બની શકે તો રોજ આપણી આસપાસનો જે કચરો મ્યુનિસિપાલિટીની ગાડીમાં ન જતો હોય કે જવાનો રહી જાય, તેને એક ખાડો કરી તેમાં બાળીએ. શહેરોમાં બાળવાની જગા ન હોય ને નાખી દેવાની જગા ન હોય, તો સઘળું ચૂલામાં બાળી દેવું જરૂરનું છે. બાળકોને તે કામમાં પલોટીએ. તેમને આસપાસથી બાળી દેવા જેવું ભેગું કરવાનું કહેવું; તેઓ તે ઉત્સાહથી કરશે. પછી ભેગું કરેલાની હોળી કરવી એ એક ગમ્મત થશે. બાળકોને વાતવાતમાં કહી દેવું કે આ કચરો પડ્યો રહે તો નકામો જગા રોકે, ગંદકી કરે, સડે એટલે મચ્છર અને જીવાત કરે, માખીઓ કરે ને રોગ ફેલાય. સાફ

જગા કેવી સાફ ને વળી સુન્દર દેખાય છે તે તરફ ધ્યાન ખેંચવું. આ સ્વયં સુધરાઇ આપણાં બાળકો હાથ ધરશે તો સુધરાઇ ખાતાની ઘણી મુશ્કેલીઓમાં મદદ મળશે, ને ચેપી રોગો ફેલાતા અટકશે.

૪

હાથ મ્હેં સ્વચ્છ

વાળ ઓળેલા ને હાથ મ્હેં સ્વચ્છ. ઘર બહાર સ્વચ્છ થયું; હવે સ્વચ્છ શરીર જોઇએ. એવો રિવાજ દાખલ કરવો કે વાળ ઓળે અથવા કાપે; ઓળે નહિ તે કપાવી નાખે—પછી તે છોકરો હોય કે છોકરી હોય. અને વાળ ઓળવાનું આવ્યું એટલે હાથ મ્હેં સ્વચ્છ રહેવાનાં જ. અત્યારે ઘણે ઠેકાણે એવો રિવાજ તો છે જ કે સ્વચ્છ હાથ મ્હેં ને માથું હોય તો બહાર જવાય. પણ એકલી બહિર સ્વચ્છતા ઢોળમાત્ર થાય; બીજાને માટે થાય. બરી વાત પોતાના આનંદ અને અંગત સુખ માટે હોય. માટે ઘરમાં સ્વચ્છ હાથ મ્હેં વાળ રાખીને જ ફરવાની આદત જોઇએ. આ સ્વચ્છતાની આદત અને વરણાગિયાપણામાં કયાં તફાવત છે તે આપણે જાણીએ જ છીએ; અને તેથી

તે બાળકોમાં નહિ આવે. આપણો દેશ હાથે પગે ને મ્હોં માથે હજી એટલો બધો ગંદો છે કે આ રિવાજ ન પાળે તે આચારધર્મી નથી એવો વિચાર ફેલાવવો જોઇએ.

૫

વ્યવસ્થા

આજનાં ઘરોં એટલે મોટે ભાગે અવ્યવસ્થા. દીવાસળીનું બાકસ ભાગ્યે જ હાથવગું હોય; જ્યારે જોઇએ ત્યારે તેની ગોતગોત ! એમ જ સૂડીનું. એ જ પ્રમાણે રસોડાની કેટલીએક ચીજોનું. વળી ઘરમાં અમુક જગાએ અમુક વસ્તુઓ માટે અને અમુક વસ્તુઓ અમુક જગાએ એવો નિયમ પણ નથી હોતો. આથી ગમે તે વસ્તુ ગમે ત્યાં મૂકાય છે; ત્યાંથી તેને ફરી જતાં વાર લાગતી નથી. પછી દરેક વસ્તુ ગમે ત્યાં ગોતાયા કરે છે. જેઓએ આ બાબત પોતાનાં ઘરોમાં કાળજી લીધી છે તેઓ કહી શકશે કે અવ્યવસ્થા કેટલી બધી નાહકની તકલીફ આપે છે, ને વ્યવસ્થાથી આપણને કેટલી સગવડ અને શાંતિ મળે છે. અવ્યવસ્થિત ઘરમાં બાળક અવ્યવસ્થિત થાય છે ને વ્યવસ્થિતમાં વ્યવસ્થિત થાય છે. આ માટે આપણે બાળકને નાન-

પણથી જ કેટલાએક વ્યવસ્થાના નિયમોમાં ટેવીએ, એટલે કે ઘરમાં વ્યવસ્થા વસાવીએ અને બાળકોને તેમાં રહેવા અને વર્તવા દઇએ. તો બાળકો વ્યવસ્થા-પ્રિય થશે. આ માટે લૂગડાં રાખવાની જગાઓ, કામ કરવાની જગાઓ, કોઇને મળવાની જગાઓ નક્કી કરવી. ઘર ગમે તેટલું નાનું હોય તો પણ આ જાતની સમજણથી વ્યવસ્થા રાખી શકાય છે. નાના ઘરમાં કે મોટા ઘરમાં ચોકના લીંટા માત્ર કરવાથી ચોરડાઓ બનાવીને તેની સગવડ મેળવી શકાય છે. લીંટા પાડીને જગાઓ ગોઠવવી; ઘરની જુદી જુદી વસ્તુઓ કયાં રાખવી તે નક્કી કરવું; ત્યાં જરૂર પડે તો ચિઠ્ઠીઓ લગાડી રાખવી— જેમ કે 'ઘડિયાળ' 'ટુવાલ' 'સૂડી' 'છરી' 'છાપાંઓ' વગેરે. બાળકોને તે સ્થૂળ નિશ્ચય બહુ જ ગમશે. તેઓ મોટા ઘરમાં જ્યાં ત્યાં વસ્તુઓ રખડતી હોય છે ત્યાં મૂંઝાય છે. આપણે ઝટ ગોતી લઇએ છીએ પણ તેમને તો તે એક મહાન આપત્તિ થઇ પડે છે. બચપણ આવી બાબતોમાં નિશ્ચિતતા, સ્થિરતા માગે છે. આપણને કદાચ કેટલીએક વ્યવસ્થા વિના ચાલતું હોય છતાં બાળકની દૃષ્ટિએ ને તેમની ખાતર પણ તે રાખવાની જરૂર હોય છે.

૬

શાંતિ

આજે આપણાં ઘરો ઘોંઘાટનાં કારખાનાં જેવાં છે. લગભગ બધાં માણસો તાણીને બોલે છે. કોઇ એરૂં છે તેથી નહિ, પણ એવી ટેવ જ પડી ગઇ છે. બે જણાં વાતો કરતાં હોય છે છતાં દૂર દૂર સંભળાય તેમ, જાણે દસ જણાં વાતો કરતાં હોય તેટલો અવાજ કાઢીને બોલે છે. આથી આખું વાતાવરણ ગડબડવાળું બને છે. કોઇને આ વાતાવરણમાં શાંતિથી વાંચવા વિચારવાનું આકરૂં પડે છે. તેમાં મોટાં કે નાનાં હરકોઇને આવા ઘોઘાટમાં સ્વસ્થ નિદ્રા નથી આવતી. કદાચ શ્રમને લીધે નિદ્રા આવે છે, તો પણ ઘોંઘાટની અસર મગજ પર તો થયા જ કરે છે. વળી તાણીને વાતો કરનારાંઓ સૌથી પોતે વહેલાં થાકે છે. તેમનો પ્રાણ નિરર્થક ખર્ચાય છે, તેમના જ્ઞાન-તંતુઓ (nerves) કમતાકાત થાય છે, માથું આખરે તપી જાય છે, તે એકાગ્ર વધારે પ્રમાણમાં થવાતું નથી. બાળકોને તો આવા વાતાવરણમાં એક પ્રકારની ઉશ્કેરણી (excitement) આવે છે. તેઓ કામકાજમાં અસમતોલ બને છે, તેઓના જ્ઞાન-

તંતુઓ કોમળ હોવાથી એકદમ હલી જાય છે, ને અધિક પ્રમાણમાં કામ કરી પાછળથી ઢીલા-છેક નબળા પડી જાય છે. ઘોંઘાટવાળા વાતાવરણમાં બાળકો કેવાં અશાંત અને તાણવાળાં હોય છે તે જોવાથી માલૂમ પડે છે. આ આપણાં ઘરોનો સ્વભાવ શહેરમાં જ્યાં જુઓ ત્યાં દેખાશે. આપણી બજારો, રેલ્વે ગાડીઓ, ધર્મશાળાઓ, નાતની જમવાની જગ્યાઓ અને મંદિરો સુદ્ધાં બધાં સ્થળોમાં પુષ્કળ ઘોંઘાટ નજરે પડે છે. આ આપણી કુટેવ છે. આપણી આ એમને માટે બીજા દેશના શાંતિપ્રિય લોકો આગળ શરમાવું પડે તેમ છે. આપણી શક્તિનો હ્રાસ કરનારી આ ટેવને નામૂદ કરવાને નવી પેઢીઓમાં આપણે એક નવો જ આચાર દાખલ કરવો પડશે, અને તે હળવેથી બોલવાનો. દરેક માણસ હળવેથી બોલે; તે માટે તે ખાસ કાળજી રાખે. શરૂઆતમાં કૃત્રિમતા લાગશે, કાવશે નહિ, પરંતુ થોડા જ વખતમાં ઘરનું વાતાવરણ શાંતિથી સુખદ થઇ પડશે; આપણા જીવનો તાઢક વળશે. નવા આવનારને બોધક અને શ્રેયદાયક થશે. બાળકોને તો એક અમૂલ્ય પોષણ મળશે. આ બાબતમાં ઘરનાં માણસોએ અને ખાસ કરીને જવાબદાર મોટાં માણસોએ કાળજી રાખવી પડશે.

૭

ઘાંટા ન પાડવા

ખાસ પ્રયોજન વિના દૂરથી ન જ બોલાવાય. ગરબડને વધારનાર તેમ જ અવ્યવસ્થા ઉત્પન્ન કરનાર એક બીજી ટેવ તે એકબીજાને દૂરથી બોલાવવાની કે વાતો કરવાની છે. એક માણસ દૂરથી બીજા સાથે વાતો કરવા માંડે છે; પહેલા માણસ પાસે બીજાં વાતો કરનારાં કે પૂછનારાંઓ હોય છે; તેઓ એક તરફથી પૂછપૂછ કરે છે, બીજી તરફથી વાત ચલાવે છે. આ કામ પહેલા માણસને આકરું પડે છે; આસપાસનાં માણસો કંટાળે છે; બીજા માણસને સંતોષ થતો નથી. માટે માણસોએ કામ પડે ત્યારે ઝટ ઉઠીને પાસે જવું ને વાત કરી લેવી, સિવાય કે વાત કરનારાઓ ઘણે દૂર હોય અને આસપાસ બીજાંઓ ન હોય. બાળકોને મોટાંઓની આ ટેવને લીધે ઘણી માઠી અસર થાય છે. તેઓ દૂર ઉભાં ઉભાં "એ બા, આનું શું ?" "એ બા, આમ કરું ?" એમ કર્યા કરે છે. બા કે બાપા કામમાં હોય છે; તેઓ વાતમાં કે લખવામાં હોય છે. જવાબ દેતાં વાર લાગે છે કે તુરત બાળક બીજી વાર બોલાવે છે. બાળક વધારે

ને વધારે અધીરું થઇ બોલાવ બોલાવ કરે છે. આથી બીજાંઓને વિક્ષેપ થાય છે. બાળકોને તો ખાસ કરીને આ આચાર આપી દેવાનો કે "જુઓ ભાઇઓ, વાત કરવી હોય તો પાસે જઇને વાત કરો. દૂરથી નહિ." તેઓ એકબીજાં પણ પાસે જઇને જ વાત કરે. વાત કરવાની ખરી જરૂર હોય તો તેટલી મહેનત અને ધીરજ કેળવશે, અગર વાત નકામી હશે તો તેઓ વાત જ કરવાનું છોડી દેશે. એમ જ આપણી સાથેની વાતચીત પરત્વે પણ બનશે. પરંતુ કયારે દૂરથી બોલવું તેના યોગ્ય પ્રસંગો આપણે જ બતાવીએ એટલે ધીમે ધીમે બોલવાના પ્રસંગો તેમના ધ્યાનમાં આવી જશે.

૮

ટકોરા મારવા

ટકોરા મારવા. બારણાં બંધ હોય ને કોઇના ઘરમાં જવું હોય તો અંગ્રેજ લોકોમાં એવો રિવાજ છે કે બારણા પર ટકોરા મારે. અંદરથી જરૂર બૂમ આવે કે: "અંદર આવો." એટલે અંદર જવાય. આફ્રિકાના સ્વાહીલી જાતના જંગલી લોકોમાં પણ અંદર જતાં પહેલાં 'હોડી' કહેવું પડે છે, ને અંદરથી ઉત્તર આવે 'કરીબુ' ત્યારે

અંદર જવાય છે. આપણે ત્યાં "કોઇ છે કે?" એમ કોઇ કોઈ ઠેકાણે ખૂબ મારી ઘરમાં જવાનો રિવાજ છે. ઘરમાં વહુવારૂઓ હોય અને મોટાઓને ઘરમાં જવું હોય તો 'ખોંખારો' ખાવામાં આવે છે. આ બે ન હોય ત્યાં ઝડપ દઈને અંદર પેસવામાં આવે છે. આપણે બંધબારણે કે હમેશ ખુલ્લે બારણે કામ કરતા નથી, તેથી બે રિવાજ રાખવા પડેઃ બારણાં બંધ હોય ત્યારે ટકોરા મારવાનો અને ખુલ્લાં હોય ત્યારે "કોઇ છે કે?" અગર ઠીક લાગે તેવો શબ્દ કે વાકય વાપરવાનો. પરંતુ આપણે ત્યાં આ આચાર વધારે કાળજીથી કેળવવો તો જોઇશે જ. જૂનો આચાર પડી ગયો છે; નવાના અભાવે લોકો ઝટ દઈને કામ કરતા હોઇએ કે બેઠા હોઇએ ત્યાં આવીને માથા પર ઝઝૂમે છે. આપણી ટેવ બાળકો તો લઇ જ લે. તેઓ ગમે ત્યાં વગર પૂછયે ઘૂસે છે. તેઓ કયાંઇ ન જાય એમ કહેવાનું નથી, પરંતુ કયાંઇ અંદર જવું હોય ત્યારે પૂછીને, ટકોરા મારીને જાય તેમ બતાવવું જોઇએ. ઘણી વાર જોવામાં આવ્યું છે કે જયારે બારણાં બંધ હોય છે ત્યારે બાળકો અને કેટલીએક વાર તો મોટાંઓ બારણાં ઢબઢબાવે છે, ધડધડ અવાજ કરી મૂકે છે. તરત જ ઉભા થઇ

બાળકને આપણે બતાવવું કે અંદર આવવું હોય તો શું કરવું. બાળકને આપણે ઘણું બતાવીએ છીએ; જેમ કે પાયખાને જવું હોય તો આ રસ્તો, થાળી જોઇતી હોય તો પણેથી, એમ જ ઘરમાં બંધ બારણાં હોય તો આ રીતે અવાય, તે આસ્તેથી બતાવવું. બાળકોને આવું આવું રમત રૂપે પણ ગમે છે. ટકોરામાં કેટલો બધો ચમત્કાર છે તેની ગમ્મત આવે છે. ટકોરાનો તુરત જ જવાબ મળે છે ત્યારે વ્યવસ્થાના આ નિયમથી પોતે પણ સંતોષ પામે છે. ઘરમાં પણ બાળકો જ્યારે બારણાં બંધ હોય ત્યારે તો ટકોરા મારીને જ બારણું ખોલાવે. તેઓ એકબીજાની ઓરડીમાં જવા માગતાં હોય તો ટકોરા મારીને જાય. બંધ રસોડામાં જવા માગતાં હોય તો ટકોરા મારીને જાય. આપણે મોટાંઓએ તેમ વર્તીને બતાવવાનું છે. "એ ઉઘાડો." "અંદર કોણ છે?" "ઉઘાડો છો?" એવા હોકારા આપણે કરતાં અટકી જઈશું એટલે બાળકો પણ અટકશે. બાળકોએ એક વાર આચાર પકડ્યો એટલે તો તે તેમને ગમી જશે.

૯

પગલૂછણું

પગ લૂછીને કે ધોઇને ઘરમાં આવવું. જૂતો

આચારે પગ ધોઇને આવવાનો છે. આ આચાર ખૂબ સુંદર છે. બહારથી આવનારના પગે ચોંટી કોઇ પણ જાતનો કચરો કે જંતુઓ ઘરમાં ન જાય તે આવશ્યક છે. પરંતુ શિયાળાની ઠંડીમાં પગ ધોતાં ટાઢ વાય; બાળકોને ત્રાસ થાય. માટે તે રિવાજની સાથે અને ઉક્ત ઠંડીના કે એવા સમયે તેને બદલે પગ લૂછીને ઘરમાં આવવાનો રિવાજ દાખલ કરવો. સાથે જ ઘરના બારણા પાસે પગલૂછણું વસાવવું. તે ઉપર પગ ઘસીને સૌ આવે. પગ ભીના હોય, ડાંધાવાળા હોય કે કોરા હોય, ગારાવાળા હોય કે જોડામાંથી કાઢેલા હોય, પણ પગલૂછણા પર ઘસાઇને જ આવે એવી ધાટી પડી જવી જોઇએ. ચોમાસામાં તો ખાસ કરીને આવા લૂછણાંની સર્વત્ર જરૂર છે. બહારથી ભીના કે ગારાવાળા પગ લઇને કોઇના ઘરમાં જવું ગંદુ અને ગંદકી વધારનારૂં છે. બાળકો તો આ બાબતમાં હજી સુધી અજાણ હોઇ સાવ બેદરકાર રહે છે. તેમને પગે ઘણું ઘણું ચોટેલું ઘરમાં આવે છે. આપણે ઘરના બારણા પાસે પગલૂછણું રાખીએ; પોતે તે પર પગ ઘસીએ, ને બાળકને તે પર ઘસવાનું બતાવીએ. પગલૂછણું વારંવાર બંખેરીને એને તડકામાં નાખીને સ્વચ્છ રાખીએ.

૧૦

બારીબારણાંનો ઓછો ઘોંઘાટ

બારી બારણાં બંધ કરવાં ઉઘાડવાં. આપણે જોઈશું તો જણાશે કે આપણે સહુ ઘરનાં બારી-બારણાં, કપાટનાં બારણાં, દ્રંકના ઢાંકણાં બધું ધડધડ ઉઘાડીએ અને ધડધડ બંધ કરીએ છીએ. એમ કરવાનું શું કારણ છે? આપણામાં એની ચીડ જ નથી; આપણા કાનને એ કર્કશ લાગતું જ નથી; એવી આપણને ખૂરી આદત પડી ગઈ છે. એટલા આપણે સંસ્કારી નથી. આ કુટેવ થોડા જ વખ-તમાં સુધારી શકીએ તેમ છીએ. આપણે જાતે થોડીએક કાળજી લઈએ, અને બાળકોને તેમ કરવા બતાવીએ એટલે એક પ્રકારની વ્યવસ્થા આવશે. બાળકોને કહીએ: "જુઓ, આમ બારણાં બંધ થાય છે. આમ બંધ કરવું કેવું ગમે એવું છે? આમ બંધ કરીએ કે ઉઘાડીએ છીએ ત્યારે કેટલો બધો ઘોંઘાટ થાય છે? આમ કરતાં કેટલો ઓછો ઘોંઘાટ થાય છે?"

૧૧

રજા વિના કોઈની ચીજ ન લેવી.

આ બાબતમાં આપણે વધારે મહેનત લેવી

પડશે. આપણને કોઇની ચીજ વગર રજાએ ઉપાડીને જોવામાં, તેનો ઉપયોગ કરવામાં, તેને ઉપાડીને ફેરવવામાં, તેને પોતાની પાસે થોડો વખત રાખવામાં, તેને પાછી લીધી ત્યાં ન મૂકવામાં કશી શરમ જ આવતી નથી! એ બદઆદત આપણને કેવળ સ્વાભાવિક થઇ પડી છે. જેની ચીજ લઇએ છીએ તેને ગોતવી પડે છે; તેની વ્યવસ્થા વીંખાઇ જાય છે; તેનો સમય અને પ્રાણ ખર્ચાય છે. જે લેનાર તો નકટો જ રહે છે. "લ્યો! એ તો આ રહી; મેં લીધી હતી." અત્યારે તો એવું છે કે લેનારને કંઇ કહીએ તો ઉલટું સામેથી તે કહે છે: "તમે કેટલા અનુદાર છો? કેટલા એકલપેટા છો? કેટલા લોભી છો? કેટલા sensitive છો? એમાં શું થઇ ગયું?" પણ આવો જવાબ બદઆદતને લીધે છે, વધી ગયેલી બેશરમીને લીધે છે. બીજાઓની ચીજો આપણે આ રીતે લેતાં અટકીએ, અને આની સામે સુટેવ બંધાઇ જાય ત્યાં સુધી ઘરમાં પણ આપણે એકબીજાંની ચીજ પૂછીને જ લઇએ. બેશક, જે ચીજો સૌને વગર પૂછ્યે લેવાની હોય ત્યાં કોઇને પૂછવાની જરૂર નથી. જ્યાં ચીજો ભેળી રાખી હોય અને લેવાની સંમતિ હોય ત્યાં કોઇને પૂછવાની જરૂર નથી. જ્યાં એક-

બીજાંની ચીજો લેવાયા છતાં કોઈને માઠું લાગતું નથી અગર અગવડ ઉત્પન્ન થતી નથી ને પાછી તો મૂકી જ દેવાની હોય છે, ત્યાં પણ આમ વર્તવાનું નથી. પરંતુ જ્યાં ચીજો એકબીજાં જુદી રાખે છે ને વગર રજાએ ન જ લેવી એમ ધર્યું છે, ત્યાં તો વગર રજાએ ન જ લેવાય. બાળકોમાં આ બાબતમાં ઘણી વાર કુટેવો પડે છે. બાળકોને આપણે આપણા જ વર્તનથી અંદર અંદર એ પ્રમાણે વર્તવાનો નિયમ આપીને એકબીજાંની ચીજો પ્રત્યે માન ઉપજાવીએ. સંસ્કારી કુટુંબોમાં આવી કુટેવવાળો માણસ હાંસીપાત્ર અને ઘૃણાપાત્ર બને છે. આપણને કે બાળકને ચીજો જોવાનું મન થાય છે; એ જોવી એમાં હરકત ન હોય તો જરૂર જોવી. આપણી ચીજોનો બીજાંઓને ખપ હોય તો લે અગર જોઈને ખુશી થાય. માત્ર એટલું જ થવું જોઈએ કે આપણે પહેલેથી જરા પૂછી લઈએ; બાળકમાં પણ તેટલું પાળવાની સમજણ અને આચાર જગાડીએ.

૧૨

રજા વિના કોઈના કાગળ વાંચવા નહિ.

રજા વિના કોઈના કાગળ વાંચવા નહિ; પત્રો વાંચવા નહિ; કોઈ લખતું હોય તો જોવું

ઘાલીને જોવું નહિ. આપણી ટેવો આથી ઉલટી છે. માત્ર જિજ્ઞાસાથી જે તે જોયા કરવું તે સુધરૂ નથી. એ એક જાતની માનસિક માંદગી છે. ઘણી વાર આપણને કાગળોમાં હિત હોય છે; તેવું હિત હોય ત્યારે આપણને વાંચવાની જિજ્ઞાસા થાય તે ઠીક છે; આપણે વાંચવાને તલપાપડ થઈ રહીએ તે પણ સમજાય તેમ છે. પણ જરાક રજા લઈને વાંચીએ કે જોઈએ તો જ સારૂં. આપણને હિત ન હોય છતાં જે તે જાણવું એ કેવળ ભાર છે; એટલું જ નહિ પણ ઘણી વાર એવું જ્ઞાન આપણને જ પીડા રૂપ થાય છે. જો આપણે રજા લેવા જઈશું તો આપણને નકાર મળશે એવી ખાતરી હોય તો તો જરૂર છાની રીતે ન જ વંચાય: એમાં નીતિદોષ છે. પોતાને લગતા હોય તેવા કાગળો વાંચી શકાય એમ કહેવાની જરૂર જ નથી. પોતાના અતિ આત્મીયનાં લખાણો કે કાગળો વાંચવા માટે રજા લેવી અગર વિવેક વાપરવો એમાં આત્મીયતાની ન્યૂનતા છે; એવો વિવેક કૃત્રિમતા માત્ર છે; અગર એવો વિવેક સભ્યતાની અતિશયતા કે જડતા છે. જેમની વચ્ચે કશું ખાનગી હોઈ જ ન શકે એવાં સંબંધીઓ વચ્ચે આ આચાર કેળવવાની કશી જ આવશ્યકતા નથી. છતાં આપણે

ઘર બહાર સમાજમાં જઈને ઉભા રહીએ ત્યારે આપણે સૌના હક્કો સાચવીએ જ. એમ જ આપણે બાળકો સામે કરી બતાવશું તો જ તેઓ જાણશે, ને જાણ્યા પછી શીખશે. આપણા દેશની આ ખામી માટે આ નવા આચાર ઉપર ખૂબ ભાર મૂકવો આવશ્યક છે.

૧૩

બત્તી કહીને ઉપાડાય

બત્તી ઉપાડવી. જ્યાં વીજળીની બત્તીઓ હોય છે અગર જ્યાં શ્રીમંતોનાં ઘરોમાં ઠામ ઠામ બત્તીની વ્યવસ્થા હોય છે ત્યાં મુશ્કેલી નથી જણાતી. મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગમાં જોવામાં આવે છે કે ઘરમાં એકાદ બે બત્તીઓ હોય છે, ને તેનાથી બધો વ્યવહાર ચલાવવાનો હોય છે. ત્રણ જણ કામ કરતાં હોય છે ને બીજો જણ ધડ દઈને બત્તી ઉપાડે છે. બીજાને કારણ છે, ને અગત્યનું એવું બત્તીનું કામ છે; પરંતુ તેથી તેણે બત્તી એકાએક ન લેવી ઘટે. પેલી બત્તી પાસે બેસીને કામ કરનારને એકાએક અંધારૂં થતાં અટકી જવું પડે છે. મોટાંઓ આ ભૂલ પ્રથમ કરે છે. મોટાંઓ એટલે અધિકારી. તેમને તો પૂછવાનું ન જ હોય! તેઓ

નાનાંઓની રજા શા માટે લે ? પણ થોડા જ વખતમાં નાનાંઓ અંદર અંદર મોટાંઓને વર્તતાં જોઈતે પ્રમાણે આચરે છે. ખરૂં તો જે માણસ બત્તી પાસે બેસી કામ કરતો હોય તેની રજા લીધા પછી જ તે ઉપાડાય. જેમ રજા લેવાનું બતાવીએ, તેમ જ રજા તુરત આપવાનું પણ બતાવીએ. ખરી રીતે અહીં રજા આપવા-લેવાનો વિવેક નથી પણ અગાઉથી ખબર આપી બત્તી લેવાની છે. ઘરમાં એકાદ બે બત્તી હોય તો તે વારંવાર લેવી તો પડે જ; અને જોઇએ ત્યારે મળે નહિ અથવા એકાએક અંધારથી ઉપડે, આ બન્ને સ્થિતિ ખરાબ છે. માટે લેનાર કહે કે " જરા બત્તી લઉં છું; હમણાં લાવું છું. "

૧૪
નિશ્ચિત સમયો

આપણે ઘરના કામકાજને વ્યવસ્થિત કરવું હોય તો ઘરની કેટલીએક પ્રવૃત્તિઓના સમયો નિશ્ચિત કરવા પડશે. આ સમયો ખાસ એવા જોઇએ કે જે નિશ્ચિત ન રહે તો ગોટાળો થાય. દાખલા તરીકે જમવાના સમયો. દરેક જણ ગમે ત્યારે જમવાનું માગે–એક આઠ વાગે, એક નવ વાગે, એક અગિયાર વાગે, એક ત્રણ વાગે–તો

રાંધનાર અને રસોડાની સાથે જોડાયેલાં સઘળાંઓ ત્રાસી જાય. તેઓને એકના એક કામમાં ગૂંચવાઈ રહેવું પડે, અને બીજે કયાંઈ જઈ આવી શકે કે નિશ્ચિત કામ કરી શકે નહિ. માટે જમવાના સમયો ઘરની અને ઘરનાં જુદાં જુદાં માણસોની વધારેમાં વધારે સગવડ સચવાય તેમ નક્કી જ કરવા. એમાં અપવાદ થાય તે ભલે; ઋતુ પ્રમાણે સમયો ફરે તે જુદી વાત. બાળકોને આપણું સમયપત્રક લાગુ ન કરીએ; પરંતુ ટૂંકે ટૂંકે અંતરે બાળકોને ખોરાક મળે તેવી ગોઠવણ ભલે કરીએ; છતાં તેમાં પણ સમયની નિશ્ચિતતા તો જોઈએ જ. આમાં પણ અપવાદને અવકાશ છે. ઘરનાં મોટાંઓ ગણાતાં હોય અગર કમાતલ અંગ હોય તેમને જ અનુકૂળ સમયપત્રક એમ નહિ, પરંતુ સૌને અનુકૂળ જોઈએ. આપણા ખાવાના સમયો થોડા અને લાંબા અંતરના હોય તો તે બાળકોને લાગુ ન જ પડે.

૧૫

રૂમાલ દુર્વાલેની વપરાશ

આપણે જોઈએ છીએ કે મોટી ઉંમરનાં લોકો પણ પોતાના હાથ ધોતિયાથી કે સાડલાથી ઝડ કરતાંને લૂછી નાખે છે. તેઓ પોતાનું નાક

ખંખેરી હાથ જ્યાં ત્યાં ભૂંસે છે, પછી તે ખાટલો હોય કે પાટલો હોય. જમ્યા પછી પણ પીળા અને ચીકણા હાથ પગ જે કપડું હાથ આવે તેનાથી લૂછે છે. આથી સ્વચ્છતા સચવાતી નથી; જે તે કપડાં અને જગાઓ બગડે છે. માટે દરેક ઘરમાં અવશ્ય એક ટુવાલ અમુક ચોક્કસ જગાએ ટાંગવો જ જોઇએ. તેની પાસે પાણીની બાલદી અને સાબુનો કટકો રહે. હાથ ગંદો થયો એટલે હાથ ધોઇ ટુવાલથી લુવાય. વળી દરેક જણ પોતાના ખિસ્સામાં નાનો એવો રૂમાલ રાખે. નાક સાફ કરીને તે રૂમાલ વાપરે, અગર હરકોઇ કામમાં હાથ જરા મેલા થયા તો તે રૂમાલથી લૂછી નખાય. આપણને પોતાને આની ટેવ પાડતાં વાર લાગશે. બાળકને તો આપણા સારા વાતાવરણમાં રાખવાથી જ તેની છાપ પડશે, ને ધીમે ધીમે તે આપણી જેમ વર્તશે. તેમને આપણે રૂમાલનો ઉપયોગ તો કરી બતાવીએ જ.

૧૬

કુદરતી હાજતોમાં સ્વચ્છતા

સૌથી છેલ્લે આ અતિ મહત્ત્વનો આચાર. આપણે 'અડીશ આભડી'શનાં ઉંધા નિયમો પાળીએ

છીએ; પણ ક્યાં થૂંકવું, ક્યાં પેશાબ કરવો, ક્યાં હગવું, ક્યાં શેડા કાઢવા તેનો જરા પણ વિચાર કરતા નથી. તેમ જ આપણે જાતજાતની શરમ અને સભ્યતાની વાત કરીએ છીએ, પરંતુ ગમે ત્યાં ગમે તેની નજરે પડે તેમ પણ પેશાબ કરતાં કે હગવા બેસી જતાં લજવાતા નથી. આ આપણું મોટામાં મોટું દૂષણ છે. એનું નુકસાન ઘણું જ છે. એ છે ત્યાં સુધી આપણે ઝીણા ઝીણા રોગોમાંથી મુક્ત નથી. એ દૂર નથી કર્યું ત્યાં સુધી આપણી અને જંગલી દશાના લોકો વચ્ચે થોડો જ તફાવત છે. તે આપણને ઉતારી પાડે તેવો છે, કારણ કે આપણે તેમનાથી વધારે ભણેલા છીએ અને વધારે સમજદાર હોવાનો આપણો દાવો છે.

પ્રથમ આપણે દરેક જણ પોતપોતાના ઘરને સંભાળીએ. પરામાં અને આજુબાજુમાં આવી જાતજાતની ગંદકી નાખવા માટે જુદાં અને ચોક્કસ સ્થળો નક્કી કરવાં જોઇએ. આપણે ત્યાં જઇને જ ગંદકી દૂર કરીએ. ગમે તેવી અંધારી રાત હોય કે વરસતો વરસાદ હોય તો પણ ત્યાં જ જઇએ; જરા પણ આળસ ન કરીએ. એ જ રીતે બાળકને શીખે તેવી જગાએ તેમને ગોઠવી આપીએ. તેઓ ત્યાં જ જાય; તેમને ત્યાં જવામાં પડતી

મુશ્કેલીઓ વારંવાર દૂર કરીએ પણ નક્કી કરેલી જગાએ તો જવું જ જોઇએ. આ બાબતમાં હઠ રાખવી. આપણા લોકો દેખાદેખીથી ચડતા નથી પણ પાછા તો જરૂર પડે છે. એક માણસ શહેરમાં દિશાએ બેસે છે એટલે બે સારા માણસો પણ બેસે છે; અને જ્યારે સારા ગણાતા માણસો પણ એમ કરે છે એટલે તો તે કામ જ સારાપણાને જ જાણે કે પામ્યું છે એવી સાર્વત્રિક માન્યતા થાય છે! આપણે આ બાબતમાં મનમાં ખૂબ જવાબદારી રાખવી ઘટે છે. રસ્તામાં જતાં થૂંકીએ નહિ, જ્યાં ઉભા હોઇએ ત્યાં શેડા કાઢીએ નહિ. એ બધું પોતે કરી બતાવી બાળકને કરવા માટે દોરવાનું છે. આપણને મુશ્કેલી છે કારણ કે આપણે આજે ટેવ પાડવી છે, પરંતુ બાળક આગળ તો નાનપણથી આચારોની બીજી ઘણી બાબતો આવે છે તેમ એક આ પણ આવશે, એટલે તે તુરત જ લેશે. આ એક જ આચાર આપણા દેશમાં દાખલ થાય તો પણ મોટો ફાયદો થાય. આપણી આસપાસ જે જગાઓ ગંધાય છે, શેરીઓ સડે છે તે મટી જાય. સ્વચ્છતાનું પ્રમાણ વધવા સાથે સામાન્ય જનતાના આરોગ્યનું પ્રમાણ પણ વધશે.

આ ઉક્ત આચારો દાખલા રૂપ છે. બીજા

નાના મોટા આચારો આ દૃષ્ટિએ વિચારી શકાય. તેવા બધા આચારો ધીમે ધીમે આપણે આપણાં ઘરોમાં દાખલ કરવા આવશ્યક છે. દેશનું એકમ ઘર છે, ને ઘરનું એકમ બાળક છે; માટે આ આચારોમાં બાળકો પલોટાય તે આપણો મુખ્ય ઉદ્દેશ છે.

આ આચારો અપણા ઘરમાં અને બાળકમાં ઉતારવાની આપણે ઇચ્છા રાખીએ અને તે માટે વાતાવરણ રચીએ. પરંતુ ગમે તે પ્રકારે એટલે કે હુકમથી, કાયદાથી, ઇનામ કે શિક્ષાથી આચારો દાખલ કરવાથી લાભ નથી. આપણે આવા આચારો આપણે યોજેલા વાતાવરણમાં બાળકોમાં ઉગાડવા, ઉછેરવા માગીએ છીએ; ઉપરથી લાદવા કે ઠેસાડવા નથી માગતા. આચાર આચારથી દાખલ થઇ શકશે. જો ઉપરથી દાખલ કરીશું તો તે માત્ર બહાર પૂરતા રહેશે; ઢોંગના ઢાંકણ રૂપ થશે; આત્માના છળ તરીકે બનશે; સંસ્કારિતાના ડોળ રૂપ થશે. ખરી સંસ્કારિતા અંદરથી આવે તો જ તેની કિંમત છે. કશું અંદરથી ઉગવા માટે તો અનુકૂળ વાતાવરણ અને અવિરોધ, એ બે જ વાનાં ઉત્તમ સાધન છે.

આપણે પણ આચારને આચાર તરીકે સેવતી

વખતે અને સેવાવતી વખતે તેની પાછળના વિચારને ન ભૂલીએ. એક જૂના ઘરનાં આચારમાં દિશાએ જઇ આવી નહાયા પહેલાં ઘરમાં ન પેસાય એટલું જ નહિ પણ બહાર જ ઉભા રહેવાય, એમ જોવામાં આવ્યું છે. તે આચારમાં ઉછરતા એક બાળકની દયાજનક સ્થિતિ નથી ભૂલાતી. બાળકની માતા ઘરમાં રાંધતી હતી; તેનાથી રાંધતાં રાંધતાં બહાર ન અવાય; તે શેાળે હતી. પિતા તેા પિતા એટલે તેનાથી પખાળાય નહિ. બાળક બહાર ઉભું થઇ રહ્યું. બહાર ઠંડી પડતી હતી; બાળક ધ્રૂજતું હતું. પણ બા રાંધીને કપડું બદલે, પછી પેાતે નહાવાની તૈયારી કરે, પછી બહાર આવીને ધેાવરાવે, ત્યારેના? આનું નામ વિવેક વિનાનેા જડ આચાર! આનું નામ આચારનું અચલાયતન. નવેા આચાર પણ આવેા વેદિયેા આચાર બની જાય–જે આપણે તેની પાછળનેા આપણા અને બાળકેાના હિતનેા વિચાર ભૂલી જઇ આચારના રૂપનેા જ વિચાર કરીએ તેા.

એક વાર આપણે સારા આચારેા પાળતાં થયાં એટલે આપણે એકાએક નાજુક, નાક ટેરવે કે અસહિષ્ણુ (sensitive, touchy, non-forgiving) નથી બનવાનું. બીજામાં તેની ખામી

જોઇ તે ખામી દૂર કેમ થાય તે દયા અને પ્રેમથી બતાવવાનું છે. બાળકમાં તેના અભાવ માટે તેને વઢવાનું કે ધિક્કારવાનું નથી; તેમ જ આપણે પત્થર જેવા બની આચારની પૂંછડીને વળગીને બેસવાનું નથી. આપણે પણ વારંવાર સ્થિતિ સંજોગો પ્રમાણે આચારમાં ફેરફાર કરવાની કળા અને આવડત કેળવવાનાં છે. આપણા આચારો આપણને અનુકૂળ કરી લઇ (adjust) આપણને ચાલતાં આવડવું જોઇએ. આપણો હેતુ સારા આચારોથી આપણાં ઘરો અને સમાજ આખો સ્વચ્છ, સુખી, શાંતિપ્રિય અને વ્યવસ્થિત કરવાનો છે. આચારો પાછળ પડવા જતાં આ ઉદ્દેશ કદી ન ભૂલાય. જ્યારે મુખ્ય ઉદ્દેશને હાનિ પહોંચે ત્યારે આ આચારોને સુદ્ધાં ઉડાડી દઇએ.